
સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સમન્વિત

# સ્વામિનારાયણ પ્રકાશ

વાર્ષિક લવાજમ
રૂ. ૧૨૫/-
**ઓક્ટોબર, ૨૦૨૧**














## સુરેન્દ્રનગર અને ભુજમાં નૂતન બી.એ.પી.એસ. મંદિર સંકુલોના સ્વામીશ્રીના હસ્તે શિલાપૂજન વિધિ...

તાજેતરમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા સુરેન્દ્રનગર તથા ભુજમાં નિર્માણ પામનારાં ભવ્ય શિખરબદ્ધ મંદિર સંકુલોના શિલાપૂજનવિધિ સંપન્ન થયા હતા. આ પ્રસંગે સ્વામીશ્રીએ તા. ૨૭-૮-૨૦૨૧ના રોજ સુરેન્દ્રનગર તથા તા. ૨-૯-૨૦૨૧ના રોજ ભુજ મંદિર સંકુલની શિલાઓનું પૂજન કર્યું હતું. આ ઉત્સવ પ્રસંગે ઉપસ્થિત સુરેન્દ્રનગર તથા ભુજના સંતો-ભક્તો પર સ્વામીશ્રીએ દૃષ્ટિ-આશિષ વરસાવ્યા હતા. તા. ૧૦-૯-૨૦૨૧ના રોજ ગણેશચતુર્થી નિમિત્તે સ્વામીશ્રીએ શ્રી ગણેશજીનું પૂજન પણ કર્યું હતું.

શતાબ્દી પ્રકાશમાળા

સંપાદકીય

# જેમનાં નેણમાં અવિરત છલકતો રહ્યો કરુણાનો મહાસાગર...



અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ એક માર્મિક વાત કહી છે:

‘ભગવાનની દયા તો અપાર છે. ને સર્વ ઠેકાણે ત્યાંથી જ દયા આવી છે...’ (સ્વા.વા. ૧/૧૭૫)

દયા એ પરમાત્માનો અપરિમિત ગુણ છે. ભગવાન શ્રીરામને સંબોધીને અયોધ્યાના નગરવાસીઓ ઉચ્ચારે છે:

‘હેતુરહિત જગ જુગ ઉપકારી...’

એટલે કે હે પ્રભુ! જેઓ કારણ વિના નિઃસ્વાર્થ ઉપકાર કરે છે એવા તો આપ અને આપના સંત છો.

દયા કે પરોપકારનું મહત્ત્વ આંકતાં વિદ્વાનો વ્યાસજીએ લખેલાં અઢાર પુરાણોનો સાર આમ ઉચ્ચારે છે:

‘અષ્ટાદશપુરાણેષુ વ્યાસસ્ય વચનદ્વયમ્, પરોપકારઃ પુણ્યાય પાપાય પરપીડનમ્।

અર્થાત્ વ્યાસજીએ રચેલાં અઢારે પુરાણોનો સાર માત્ર આ બે વચનોમાં આવી જાય છે: પુણ્ય માટે પરોપકાર કરવો અને પાપ માટે બીજાને પીડા આપવી.

તુલસીદાસજી રામચરિતમાનસમાં ભગવાન શ્રીરામના મુખમાં આ શબ્દો મૂકે છે: પરહિત સરિસ ધરમ નહીં ભાઈ! (ઉત્તરકાંડ, ૪૬)

તુલસીદાસજી એક ચોપાઈમાં દયાને ધર્મનું મૂળ કહે છે: ‘દયા ધરમકા મૂલ હૈ, પાપ મૂલ અભિમાન.’

દયા-પ્રેમ-કરુણાનાં એવાં અનેક ઉદાહરણો ભારતીય સંસ્કૃતિએ જગતને પૂરાં પાડ્યાં છે.

શ્રીમદ્ ભાગવતના નવમા સ્કંધમાં વર્ણવાયેલું રંતિદેવ રાજાનું આખ્યાન દયા અને કરુણાનું એક ઉન્નત શિખર દર્શાવે છે. રંતિદેવ એક દાનેશ્વરી અને દયાળુ રાજા હતા. લોકોનાં દુઃખ દૂર કરવા માટે એમણે પોતાની બધી જ રાજ્યસંપત્તિ સમર્પિત કરી દીધી અને અંતે બેહાલ બનીને પરિવાર સાથે વનમાં ભટકી રહ્યા હતા. એક એવો સમય આવ્યો કે તેમને સતત ૪૮ દિવસ સુધી ખાવા-પીવાનું ન મળ્યું. ૪૯મા દિવસે તેમને થોડીક ખીર અને જળ મળ્યાં, પરંતુ એ જ વખતે અતિથિ રૂપે એક બ્રાહ્મણ ભોજનની આહ્લેક લગાવતો આવ્યો. તેમણે બ્રાહ્મણને ભોજન કરાવી દીધું. વધેલાં અન્નમાંથી તેઓ પરિવારમાં વહેંચીને ભોજન માટે મંડાણ કરતા હતા ત્યાં જ એક શૂદ્ર અતિથિ આવ્યો. વધેલાં અન્નમાંથી થોડો ભાગ રંતિદેવે તેને દાનમાં આપી દીધો. એટલામાં કૂતરા સાથે ત્રીજો અતિથિ આવ્યો. તેને પણ ભોજનની અપેક્ષા હતી. રંતિદેવે બાકી બચેલું બધું અન્ન તેને આપી દીધું. એટલું જ નહીં, રંતિદેવે એવા સમયે તેમના પર પ્રસન્ન થયેલા ભગવાન પાસે એટલું જ માંગ્યું કે મારે રાજ્યસંપત્તિ કે મુક્તિ પણ નથી જોઈતાં, મારે તો એટલું જ જોઈએ છે કે સૌનાં દુઃખ દૂર થાય.

આવાં ઉદાહરણો વિશ્વમાં દુર્લભ છે. જ્યારે વ્યક્તિના હૃદયમાં સાચા અર્થમાં દયા, કરુણા, પરોપકાર કે સહાનુભૂતિની લાગણી જન્મે છે, ત્યારે તે બીજાની નિઃસ્વાર્થ ભાવે સેવા કરી શકે છે. સત્તા કે સંપત્તિથી નહીં, પરંતુ હૃદયમાં દયા ધારીને બીજાની એવી નિઃસ્વાર્થ સેવા કરવાથી જ વ્યક્તિ મહાન બને છે.

અમેરિકન ધર્મગુરુ અને અમેરિકાની રાજનીતિમાં નોંધપાત્ર સિદ્ધિ મેળવનાર લોકનેતા માર્ટિન લ્યૂથર કિંગ (જુનિયર) કહે છે:

‘દરેક વ્યક્તિ મહાન બની શકે છે, જો તે બીજાની સેવા કરી શકે તેમ હોય. દયાની ભાવનાથી બીજાને મદદ કરવાના કૉલેજના પ્રમાણપત્રની કોઈ જરૂર નથી, વ્યાકરણનું જ્ઞાન મેળવવાની પણ કોઈ જરૂર નથી. એ

“

**‘આત્મારૂપ થઈને ભક્તિ કરીએ પછી ગમે એટલું માન થાય કે અપમાન, વાંધો જ ન આવે. પ્રસંગ આવ્યે મન ખાટું થઈ ન જાય. જ્ઞાની હોય એ મનથી જ સમાધાન મેળવીને સુખિયો રહે. એને આનંદ ને આનંદ જ રહે..’**

**– પ્રમુખસ્વામી મહારાજ**

”

## ક્રમિકા


૩. શતાબ્દી પ્રકાશમાળા - સંપાદકીય

૭. શતાબ્દી અનુભૂતિ

૮. શતાબ્દી સ્મૃતિ - આપને હું હંમેશાં યાદ કરીશ...

૧૦. શતાબ્દી બોધકથા - ગોવિંદરામ! મેલ પાણી, આપણે ધંધો કરવો નથી...

૧૨. જે પીડ પરાઈ જાણે રે – સાધુ જ્ઞાનાનંદદાસ

૧૯. આજ મારો ઝાલ્યો સ્વામીએ હાથ... – સાધુ જ્ઞાનનયનદાસ

૩૨. સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

સમાચારઃ

- શિકાગો બી.એ.પી.એસ. મંદિરમાં યુવા પ્રવૃત્તિ કેન્દ્રનું ઉદ્‌ઘાટન (૪૦)
- એટલાન્ટા મંદિરમાં નૂતન અભિષેક મંડપનો ઉદ્‌ઘાટનવિધિ (૪૨)
- ઓસ્ટ્રેલિયાના હોબાર્ટ અને પર્થમાં મૂર્તિ સ્થાપનવિધિ ઉત્સવ (૪૩)
- કેનેડામાં ચાર નૂતન બી.એ.પી.એસ. મંદિરમાં ઉજવાયા પ્રાણપ્રતિષ્ઠા ઉત્સવ(૪૪)
- જબલપુર ખાતે મહંત સ્વામી મહારાજની ચિત્રપ્રતિમાનો સ્થાપન ઉત્સવ (૪૭)

૪૯. અભિનંદન-અક્ષરવાસ

૫૦. યોગાસન


માટે તમારી પાસે બે જ ચીજ હોવી જોઈએ – કૃતજ્ઞતાથી ભરેલું હૃદય અને પ્રેમથી છલકાતો આત્મા.’

ટૂંકમાં, દયા એ પૃથ્વી પર વસતા માનવીઓ માટેનો એક અનિવાર્ય ગુણ છે. દયા જ આ ધરતી પર સૌને સુખ અને શાંતિનો અનુભવ કરાવી શકે છે. દયા, કરુણા, પરોપકાર, પરહિત, પરસુખ વગેરે એકબીજાના પર્યાય છે. પરંતુ તેનો સાચો પર્યાય એટલે ભગવાન અને સંત!

જીવ-પ્રાણીમાત્રમાં થોડાઘણા અંશે દયાનો ભાવ રહેલો જ હોય છે, પરંતુ દયા કે કરુણાનો ગુણ તો પૂર્ણપણે અને સોળે કળાએ ત્યાં જ ખીલેલો જોવા મળે જ્યાં સ્વયં ભગવાન હોય અથવા તેમના અખંડ ધારક સંત હોય. ભગવાન શ્રી સ્વામિનારાયણ દયા અને કરુણાની સાક્ષાત્ પ્રતિમૂર્તિ હતા. હકીકતે તો આ પૃથ્વી પરનું તેઓનું પ્રાગટ્ય એ જ તેમની સૌથી મોટી કરુણાનું ઉદાહરણ છે.

માત્ર ૨૧ વર્ષની ઉંમરે સંપ્રદાયની ધર્મધુરા એમણે સંભાળી ત્યારે તેઓએ રામાનંદ સ્વામી પાસે જે પ્રાર્થના ઉચ્ચારી હતી તેમાં એમની દયા-કરુણાનો પૂર્ણ પરિચય થાય છે. તેઓએ માંગ્યું હતુંઃ

‘ભક્તના ભાગ્યમાં એક વીંછી કરડ્યાની વેદના લખી હોય તો ભક્તને બદલે એ પીડા મને રુંવાડે રુંવાડે કરોડગણી થાય, પરંતુ ભક્તને કોઈ પીડા ન થાય. અને ભક્તના ભાગ્યમાં રામપાત્ર માંગી ખાવાનું લખ્યું હોય તો એ રામપાત્ર મારા ભાગ્યમાં આવે, પણ એ ભક્તને અન્ન-વસ્ત્રે કરીને કોઈ દુઃખ ન રહે.’

ભક્ત તો બરાબર, પરંતુ વનસ્પતિના એક છોડને પણ દુઃખ ન થાય તે માટે ભગવાન સ્વામિનારાયણે જગન્નાથપુરીમાં કેટલી મોટી આપત્તિ વહોરી લીધી હતી! ત્યારે તેમની ઉંમર હતી માત્ર ૧૫-૧૬ વર્ષની!

નીલકંઠ વર્ણી વેશે જગન્નાથપુરીમાં ઈન્દ્રદ્યુમ્ન સરોવરની પાસે તેઓ નિવાસ કરીને રહ્યા હતા ત્યારે કેટલાક વૈરાગી બાવાઓએ તેમને ભાજી તોડી લાવવાનું કહ્યું, તેનો ઉલ્લેખ કરતાં વચનામૃતમાં તેઓ કહે છેઃ

“એક સમે નાગડા બેરાગીની જમાત ભેળો હતો. તે મને સર્વે બેરાગીએ કહ્યું જે, ‘તાંદળજાની લીલી ભાજી તોડો.’ ત્યારે મેં કહ્યું જે, ‘એમાં તો જીવ છે તે અમે નહીં તોડીએ.’

પછી એક જણે તલવાર ઉઘાડી કરીને ડારો કર્યો તો પણ અમે લીલી ભાજી ન તોડી, એવો અમારો દયાવાળો સ્વભાવ છે.” (ગઢડા મધ્ય ૬૦)

આવી દયાના કારણે જ ૧૫-૧૬ વર્ષના એ બાળયોગી નીલકંઠે એક અજાણ્યા બીમાર સાધુ સેવકરામની સેવાનું કેવું આદર્શ ઉદાહરણ પૂરું પાડ્યું છે. તેઓ વચનામૃતમાં કહે છેઃ

“અમે વેંકટાદ્રિથી સેતુબંધ રામેશ્વર જતા હતા ત્યાં એક સેવકરામ નામે સાધુ હતો. તેની ચાકરીનો કરનારો કોઈ નહીં માટે રોવા લાગ્યો. પછી તેને અમે કહ્યું જે, ‘કાંઈ ચિંતા રાખશો મા, તમારી ચાકરી અમે કરીશું.’ પછી ગામને બહાર એક કેળાંની ફૂલવાડી

હતી તેમાં એક વડનો વૃક્ષ હતો તે વડના વૃક્ષને વિષે હજાર ભૂત રહેતાં. પણ તે સાધુ તો ચાલી શકે એવો રહ્યો નહીં અને અતિશય માંદો થયો, તે ઉપર અમને અતિશય દયા આવી. પછી તે ઠેકાણે અમે તે સાધુને કેળનાં પત્ર લાવીને હાથ એક ઊંચી પથારી કરી આપી. અને તે સાધુને લોહીખંડ પેટબેસણું હતું તેને અમે ધોતા અને ચાકરી કરતા. અને તે સાધુ પોતાને જેટલું જોઈએ તેટલું અમારી પાસે ખાંડ, સાકર, ઘી, અન્ન તે પોતાના રૂપિયા આપીને મંગાવતો તે અમો લાવીને રાંધી ખવરાવતા અને અમો વસ્તીમાં જઈને જમી આવતા. અને કોઈક દિવસ તો અમને વસ્તીમાં અન્ન મળતું નહીં ત્યારે અમારે ઉપવાસ થતો તો પણ કોઈ દિવસ તે સાધુએ અમને એમ કહ્યું નહીં જે, 'અમ પાસે દ્રવ્ય છે તે આપણે બેને કાજે રસોઈ કરો અને તમે પણ અમ ભેળા જમો.' પછી એમ સેવા કરતે થકે તે સાધુ બે માસે કાંઈક સાજો થયો.''(ગઢડા પ્રથમ પ્રકરણ ૧૦)

એકવાર ચીનના એક સમ્રાટે મહાત્મા કન્ફ્યુશિયસને પૂછ્યું: 'સૌથી મહાન કોણ છે?'

કન્ફ્યુશિયસે કહ્યું: 'સૌથી મહાન તો આપ છો.'

સમ્રાટે પૂછ્યું: 'શા માટે?'

મહાત્માએ કહ્યું: 'કારણ કે તમને સત્યને જાણવાની જિજ્ઞાસા છે.'

રાજાએ પૂછ્યું: 'પણ મારાથી મહાન કોઈ છે?'

મહાત્માએ કહ્યું: 'હા, હું છું.'

'કારણ?'

મહાત્માએ કહ્યું: 'કારણ કે હું સત્યને ચાહું છું.'

સમ્રાટે પૂછ્યું: 'અને તમારાથી પણ મહાન કોઈ છે?'

થોડે દૂર કૂવો ખોદી રહેલી એક વૃદ્ધ મહિલા તરફ નિર્દેશતાં કહેવા લાગ્યા: 'આ વૃદ્ધા મારા કરતાં પણ મહાન છે, કારણ કે તે બીજા લોકો માટે કૂવો ખોદી રહી છે. જે વ્યક્તિ સ્વાર્થ માટે નહીં, પરંતુ બીજા લોકોની મદદ માટે કે બીજા લોકોનાં દુઃખ દૂર કરવા માટે મહેનત કરે છે તે સર્વથી શ્રેષ્ઠ છે.'

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ એ કક્ષાએ બિરાજતા હતા. તેઓ સત્યને જાણતા હતા, સત્યને ચાહતા હતા, એટલું જ નહીં, સત્ય એવા આત્મા ને પરમાત્માનો સાક્ષાત્કાર હોવા છતાં તેઓ જીવનભર નાનામાં નાની વ્યક્તિનાં દુઃખ દૂર કરવા માટે પરિશ્રમ કરતા રહ્યા. જાતે દુઃખ અને કષ્ટો વેઠીને તેઓ બીજાના ભલા માટે પોતાની જાતને સમર્પિત કરી રહ્યા હતા. પ્રમુખસ્વામી મહારાજને નીરખનાર અનેક લોકોએ તેમની પળેપળમાં રંતિદેવની અનુભૂતિ કરી છે. સ્વામીશ્રીએ જીવનભર બીજાંનાં દુઃખ દૂર કરવા માટે તેમનાં કષ્ટો પોતાના માથે લઈ લીધાં હતાં.

બોચાસણમાં એક વખત કોઈ કે પ્રમુખસ્વામી મહારાજને પૂછ્યું: 'આપ આખો દિવસ લોકોનાં દુઃખો દૂર કરો છો અને લોકોના પ્રશ્નો જ ઉકેલ્યા કરો છો તો પછી આપ ભજન ક્યારે કરો છો?' ત્યારે પ્રમુખસ્વામી મહારાજ




गुणातीतोऽक्षरं ब्रह्म भगवान् पुरुषोत्तमः।
जनो जानन्निदं सत्यं, मुच्यते भवबन्धनात्॥

**સ્વામિનારાયણ પ્રકાશ**

**સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**

**વર્ષ : ૮૩, અંક : ૧૦, ઑક્ટોબર, ૨૦૨૧**

**સંસ્થાપક:** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી
**પોષક :** બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક 'સ્વામિનારાયણ પ્રકાશ' બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી દ્વારા સ્થાપિત 'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા' ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી 'સ્વામિનારાયણ પ્રકાશ'માં સંમિલિત કરવામાં આવ્યું છે.

**પ્રકાશક** : સ્વામિનારાયણ અક્ષરપીઠ
**તંત્રી** : સાધુ સ્વયંપ્રકાશદાસ
**પરામર્શકો** : સાધુ ઈશ્વરચરણદાસ, સાધુ વિવેકસાગરદાસ
**સંપાદકો** : સાધુ અક્ષરજીવનદાસ, સાધુ અક્ષરવત્સલદાસ
**કલાનિર્દેશક** : સાધુ શ્રીજીસ્વરૂપદાસ
**વ્યવસ્થાપક:** સાધુ નિખિલેશદાસ
**મૂળ વાર્ષિક લવાજમ** : રૂા. ૧૯૦/-
**ઘટાડેલું લવાજમ** : રૂા. ૧૨૫/-
**પરદેશમાં લવાજમ** : £ ૧૫ (યુરોપ)
: $ ૨૫(યુ.એસ.એ.)

લેખો અંગે પત્રવ્યવહાર:

**prakash@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' સંપાદન કાર્યાલય,**
સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

લવાજમ અંગે પત્રવ્યવહાર:

**magazines@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' લવાજમ કાર્યાલય,**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ-૪.**

**Website:**
**www.baps.org, magazines.baps.org**

સહજતાથી બોલી ઊઠ્યા હતાઃ 'ભક્તિ તો અખંડ કરીએ છીએ, પળેપળે ભગવાનને યાદ કરીએ છીએ પણ સાથે સાથે સમાજનું પણ સંભાળીએ છીએ. દુખિયારાઓનાં દુઃખ દૂર કરવા તો સાધુ થયા છીએ!' આ હતી પ્રમુખસ્વામી મહારાજની નિતાંત કરુણા! આ હતો તેમના જીવનનો ધ્યેય!

તેનો એક અસાધારણ અનુભવ સન ૧૯૯૮માં થયો હતો. દિવસ હતો ૧૫મી જુલાઈનો. પ્રમુખસ્વામી મહારાજના હૃદયની ગંભીર બાયપાસ સર્જરી થયાને એકાદ અઠવાડિયું થયું હતું. બપોરના આરામ પછી સ્વામીશ્રી જાગ્રત થયા ત્યારે સેવકોએ આછાં અજવાળાંમાં જોયું કે સ્વામીશ્રીનું ઓશીકું, ગાતરિયું, અધોવસ્ત્ર અને ચાદર પણ રક્તરંજિત ભીનાશથી ભીની બની ગઈ હતી. સૌ ચોંક્યા. તપાસ કરતાં જણાયું કે હૃદયનું ઑપરેશન કરતી વખતે પેટમાં તબીબોએ છાતીની નીચેના ભાગમાં નળીઓ નાંખી હતી, તે પૈકી જમણી બાજુના પડખાના કાણામાંથી લાલ પ્રવાહીની સરવાણી વહી રહી હતી. તાત્કાલિક એ ભીનાં વસ્ત્રો બદલ્યાં. દોડાદોડી થઈ ગઈ. સૌ ફોન ઉપર વ્યસ્ત થઈ ગયા. ડૉક્ટરોની સૂચના મુજબ X-Ray પડાવવાનું નક્કી થયું. સૌ ચિંતિત હતા, પરંતુ સ્વામીશ્રી તો સ્વસ્થ હતા. આ બધું કરવામાં છ તો વાગી ગયા હતા, ઘણી ક્લિનિકો બંધ થઈ ગઈ હતી. અંતે એક ગુણભાવીને ત્યાં X-Rayનું નક્કી કર્યું. ૭-૧૫ વાગે સ્વામીશ્રી નીકળ્યા. એકાદ કલાકે ન્યૂયોર્કના ક્વીન્સ વિસ્તારમાં 'સ્પોર્ટ્સ મૅડિસિન એન્ડ ફિટનેસ સેન્ટર'માં સ્વામીશ્રી પહોંચ્યા. અત્રે 'અમેરિકન ઓપન એમ.આર.આઈ. સેન્ટર'માં બેઝમેન્ટમાં આવ્યા. ગણતરીની પળોમાં જ ડૉક્ટર આવી ગયા. ખૂબ ઝડપથી તેઓ કામે લાગી ગયા. ઝડપથી X-Ray લઈને તેમણે ફટાફટ નિર્ણયો આપવા માંડ્યા. એક્સ-રેમાં, તેમને જણાયું કે હજુ પેટમાં ૧૦૦૦ સીસી જેટલું પાણી છે. તાત્કાલિક સ્વામીશ્રીના હૃદયની બાયપાસ સર્જરી કરનાર ડૉ. સુબ્રહ્મણ્યમ્ સાથે ફોન જોડીને આગળની કાર્યવાહી નક્કી કરી. એટલીવારમાં એક્સ-રે વિભાગમાં બેઠેલા સ્વામીશ્રીનાં વસ્ત્રો છાતીની નીચેના ભાગમાંથી વહી રહેલા રક્ત પ્રવાહીથી પુનઃ ભીનાં થઈ ગયાં હતાં. વસ્ત્રો ત્યાં જ બદલાવ્યાં. સ્વામીશ્રીને શરીરમાં ઝીણો તાવ પણ હતો. તેમના શરીરમાં કેટલી વેદના થતી હશે તેની કોઈ કલ્પના આવતી નહોતી.

આવા સંજોગોમાં આ વિશાળ લૅબોરેટરીના ભારતીય માલિકોની ઈચ્છા હતી કે સ્વામીશ્રી તેમના અન્ય વિભાગોમાં પધારીને બધું પ્રસાદીભૂત કરે. સેવકો આનાકાની કરી રહ્યા હતા, પરંતુ સ્વામીશ્રી એવા સંજોગોમાં પણ પધરામણી માટે તૈયાર થઈ ગયા. વ્હીલચૅરમાં બેસાડીને તેઓને એક પછી એક ખંડમાં લઈ જવાયા. છેવટે આવેલા ખંડમાં ઠાકોરજીને M.R.I.ના જંગી મશીન પર પધરાવ્યા. પછી જાતે જ 'જય મહારાજ... સ્વામી...' બોલતાં તાળી પાડી ધૂન બોલવા લાગ્યા. શુભ સંકલ્પની કરુણા અનાયાસે વરસવા લાગીઃ 'અહીં જે કોઈ આવે એ સાજા થઈ જાય, સૌનું કલ્યાણ થાય!' સ્વામીશ્રી માંદગીની આવી ગંભીર પળોમાંય પરોપકાર અર્થે ભદ્ર સંકલ્પો કરી રહ્યા હતા. પોતાની આવી અસહ્ય પરિસ્થિતિમાં પણ તેઓ બીજાના માટે પ્રાર્થના કરવા લાગ્યા. સૌ સાક્ષીઓ તેમને વંદી રહ્યા.

આ હતી પ્રમુખસ્વામી મહારાજની અપરંપાર કરુણા.

જીવનભર બીજાના માટે ઘસાઈ છૂટનાર પ્રમુખસ્વામી મહારાજે ક્યારેય પોતાનો વિચાર કર્યો નથી. કારણ કે તેમના સમગ્ર જીવનના કેન્દ્રમાં એમણે પોતાને નહીં, પરંતુ પરમાત્માને અને પરને રાખ્યા હતા. જીવનની ગંભીર સ્થિતિમાં પણ તેમણે હંમેશાં પોતાનો નહીં, બીજાનો વિચાર કર્યો છે.

જેમ જેમ પ્રમુખસ્વામી મહારાજની એ કરુણામયી આંખો અને છબિનું ચિંતન કરીએ છીએ, તેમ તેમ એમ લાગે છે કે એમનામાં રહીને સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણ આ પૃથ્વી પર સૌ પર અકારણ કરુણા વરસાવી રહ્યા હતા. આજે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં દર્શન કરતાં એ જ કરુણાભાવનાની અનુભૂતિ થાય છે.

'સ્વામિનારાયણ પ્રકાશ'નો આ અંક બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની એ કરુણામયી છબિનું એક દર્શન કરાવે છે.

તેઓના શતાબ્દી પર્વે એમની એ કરુણાગંગામાંથી આચમન કરીને આપણે પણ ધન્ય થઈએ...

– સાધુ અક્ષરવત્સલદાસ ◆

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી વર્ષે તેઓની પ્રેરક અનુભૂતિઓ...

# શતાબ્દી અનુભૂતિ

પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ

## પ્રમુખસ્વામી મહારાજ: જેમનાં દર્શનથી અંતરમાં શાંતિ થાય છે...




**સ્વામી શ્રી બાલગંગાધરનાથજી**
(અધ્યક્ષ,
આદિ ચુનચુનગિરિ મઠ, કર્ણાટક)

જગતમાં પ્રમુખસ્વામી મહારાજ એક જ એવું ઉદાહરણ છે કે જેઓએ આટલાં બધાં મંદિરો બાંધ્યાં હોય અને આવા સંતો કર્યા હોય. તેઓની આ બહુ જ મોટી ભેટ છે. ઋષિમુનિઓએ ગ્રંથો દ્વારા જે આપ્યું છે એને પ્રમુખસ્વામીજીએ સાકાર કર્યું છે. ભગવાનના અવતાર હોય એ જ આવું કાર્ય કરી શકે.

ગીતામાં કહ્યું છે - आत्मवत् सर्वभूतेषु यः पश्यति स पश्यति। સ્વામીજી એ કરી રહ્યા છે. સૌને પ્રેમ આપીને આટલા બધા માણસોને ખેંચવા એ બહુ જ મોટી વાત છે. તેઓ ગામડે ગામડે જઈને સામાન્યમાં સામાન્ય માણસોને પણ મળે છે. તેમના આ જનસંપર્કના કાર્યથી હું ખૂબ જ પ્રભાવિત છું. હિંદુધર્મ ને જગત માટે તેમણે શાશ્વત અને અદ્ભુત કાર્ય કર્યું છે. ભગવાન સાક્ષાત્ સ્વરૂપે તેમનામાં રહીને કાર્ય કરી રહ્યા છે. તેઓનાં દર્શન કરું છું ત્યારે સાક્ષાત્ ભગવાનનાં દર્શન થતાં હોય એવું અનુભવું છું. આવા મહાન હોવા છતાં તેમનામાં જે સરળતા અને બધા સદ્‌ગુણો છે તે જોઈને અંતરમાં ખૂબ શાંતિ થાય છે. આવા સત્પુરુષનાં દર્શન થવાં એ સહેલું નથી. ◆

## કુશળ યોજના, વ્યવસ્થા, ભક્તિનો સમન્વય



**સ્વામીશ્રી ચિન્મયાનંદ સરસ્વતીજી**
(સંસ્થાપક,
ચિન્મય મિશન, મુંબઈ)


આધ્યાત્મિક પ્રગતિ તો જેની પાસે ભગવાન હોય એવા મહાપુરુષના સંબંધથી જ સાધી શકાય. પ્રમુખસ્વામી મહારાજ એવા મહાપુરુષ છે. તેમનો આધ્યાત્મિક પ્રસંગ થાય તો જગત તરફથી વૃત્તિઓ પાછી વળી જાય, એવા એ મહાપુરુષ છે.

કુશળ યોજના, વ્યવસ્થાશક્તિ અને ભક્તિ અહીં દેખાય છે. પ્રમુખસ્વામીએ જબરદસ્ત યુવાશક્તિ ઊભી કરી છે.

તેઓ સમાજને આધ્યાત્મિક રીતે સમૃદ્ધ બનાવવાનું કાર્ય કરી રહ્યા છે. ◆

શતાબ્દી સ્મૃતિ

પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ



# આપને હું હંમેશાં યાદ કરીશ...

તા. ૨૦ માર્ચ, ૧૯૮૬નો દિન હતો.

ભારતના મહામહિમ રાષ્ટ્રપતિ શ્રી જ્ઞાની ઝૈલસિંઘજીના ખાસ નિમંત્રણથી પ્રમુખસ્વામી મહારાજ રાષ્ટ્રપતિ ભવનમાં પધરામણીએ પધાર્યા હતા.

થોડા દિવસો પહેલાં તા. ૧૨ ડિસેમ્બરે, ૧૯૮૫ના રોજ અમદાવાદમાં સ્વામીશ્રીના નિમંત્રણથી ગુણાતીતાનંદ સ્વામી દ્વિશતાબ્દી મહોત્સવના મુખ્ય અતિથિ તરીકે તેઓ પધાર્યા ત્યારે જાહેરમાં સંબોધતાં તેમણે કહ્યું હતુંઃ हमारे देश में हो गए अवतार, ऋषि-मुनि और महात्माओं जैसा आदर्श जीवन जो किसी ने कायम रखा हो तो वे प्रमुखस्वामीजी जैसे पुरुष ही हैं। उनमें एक आकर्षण-शक्ति है, जिसकी वजह से लोग आकर उनकी बात को सुनते भी हैं और मानते भी हैं। सरकार को उनकी ज़रूरत है, इनको सरकार की ज़रूरत नहीं है। मैं देख रहा हूँ कि स्वामीजी के मन में अहंकार नहीं है। न काम, न क्रोध; न लोभ, न मोह; न भोग, न भय। इस अवस्था पर मनुष्य पहुँच जाता है तो वो जीवन्मुक्त होता है। स्वामीजी गरीबों के घर में भी जाते हैं। कुछ तो ऐसे महापुरुष होते हैं जो अमीरों के होते हैं...' રાષ્ટ્રપતિજીના મન પર સ્વામીશ્રી પ્રત્યે છવાયેલો આ સદ્‌ભાવ જ આજની આ રાષ્ટ્રપતિ ભવનની મુલાકાતનું કારણ હતું.

આજે સ્વામીશ્રીની ગાડી જ્યારે રાષ્ટ્રપતિ ભવનના દરવાજે પહોંચી ત્યારે ત્યાં ઊભેલા દરવાનીએ દિશાદર્શન આપ્યું તે મુજબ તેઓ આગળ વધ્યા. અહીં એક નિશ્ચિત સ્થળે આ વિશાળ પરિસરની સુરક્ષા સંબંધી ગતિવિધિઓમાંથી પસાર થવાનું સૌ માટે ફરજિયાત હતું, પરંતુ સ્વામીશ્રીને ખાસ અતિથિ તરીકે સીધો જ પ્રવેશ અપાયો. આ સમયે ઠાકોરજી લઈને સાથે રહેલા મહંત સ્વામી અને સ્વામીશ્રી રાષ્ટ્રપતિની ખાસ લિફ્ટ દ્વારા પહેલા માળે એક કક્ષમાં પહોંચ્યા અને ત્યાં બપોરે ૧:૦૨ વાગ્યે રાષ્ટ્રપતિજી સાથે ઉષ્માસભર મિલન યોજાયું. સ્વામીશ્રીએ પ્રાસાદિક હારથી રાષ્ટ્રપતિને સન્માન્યા. રાષ્ટ્રના આ પ્રથમ નાગરિકે પણ સ્વામીશ્રીનો સ્વાગતોપચાર કરી જણાવ્યું : 'आप मानवता की और खास तौर पर भारत की इतनी सेवा कर रहे हैं कि लोगों के जीवन में अवश्य ही इन्कलाब आयेगा। यह सारा परिवर्तन सरकार नहीं ला सकती।'

'यह सब भगवान की प्रेरणा से हो रहा है।' સ્વામીશ્રી બોલ્યા.

પરંતુ તેઓની પરખ કરી ચૂકેલા 'જ્ઞાની' રાષ્ટ્રપતિએ કહ્યુંઃ 'भगवान की प्रेरणा तो है ही, फिर भी आत्मिक शक्ति किसी की होती है। लाखों लोगों के बीच में लैक्चर देनेवाले तो बहुत हैं, लेकिन उसकी कोई भी नहीं मानता है।'

આ અહોભાવ સાથે બાવીસ મિનિટ સુધી સ્વામીશ્રીનો સત્સંગ માણનારા તેઓએ કીર્તન



પ્રમુખસ્વામી મહારાજ પ્રત્યે અપાર આદર અને પ્રેમથી છલકાતા રાષ્ટ્રપતિશ્રી જ્ઞાની ઝૈલસિંઘે સ્વામીશ્રીને રાષ્ટ્રપતિ ભવનમાં સન્માન્યા અને સ્વામીશ્રીએ તેમને માળા આપી ત્યારે તેમણે કહ્યું: 'હું આ માળા ફેરવતી વેળાએ ભગવાનની સાથે આપને પણ યાદ કરીશ.'

સાંભળવાની ઇચ્છા પ્રગટ કરતાં યોગીચરણદાસ સ્વામીએ 'સુમિરન કર લે…' ભજન ગાયું. આ કીર્તનગાન બાદ સ્વામીશ્રી રાષ્ટ્રપતિને સુખડની માળા આપતાં બોલ્યા: 'हम साधु हैं। आपको माला देते हैं। उससे आप भगवान का स्मरण करना।'

'हम भगवान को तो याद करेंगे ही, लेकिन आपको भी मैं याद करूँगा।' રાષ્ટ્રપતિનો પ્રેમ આમ છલકાઈ ઊઠ્યો.

આમ, રાષ્ટ્રપતિજી સાથેના ઉષ્માભર્યા આ મિલન બાદ સ્વામીશ્રીએ વિદાય થવા માટે ચરણ ઉપાડ્યા ત્યારે રાષ્ટ્રના આ સર્વોચ્ચ વડા સ્વામીશ્રીને વળાવવા સાથે આવ્યા. આ રીતે અતિથિને વિદાય આપવા જવું એ રાષ્ટ્રપતિનો શિરસ્તો નથી. છતાં સ્વામીશ્રી વિષે અપાર આદર અનુભવી રહેલા શ્રી ઝૈલસિંઘ દેશના સર્વોત્તમ પદના 'પ્રોટોકોલ'ને ઉવેખીને પગલાં ભરવા માંડ્યાં અને લિફ્ટમાં પણ સ્વામીશ્રીની સાથે જ નીચે આવ્યા. નીચે ઊતર્યા પછીયે રાષ્ટ્રપતિશ્રી છેક ગાડી સુધી ભેગા રહ્યા. એટલું જ નહીં, સ્વામીશ્રી વિદાય થયા ત્યારપછી પણ તેઓ ત્યાં જ ઊભા રહ્યા. રાષ્ટ્રપતિ ભવનમાં ઘૂમરાતી રહેતી રાજકીય આબોહવામાં આજે તેઓ સ્વામિનારાયણીય સાધુતાની સુગંધને માણી રહ્યા!

આમ, રાષ્ટ્રપતિની ઉષ્માસભર વિદાય લઈ નીકળેલા સ્વામીશ્રી આ ભવ્ય સંકુલના મુખ્ય પ્રવેશદ્વારે થોભ્યા અને દરવાનીને યાદ કરતાં તેમને માટે ખાસ ગાડી થોભાવી, તેનું અભિવાદન ઝીલ્યું, સ્વામીશ્રીએ તેનો આભાર માન્યો અને એને પ્રસાદ અને મૂર્તિ ભેટમાં આપી આશીર્વાદ આપ્યા. તે વખતે ચોકિયાત ગદ્‌ગદ થઈ ગયો. આ રાષ્ટ્રપતિ ભવનમાં આવનારા અનેક ધુરંધર મહાનુભાવોમાંથી કોઈએ પણ આવો સંવાદ હજી સુધી સાધ્યો નહોતો. આ 'ભવન'ના ઇતિહાસમાં પહેલી જ વાર એવી ઘટના નોંધાતી હતી કે જેમાં રાષ્ટ્રપતિને મળેલા અતિથિ ત્યાંથી વિદાય લઈ તરત જ તેઓના દરવાનીને પણ એટલી જ પ્રેમસભર ઉષ્માથી મળી રહ્યા હોય!

તેથી અનેક અતિથિઓ માટે દરવાજાની ઉઘાડ-બંધ કરનારા આ દરવાનીના દિલના દરવાજા આજે ખૂલી ગયા. તેમાં સ્વામીશ્રી પ્રવેશી ગયા. રાષ્ટ્રપતિની જેમ તેનું અંતર પણ બોલી રહ્યું : 'आपको मैं याद करूँगा…'

સ્વામીશ્રીના આ સ્નેહ-સમતાને નિહાળનારા પ્રત્યેક સહવાસી પણ બોલી ઊઠ્યા: 'आपको मैं याद करूँगा…' ◆

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી વર્ષે તેઓની પ્રેરક બોધ-સ્મૃતિઓ...

શતાબ્દી બોધકથા

100 પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ

# ગોવિંદરામ! મેલ પાણી, આપણે ધંધો કરવો નથી...


બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ હળવી શૈલી અને સરળ શબ્દોમાં એવી રીતે ઉપદેશગંગા વહાવતા કે જેમાં સહજતાથી સૌને બોધ મળી જતો. અહીં પ્રસ્તુત છે એવી એમની એક પ્રાસાદિક બોધકથા. આ બોધકથા તેઓ લડાવીને એવી રીતે રજૂ કરતા કે સૌ હસી હસીને બેવડ વળી જતા. સ્વામીશ્રીની શતાબ્દીના પર્વે શતાબ્દી પ્રકાશ-માળામાં તેઓની બોધકથા માણીએ...

સ્વામિનારાયણ ભગવાનના સમયમાં મયારામ ભટ્ટ નામના ભક્તરાજ હતા. તેમને રામાનંદ સ્વામીના વખતનો સત્સંગ. તેના ભાઈ ગોવિંદરામ. બેય ભાઈઓ ભેગા થયા ને વિચાર કર્યો કે અત્યાર સુધી લોટ માંગી ખાધો. એમાં કંઈ ભેગું થતું નથી. કાયમ 'દયા પ્રભુની...' કરીએ એમાં જીવન જાય નહીં. એટલે કંઈક વેપાર કરીએ તો પૈસા ભેગા થાય. એક તો બ્રાહ્મણ, પાછા ભણેલા. જ્યોતિષ પણ જાણે. એટલે ફલાણું મૂરત ને ફલાણી ગ્રહપનોતી... એવા કેટલી જાતના વિચાર કર્યા. એમાં સવારે કૂકડો બોલ્યો.

મયારામ કહે: 'લ્યા! આ શું?' તો ગોવિંદરામ કહે: 'આ તો કૂકડો બોલ્યો.'

'એમ ?!' મયારામ કહે: 'આ હજી વેપાર નથી કર્યો ને રાત આખી ગઈ, તો વેપાર કરશું તો શું થશે? માટે ગોવિંદરામ! મેલ પાણી. આપણે ધંધો કરવો નથી. આપણે જે છે એ સારું છે. નકામો ઉજાગરો તો નહીં. ભજન થાય ને મહેનત કરીને જે મળે એ ખઈને સુખી રહેવું. જરૂર છે એટલી માથાકૂટ કરવી.'

એમ કહીને ધંધો કરવાનું માંડી વાળ્યું. એમ, વાત વાતમાં બહુ ઊંડા ઊતરી જાઓ તો ભગવાન ભજવાનું રહી જાય. પથારી કરવામાં સવાર પડે તો સૂવું ક્યારે? ઘણા લોકો વિચાર કરવામાં જ જીવન પૂરું કરે ને પછી જે કરવાનું છે એ રહી જાય. મયારામને રામાનંદ સ્વામીનો સત્સંગ હતો એટલે પાછા વળી ગયા. સત્સંગ ન હોય તો 'હાર્યો જુગારી બમણું રમે' એવું થાય. જે સમજુ હોય એને ભગવાન ભજવાનો સમય જતો હોય તો તરત ખબર પડે કે આમાં ઊંડા ઊતરવા જેવું નથી. શાંતિથી જે વખતે જે સ્થિતિમાં ભગવાન રાખે એમાં રહેવું. બાકી ગમે એટલું કરીએ સુખ શાંતિ નથી. સંસારની ભૂલવણીમાં પડ્યા છીએ. પણ સાચા સંતના સત્સંગથી સાચો રસ્તો મળી જાય છે. એમની પાસેથી આધ્યાત્મિક માર્ગ પ્રાપ્ત થાય છે. એમનું જેટલું સેવન કરશું એટલું જીવનનું કાર્ય સફળ થશે. ◆





## આધ્યાત્મિક પ્રેરણા આપતાં ગુજરાતી અને અંગ્રેજી નૂતન ઓડિયો પ્રકાશનો




ભગવાન શ્રી સ્વામિનારાયણના પાંચમા આધ્યાત્મિક અનુગામી વિશ્વવંદનીય સંતવિભૂતિ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની દિવ્ય જીવનગાથાનું આચમન કરાવતી ગ્રંથશ્રેણીના પાંચ ભાગના ઓડિયો પ્રકાશનો પ્રકાશિત થઈ ચૂક્યાં છે. સાથે સાથે પ્રમુખસ્વામી મહારાજના સંક્ષિપ્ત પરિચયાત્મક પુસ્તક અને 'રાજીપો' વિષયક અંગ્રેજી પુસ્તકોની પણ ઓડિયો બુક સ્વામિનારાયણ અક્ષરપીઠ દ્વારા પ્રકાશિત થઈ ચૂકી છે.

**'અક્ષર અમૃતમ્'** એપ પર
આ ઓડિયો બુક્સને નિઃશુલ્ક માણો.







## ભગવાન શ્રી સ્વામિનારાયણનાં વચનામૃત વિષયક પ્રેરક પ્રકાશનોની શ્રેણી...

ભગવાન શ્રી સ્વામિનારાયણનાં અમૃતવચનોનો અજોડ ગ્રંથ એટલે વચનામૃત.
આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવા ઇચ્છતા કોઈપણ મુમુક્ષુ માટે એક અનિવાર્ય ગ્રંથ.
તેમાં આધ્યાત્મિક માર્ગે મુમુક્ષુને ઉદ્‌ભવતા પ્રશ્ન માત્રનું સર્વોત્તમ સમાધાન છે.
આવો, વિવિધ દૃષ્ટિકોણથી વચનામૃતનું આચમન કરાવતી આ પુસ્તિકા-શ્રેણીને માણીએ અને વચનામૃતના મર્મને જાણીને આપણા જીવનને ભક્તિમય બનાવીએ...





# ૭

# પીડ પરાઈ જાણે રે...

*પાંચસો વર્ષ પહેલાં નરસિંહ મહેતાએ આદર્શ ભક્ત કે સંતના ગુણાનુવાદ અને લક્ષણોનું ગાન કરતાં લખ્યું છે: 'વૈષ્ણવ જન તો તેને રે કહીએ, જે પીડ પરાઈ જાણે રે...' પારકાની પીડાથી જેનું માખણસમ હૈયું દ્રવી જાય અને એ પીડાને દૂર કરવા માટે પોતાનું સર્વસ્વ કુરબાન કરી દે તેનું નામ સંત. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ એટલે એવા એક કરુણામૂર્તિ સંત. પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણની કરુણાનો ખરો વારસો તેમણે દીપાવ્યો હતો. 'કોઈને દુખિયો રે, દેખી ન ખમાયે; દયા આણી રે, અતિ આકળા થાયે...' ભગવાન શ્રી સ્વામિનારાયણ માટે લખાયેલી આ પંક્તિ તેમના ધારક પ્રમુખસ્વામી મહારાજમાં પણ એવી જ પ્રતિબિંબિત થતી હતી. અહીં એ કરુણામૂર્તિની દિવ્ય છબિનું એક આલેખન છે...*

■ સાધુ જ્ઞાનાનંદદાસ

વાત આજથી બસો વર્ષ પહેલાંની છે.

સૌરાષ્ટ્રના સારંગપુર ગામે મધરાતે મૂશળધાર વરસાદ વરસી રહ્યો હતો. વીજળીના કડાકા ને ભડાકા વચ્ચે ત્રાટકેલા વરસાદથી ગાર-માટીનાં ઘરોનાં મૂળિયાં હચમચવા મંડ્યાં હતાં. એવામાં એક કારમી ચીસ સંભળાઈઃ

''એ ભગવાન! બચાવો... દોડો... દોડો... મારાં છોકરાં તથા ઢોરાં બધાં મરી જશે... બચાવો... ભગવાન, બચાવો...''

અંધારી રાતને ચીરતી ચીસ ચોગરદમ ફરી વળી. એ ચીસમાં મોત અને બરબાદીનાં એંધાણ હતાં, અસહ્ય વેદના હતી. એ ચીસ હતી, દેવા પટેલની. માર્ગી પંથી દેવા પટેલના ઘર પર આફત આવી હતી. ભયાનક વરસાદને કારણે દીવાલો બેસી જતાં ઘરનો મોભ પડુંપડું થતો હતો.

દેવા પટેલની આ કારમી ચીસ સાંભળી ભગવાન સ્વામિનારાયણ એકદમ જાગી ગયા. સૂતેલા સેવકો જાગી ન જાય તેની તકેદારી રાખીને તેઓ ઘરની બહાર નીકળ્યા અને જે દિશામાંથી અવાજ આવેલો તે તરફ આગળ અંધારામાં દોડવા લાગ્યા. દેવા પટેલના ઘરમાં પ્રવેશ્યા ને પરિસ્થિતિ કળી ગયા. જમીનદોસ્ત થઈ રહેલા મોભને તેમણે પોતાના ખભે લઈ લીધો. એક વિશાળ ખોરડું જમીનદોસ્ત થતું બચી ગયું. દેવા પટેલને આશ્ચર્ય થયું કે ૧૦-૧૫ માણસ સામટું બળ કરે તોય ન ઊંચકાય તેવો આ મોભ એકલે હાથે કોણે ઊંચક્યો? અંધકારના ઓળામાં આકૃતિ ઓળખાતી નહોતી. તેટલામાં ભગવાન સ્વામિનારાયણે કહ્યું: ''ભાઈ! તારાં ઢોર બહાર કાઢી લે.'' એ શબ્દોમાં વરસતા વરસાદ જેવી જ અનહદ કરુણા વરસતી હોય તેવું દેવા પટેલને લાગ્યું. તેણે પોતાનાં સ્ત્રી-છોકરાં, ઢોરઢાંખર બધું બહાર કાઢી લીધું. એક મોટી દુર્ઘટનાને કરુણાભીના ભગવાન શ્રી સ્વામિનારાયણના ખભાએ ઝીલી લીધી.

આવા કરુણામૂર્તિ હતા – ભગવાન શ્રી સ્વામિનારાયણ.

શ્રીહરિના આ પ્રસંગમાં તેમના સમગ્ર વ્યક્તિત્વનું પ્રતિબિંબ ઝિલાય છે. પીડામાં પીસાતી પ્રજાએ કે કોઈપણ વ્યક્તિએ જ્યારે પણ પોકાર કર્યો છે ત્યારે દયાળુ ભગવાન સ્વામિનારાયણ ક્ષણભરનાય વિલંબ વિના ત્યાં દોડી ગયા છે અને અકારણ કરુણાગંગા વહાવી તેમને ઉગાર્યા છે.

હા, ભગવાનનું આ પૃથ્વી ઉપર પ્રાગટ્ય જ એક મોટી કરુણા છે. ભગવાનની આ કરુણાગંગા તેમના પછી પણ ગુણાતીત પરંપરા દ્વારા પ્રગટ રહી છે. આધુનિક યુગમાં નવ ખંડ ધરતી પર ભગવાનનો આ કરુણામય સદ્‌ગુણ જેમના જીવનનો પર્યાય અને પરિચય બન્યો હતો તે મહાન સંત હતા – બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ!

જે યુગમાં સ્વાર્થ સોળે આના ખીલ્યો હોય, જે સમયમાં સગાઓ પણ અજનબીના લિબાસ પહેરીને ફરતા હોય, જ્યારે વ્યક્તિગત લાભ અને મહત્ત્વાકાંક્ષાને કારણે રક્ષક પણ ભક્ષક બની જતા હોય, એવા યુગમાં પ્રમુખસ્વામી મહારાજે નિઃસ્વાર્થભાવે બીજાની પીડા કે દુઃખ નિવારવા માટે પર-સેવા અને પર-હિત માટે કરુણાગંગા વહાવી તે આ યુગની વિરલ ઘટના છે.

જેના હૈયામાં જીવપ્રાણીમાત્ર પ્રત્યે સ્નેહભીની સંવેદના હોય તે જ બીજાની પીડા સમજી શકે. સંતમાં આ સંવેદના હોવી તે જ તેનું સંતત્વ છે. જેમ ફૂલમાં ફોરમ સહજ છે અને સાકરમાં મધુરતા સાહજિક છે તેમ જ સંતમાં બીજાની પીડા જાણવા, સમજવા અને અનુભવવાની ક્ષમતા સહજ હોય છે.

ભક્ત કવિ નરસિંહ મહેતા આવા સંત માટે કહે છે *''વૈષ્ણવ જન તો તેને રે કહીએ જે પીડ પરાઈ જાણે રે''!*

ભાગવત મહાપુરાણ સંતની આ ભાવનાને 'दया' અભિધાન કરીને તેને સંતના કલ્યાણકારી ગુણોમાં સ્થાયી સ્થાન આપે છે. તો વળી મહાભારત આ સંતત્વને પૂર્ણતાનો ઓપ આપવા માટે લખે છે ''दयावन्तः सन्तः करुणवेदिनः'' સંત દયા અને કરુણાથી પૂર્ણ હોય છે.

આ રીતે પરાઈ પીડાને જાણનાર પ્રમુખસ્વામી મહારાજમાં આ સંતત્વને નજીકથી નિહાળનાર પૂર્વ રાષ્ટ્રપતિ અને પ્રખર વૈજ્ઞાનિક ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ સાહેબ લખે છેઃ ''પ્રમુખસ્વામીજી લોકોને ખરેખર હૃદયથી ચાહે છે. એટલે જ લોકોનાં દુઃખ એ તેમનાં દુઃખ બની રહે છે. હું એ તેમનામાં જોઈ શકું છું.''

બીજાનાં દુઃખમાં દુઃખી અને બીજાનાં સુખમાં સુખી થવું એ જ સ્વામીશ્રીની જીવનભાવના હતી. તેથી જ તો જ્યારે પણ સમાજ પર આફતના ઓળા ઊતરી પડે, ત્યારે પ્રમુખસ્વામી મહારાજની કરુણાગંગા પ્રસ્ફુટિત થઈ જ હોય. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી કહે છેઃ

''પ્રમુખસ્વામી એવા સમાજ પુરુષ છે કે ક્યાંય પણ આપત્તિ હોય ત્યાં તે હોય જ. ગુજરાતમાં કુદરતી આપત્તિ આવે અને ત્યાં પ્રમુખસ્વામી મદદે ઊભા ન રહે તેવું બને જ નહીં.''

સન ૧૯૮૬-૮૭-૮૮ના કારમા દુષ્કાળમાં વિરાટ પાયે દુષ્કાળ રાહત કાર્ય કરીને સ્વામીશ્રી સન ૧૯૯૦માં વિચરણ કરતાં કરતાં લંડન પધાર્યા હતા. યોગાનુયોગ એ વર્ષે ફરીથી સૌરાષ્ટ્રમાં વરસાદ વિનાનું ચોમાસું પૂર્ણ થવાને આરે હતું. સ્વામીશ્રીને આ સમાચાર મળ્યા. તેમની આંખોની સામે જાણે આખો સૌરાષ્ટ્ર પ્રદેશ આકાર લેવા લાગ્યો. સૂકી ભઠ્ઠ અંગારા જેવી તપ્ત ધરતી, આભ સામે આશાભરી નજર નાંખીને બેઠા ગરીબ અને દુઃખી ખેડૂતો, ભૂખ અને તરસથી મૃત્યુ મુખે પહોંચેલાં પશુઓનાં દૃશ્યો દેખાવા લાગ્યાં. સ્વામીશ્રી અત્યંત આર્દ્ર થઈ ઊઠ્યા. તે દિવસથી જ તેઓ મધરાતે ઊંઘ છોડીને, પથારીમાંથી બેઠા થઈને સૌરાષ્ટ્રના પીડિતો માટે પ્રાર્થના કરવા લાગ્યા. આ નીરવ એકાંતમાં સ્વામીશ્રીના કંઠમાંથી પરહિતનો જ એક મૃદુ સ્વર હતો. તેમના વિશાળ હૈયામાં હિલોળા લેતી કરુણાની ગંગા જાણે હજારો માઈલોના અંતર ઓગાળીને સૌરાષ્ટ્રના એ ગરીબ લોકોની વહારે પહોંચવા તત્પર હતી. હજારો માઈલ દૂર બેઠાં સૌરાષ્ટ્રવાસીઓને તો આ વાતની જાણ જ ક્યાંથી હોય કે એક કરુણામૂર્તિ સંત પોતાનાં ઊંઘ, આરામ અને સગવડને વિસારી આપણી ચિંતા કરે છે! પણ એક દિવસ જ્યારે રાત્રે બે વાગે એક સેવકને જાગવાનું થયું ત્યારે ખબર પડી કે છેલ્લા કેટલાય દિવસોથી સ્વામીશ્રી આ રીતે બીજાના દુઃખે દ્રવી જઈને પ્રાર્થના કરી રહ્યા હતા.

પ્રમુખસ્વામી મહારાજની કરુણા ત્યાં સુધી જ સીમિત ન હતી. તેમની કરુણા વ્યક્તિ વ્યક્તિને બેઠી કરી દેતી હતી. પીડિત વ્યક્તિના ભોંયભેગાં થતાં ઘરો, તૂટતાં પરિવાર અને હતપ્રભ હૈયાને ટેકો આપી શકે એવું મક્કમ હૈયું અને મજબૂત પોલાદી હાથ એમની પાસે હતા. ભગવાન સ્વામિનારાયણની જેમ તેઓએ પણ પોતાના હાથે જ સમગ્ર સમાજનો મોભ ઊંચક્યો હતો.

આધ્યાત્મિકતા અને જનસેવાનું વિરલ સંયોજન ધરાવતા પ્રમુખસ્વામી મહારાજની આ વિલક્ષણ શૈલીનો ચિતાર આપતાં રામાનુજ સંપ્રદાયના વડા ધર્મગુરુ શ્રી યતિરાજ જિઅર સ્વામી કહે છેઃ

''આધ્યાત્મિક જીવન સામાન્યતઃ અંતર્મુખી હોય છે, ભગવાનના સાક્ષાત્કાર સાથે સંકળાયેલું હોય છે, પરંતુ તેમ છતાં જનસેવા અવરોધાતી નથી. પ્રમુખસ્વામી મહારાજ આ વાતનું સચોટ દૃષ્ટાંત છે.''

આમ, પ્રમુખસ્વામી મહારાજે કેવળ પરહિતનું ચિંતન જ નથી કર્યું, પરંતુ સમાજની પીડા હરીને તેને પગભર કરવામાં મદદ કરી છે.

સન ૨૦૦૧ની ૨૬મી જાન્યુઆરીની સવાર ગુજરાતીઓ માટે ભયંકર આઘાતજનક હતી. તે સવારે વિનાશક ભૂકંપે ગુજરાતની ધરતીને તહસ-નહસ કરી નાંખી હતી. થોડી જ ક્ષણોમાં ગુજરાતમાં કરુણ ક્રંદન, પીડા, હતાશા, અનિશ્ચિતતા ફરી વળ્યાં. હજારો લોકો બેઘર અને બેસહારા બની ગયાં. પ્રમુખસ્વામી મહારાજનું હૃદય દ્રવી ઊઠ્યું. તેમણે પીડિતોનાં દુઃખ નિવારણ માટે બી.એ.પી.એસ.ના હજારો સ્વયંસેવકો અને સંતોને ભૂકંપથી સૌથી વધુ અસરગ્રસ્ત કચ્છ પ્રદેશમાં તત્કાળ મોકલી દીધા. ભૂકંપથી આઘાતમૂઢ સમાજ પરિસ્થિતિને સમજવા હજુ તો સજ્જ પણ નહોતો થયો ત્યારે, તે જ દિવસે બપોરે ભુજમાં ભૂકંપપીડિતોને ભોજનનો પહેલો કોળિયો સ્વામીશ્રીએ પહોંચાડ્યો હતો. બી.એ.પી.એસ. દ્વારા ભૂકંપપીડિતો માટે રોજ ૪૦,૦૦૦ લોકોને ગરમ અને પૌષ્ટિક ભોજન આપતાં રસોડાંઓ ધમધમતાં હતાં, પરંતુ સ્વામીશ્રીની સંવેદના અહીં સુધી જ સીમિત નહોતી.

પરાઈ પીડને સમજવા માટે સ્વામીશ્રી કેટલા સંવેદનશીલ છે તેની જાણ ત્યારે થઈ જ્યારે સ્વામીશ્રી પીડિતો માટેની ચિંતા કરતાં બોચાસણમાં વેદજ્ઞ સ્વામીને પૂછી રહ્યા હતાઃ ''ભૂકંપનાં રાહત રસોડાંઓ માટે અનાજ દળાય છે તે બરાબર જોઈને સાફ કર્યું છે ને? ખાસ કાળજી રાખજો, કંઈ

કચરું-કાંકરું રહી ન જાય.'' ભૂકંપપીડિતો માટે ફૂડપૅકેટ્સ અટલાદરામાં તૈયાર થઈ રહ્યાં હતાં ત્યારે જાતે ત્યાં ઊભા રહીને તેમણે કહ્યું હતુંઃ ''દરેક ફૂડપૅકેટમાં બુંદી અને ગાંઠિયા સાથે બે બે આથેલાં મરચાં મૂકજો. કચ્છમાં લોકોને મરચાં ભાવે ને ખાવામાંય સારું લાગે.''

ક્ષુધા પીડિત ભૂકંપગ્રસ્તોને ખ્યાલ પણ નહીં હોય કે એક વિરક્ત મહાપુરુષ તેમના માટે કેટલો સૂક્ષ્મ વિચાર કરી રહ્યા છે! ૫૦૦ જેટલાં ભૂકંપગ્રસ્ત ગામોમાં રાહતકાર્યો ઉપરાંત, દવાખાનાંઓ અને શાળાઓથી લઈને દત્તક લીધેલાં પંદર ગામો-વસાહતોનાં નિર્માણ સુધી, સ્વામીશ્રીએ સેવામાં કોઈ જ મણા ન છોડી. હજારો પીડિતોને હૂંફ આપવા સ્વામીશ્રી જાતે ભૂકંપગ્રસ્ત ગામોમાં પધાર્યા. તેમનાં પ્રેમ, સેવા અને પરહિતના પ્રયાસોથી ભૂકંપગ્રસ્ત ગામો ફરી ધબકતાં થઈ ગયાં. એટલું જ નહીં બી.એ.પી.એસ. સંસ્થાએ દત્તક લીધેલાં ગામો ગુજરાતના આદર્શ ગામડાંઓમાં સ્થાન પામ્યાં છે.

સ્વામીશ્રી અને સંસ્થાની સેવાથી પ્રભાવિત ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્ય સચિવ શ્રી પી.કે. લહેરી લખે છેઃ

''પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી ગુજરાતમાં રાહત રસોડાં, શાળાઓ, વારિગૃહ, દવાખાનાંઓ જેવી સામૂહિક સેવા સુવિધાઓનું પુનઃ નિર્માણ બી.એ.પી.એસ. સંસ્થાએ હોંશથી અને ઝડપથી કર્યું છે. આ નિઃસ્વાર્થ, સમર્પિત અને પ્રબુદ્ધ સંતની પ્રેરણાથી લાખો પરિવારનાં જીવનમાં નવી રોશનીનો પ્રકાશ ફેલાયો છે. તેમણે માનવસેવા અને પ્રભુસેવાનો મુદ્રાલેખ વાસ્તવિક સ્વરૂપે રજૂ કરેલ છે.''

સ્વામીશ્રીની પરહિત માટેની સેવા પ્રવૃત્તિમાં નિઃસ્વાર્થ ભાવ સૌને સ્પર્શી ગયો છે. હા, સમગ્ર સંસારને સચેતન અને ઊર્જાથી સભર રાખવામાં સૂર્યને શું કોઈ સ્વાર્થ ખરો? શીતળ પ્રકાશ આપીને અનંત વનસ્પતિઓને પોષણ આપનાર ચંદ્રને કોઈ અંગત ઝંખના છે? વટેમાર્ગુઓને છાયા અને ફળ આપનાર વૃક્ષોમાં ક્યારેય પોતાનો લાભ દેખાયો? ના, સૂર્ય, ચંદ્ર કે વૃક્ષોનો આ ગુણ સદા બીજા માટે જ છે. એટલું જ નહીં, આ પર-હિત અને પર-સેવાની વૃત્તિ જ તેમનું મુખ્ય લક્ષણ બની ગયું છે. આ જ રીતે સંતમાં પણ આ ગુણ પરોપકાર માટે જ છે. જ્યારે સ્વાર્થનાં બેસૂરાં વાજાં શમી જાય અને પરમાર્થની સૂરીલી શરણાઈઓ ગુંજવા માંડે ત્યારે આવી સેવા થાય.

હા, આ લોકસેવા પાછળ સ્વામીશ્રીનો દૃષ્ટિકોણ બહુ સ્પષ્ટ છે! સેવા એટલે સેવા તેમાં કોઈ સ્વાર્થ નહીં કે પ્રસિદ્ધિનો આશય નહીં, માત્ર ભગવાનને રાજી કરવાનો આશય. જ્યાં મહત્તા મેળવવાની વૃત્તિમાત્ર નથી, જ્યાં કોઈ ભેદભાવ નથી, માનવમાત્રની પીડા દૂર કરવાનો જ આશય છે, ત્યાં કેટલી ઊંચી સંવેદનશીલતા હશે!

તા. ૧૮-૮-૨૦૦૬ના રોજ સુરતમાં પૂરપીડિતોની સેવામાં જોડાયેલા સંસ્થાના કાર્યકરોને સ્વામીશ્રીએ બેંગલોરથી ફોન દ્વારા કહ્યું હતુંઃ 'તમે મુશ્કેલી વેઠીને કામ કરી છો તો ભગવાન રાજી થશે. આપણે આપણી મહત્તા માટે આ સેવા કરતા નથી. આ તો માનવસેવા છે. ભગવાનને રાજી કરવા આ સેવા છે. શ્રીજીમહારાજે કહ્યું છે કે જે દુઃખી હોય એની સેવા કરવી. માટે તમે બધા કાળજી રાખજો અને સારી રીતે રાહતસામગ્રી વહેંચાય એ જોજો. આપણે અનાજની કિટ આપીએ છીએ એની વહેંચણીમાં પણ ક્યાંય વેરોઆંતરો(ભેદભાવ) રાખશો નહીં. બધાને આ અનાજની કિટ વહેંચજો. બધાને રાજી કરજો.''

સંતની આ કરુણાગંગા સ્વના સીમાડા છોડીને સતત લોકહિત માટે વહેતી જ રહે છે. તેના આ અસ્ખલિત પ્રવાહમાં જીવ પ્રાણીમાત્ર પોતાની પ્યાસ બુઝાવે છે.

સ્વામીશ્રીના કરુણાપ્રવાહને કોઈ સરહદો નથી નડી.

સન ૧૯૯૩નો મહારાષ્ટ્રનો ભૂકંપ, બે દત્તક ગામોનાં નિર્માણ સહિત સ્વામીશ્રીની અનેક કરુણામય સેવાઓની વિશિષ્ટ સ્મૃતિરૂપ બની રહ્યો હતો. સ્વામીશ્રીએ દત્તક લીધલાં ભૂકંપગ્રસ્ત સમુદ્રાલ અને કોંડજીગઢ ગામોમાં આજેય લોકો સ્વામીશ્રીની સેવાના ગુણગાન ગાતાં થાકતાં નથી. તો, સન ૧૯૯૯માં ઓરિસ્સામાં વાવાઝોડાની દુર્ઘટનામાં પણ દત્તક બે ગામોનું નિર્માણ અને અન્ય અનેકવિધ રાહતકાર્યોમાં સ્વામીશ્રીએ હાથ લંબાવ્યા હતા. સ્વામીશ્રીએ કરેલી સહાયથી ઓરિસ્સાવાસીઓને સ્વામીશ્રીમાં જગન્નાથનાં દર્શન થયાં! ભારતના સાવ દક્ષિણ છેડે ચેન્નાઈથી લઈને છેક કન્યાકુમારીના દક્ષિણ-પૂર્વ કિનારે અને આંદામાન નિકોબારના ટાપુઓ તથા શ્રીલંકાના સુનામી-પીડિતો સુધી સ્વામીશ્રીની કરુણાગંગા વહી છે. ભાંગતી તબિયતે પણ સ્વામીશ્રીએ, છેક તામિલનાડુ, ઓરિસ્સા અને તે મહારાષ્ટ્રનાં અંતરિયાળ ગામો સુધી જાતે જઈને સૌને હૂંફ આપી છે, સુનામી ગ્રસ્ત ગામોને દત્તક લઈ તેનું તેમણે પુનર્નિર્માણ કર્યું છે. સન ૨૦૦૬ના સુરતના જળપ્રલયથી લઈને નૈરોબી-દારેસલામના પીડિતો સુધી સ્વામીશ્રીની કરુણા વિસ્તરી છે. અમેરિકા જેવા વિકસિત દેશોમાં પણ સ્વામીશ્રીએ સંસ્થાના માધ્યમથી સેવાની સરવાણી વહાવી છે, પછી તે કેલિફોર્નિયાના ભૂકંપપીડિતો હોય કે કેટરીના અને ઈરમા જેવા ભયંકર ચક્રવાતી તોફાનમાં અટવાયેલા નગરજનો હોય, સ્વામીશ્રીની કરુણાનો અનુભવ વિશ્વ સમસ્તે કર્યો છે.



દીન-દુઃખીઓના હમદર્દી પ્રમુખસ્વામી મહારાજે ઘરો-ઘર ઘૂમી ઘૂમીને કરુણા વરસાવી એમના ચહેરા પર આનંદ લહેરાવ્યો છે...

ભારતીય દલિત સમાજના અગ્રણી શ્રી શંભુ મહારાજના શબ્દોમાં કહીએ તો પ્રમુખસ્વામી મહારાજની કરુણાગંગા સમાજના છેવટના માનવી સુધી પહોંચી હતી. પછી તે વનવાસી બંધુઓ હોય કે પછાત જીવન જીવતી અનેક જ્ઞાતિઓ હોય, અભ્યાસ માટે સ્કોલરશીપ મેળવવા મથતા વિદ્યાર્થીઓ હોય કે પછી નોકરી-વ્યવસાય માટેની શોધમાં ભટકતા યુવાનો હોય, આત્મનિર્ભર થવા માટે પ્રયત્નશીલ બહેનો હોય કે ઘરના ગુજરાન માટે નોકરીની શોધમાં દુઃખી વિધવાઓ હોય, સ્વામીશ્રીએ સંસ્થાની સેંકડો પ્રવૃત્તિઓ દ્વારા બધાનું હિત કર્યું છે, નિઃસ્વાર્થભાવે સેવા કરી છે.

સ્વામીશ્રીની પરહિતની સીમા માનવ-સેવા સુધી જ સીમિત નહોતી. સ્વામીશ્રી તો સર્વજીવહિતાવહ હતા. જે સર્વજીવહિતાવહ હોય તે પશુ-પંખીઓને પણ દુઃખી કેવી રીતે જોઈ શકે? પ્રમુખસ્વામી મહારાજની કરુણાભીના હૃદયમાં અબોલ પશુ-પંખીઓ માટે પણ એટલું જ સ્થાન હતું.

સન ૧૯૮૬-૮૭માં ગુજરાતની ધરા રસવિહોણી થઈ ગઈ હોય, અને વાદળો જાણે ગુજરાતનું સરનામું ભૂલી ગયાં હોય તેમ દુષ્કાળે ભરડો લીધો હતો. ગુજરાતના જીવ-પ્રાણીમાત્ર દુષ્કાળની કારમી સજા વેઠી રહ્યા હતા. અબોલ પશુઓ માટે આ સમય ખૂબ કારમો હતો.

મનુષ્યને પણ પોતાનું અસ્તિત્વ ટકાવવા માટે ભોજન-પાણી માંડ પ્રાપ્ય હતાં, હૈયું વલોવી નાખે તેવી ભીષણ પરિસ્થિતિની કલ્પના જ શી કરવી? ખેડૂતો પણ લાચાર બનીને પોતાનાં પ્રાણસમાં પશુઓને રખડતાં મૂકવા લાગ્યા. કેટલાક લોકોએ પશુઓને પાંજરાપોળમાં મૂકવાના શરૂ કર્યાં. પણ પાંજરા પોળની હાલત પણ દયનીય બનતી ગઈ. પૂરતાં ઘાસ-પાણીના અભાવે ગાય-ભેંસ-બળદ જેવાં ખેતીકામમાં ઉપયોગી પશુઓ કુપોષણનો ભોગ બનતાં ગયાં. ત્યારે વિરક્ત અને નિઃસ્પૃહ સંત પ્રમુખસ્વામી મહારાજનું હૈયું દ્રવી ઊઠ્યું.

એ અરસામાં રાજકોટ નજીક રતનપુરમાં એક સરકારી ઢોરવાડામાં પાંચેક હજાર વાછરડાં રાખવામાં આવ્યાં હતાં. સ્વામીશ્રી જોવા પધાર્યા ત્યારે તેમને જોતાં જ ભૂખે ટળવળતાં હાડપિંજર બની ગયેલાં એ હજારો વાછરડાં કંઈક ખોરાકની આશાએ તેમના તરફ ધસી આવ્યાં. તેમની એ દશા જોતાં જ સ્વામીશ્રી દ્રવી ઊઠ્યા. સ્થાનિક કાર્યકરે કહ્યું કે આ બધાંને બે-ત્રણ દિવસથી કાંઈ ખાવા જ મળ્યું નથી. તેથી આ ભૂખ્યાં વાછરડાં જે કોઈ અહીં આવે તેની પાછળ પાછળ આ રીતે ફરે છે, જાણે તેમને કાંઈ આપવા ન આવ્યા હોય! એ દૃશ્ય



અસંખ્ય માનવોની જેમ અબોલ પશુઓ પણ પ્રમુખસ્વામી મહારાજની કરુણાવર્ષામાં ભીંજાયાં છે...

નીરખતાં સ્વામીશ્રી મૌન થઈ ગયા, આંખો આથી છલકાઈ ગઈ. તાત્કાલિક ગોંડલ પહોંચીને તેમણે જ્ઞાનપ્રસાદદાસ સ્વામીને બોલાવીને કહ્યું કે ''રતનપુરમાં જે રીતે વાછરડાં પાછળ દોડતાં હતાં, તે હું જોઈ જ ન શક્યો. અત્યારે ને અત્યારે જ આપણે ઘાસના ખટારા ત્યાં મોકલાવી દઈએ.''

અને તત્ક્ષણ એ અબોલ પશુઓ માટે ઘાસ-ચારાની ટ્રકો રવાના થઈ ગઈ.

કદાચ પ્રમુખસ્વામી મહારાજના કરુણાભીના હૈયા માટે જ ભક્તહૃદય તુલસીદાસજીએ લખ્યું હશે-

संत हृदय नवनीत समाना,

परदु:ख द्रवे सो संत पुनीता...

અર્થાત્ પરદુઃખે જેનું માખણસમ હૈયું દયાથી પીગળી જાય તે સંત છે.

દુષ્કાળના એ દિવસોમાં રિબાતાં પશુઓ અને લોકોનાં દુઃખ જોઈ સ્વામીશ્રી ઘણી વાર એવા દ્રવી જતા કે કેટલીય વાર સૂનમૂન બનીને ઊંડા મંથનમાં ગરકાવ થઈ જતા. એક વાર વાતવાતમાં સ્વામીશ્રી કહેઃ ''અત્યારે તો મને કાંઈ જ ઈચ્છા નથી. અત્યારે તો વરસાદની એક ઈચ્છા કરીએ છીએ. ખાતાં-પીતાં, ઊઠતાં-બેસતાં એ જ ઈચ્છા રહે છે. આખો દહાડો જીવ બાળવા જેવું થાય છે.'' અબોલ પશુઓની પીડા સાથે એક થયા વિના આવા શબ્દો નીકળવા અશક્ય છે.

સ્વામીશ્રીએ તરત જ નિર્ણય લઈ લીધો. સેંકડો સંતો અને હજારો સ્વયંસેવકોને કામે લગાડ્યા. પશુઓ માટે અત્યંત સુવિધા સજ્જ છ કેટલ કેમ્પ ખોલી દીધા, ૨૧,૦૦૦ પશુઓની માવજતની જવાબદારી માથે લીધી. હજારો ટન ઘાસચારાની વ્યવસ્થા કરીને અન્ય પાંજરાપોળમાં પણ મોકલી. ગરીબ ખેડૂતો માટે ૩૫ ટન વસ્ત્ર વિતરણ કર્યું. રોજની ૧ લાખ લીટર છાસ અને સેકડો મણ સુખડીનું વિતરણ કરી સમાજની ક્ષુધાને ઠારી.

કેવળ એક બે પ્રસંગો જ નહીં, પ્રમુખસ્વામી મહારાજે પરહિત અને પરસેવા માટે આજીવન પ્રવૃત્તિ કરી છે. ૧૭ હજાર કરતાંય વધુ ગામડાંઓમાં વિચરણ, ૭.૫ લાખ પત્રલેખન અને અસંખ્ય વ્યક્તિગત મુલાકાત, ૧૨૦૦થી વધુ મંદિરોનાં નિર્માણ, ૪૫ જેટલી પ્રાકૃતિક દુર્ઘટનાઓમાં રાહતકાર્ય, ૨ લાખ જેટલાં પીડિતોની સહાય, ૨૫ દત્તક ગ્રામ નિર્માણ, ૨૧,૦૦૦ પશુઓની માવજત, ૭ સુવિધા સજ્જ દવાખાનાં અને ૧૧ મોબાઈલ મૅડિકલ ક્લિનિક, ૫૦ લાખ સી.સી. રક્તદાન, વેક્સિનેશન કેન્દ્રો, ૪૦ લાખ લોકોની વ્યસન મુક્તિ, ૨૩ છાત્રાલયો - ૧૪ શાળા - ૭૫

દત્તક શાળાઓનાં નિર્માણ, ૨૯ લાખ પછાત વિસ્તારના દર્દીઓની વિનામૂલ્યે સારવાર, ૮૦૦ કરતાં વધુ પ્રકાશનો અને ૧૮ સામયિકો દ્વારા પ્રમુખસ્વામી મહારાજે સંસ્થાને નેતૃત્વ આપીને જે સમાજસેવાનો અમિત અધ્યાય લખ્યો છે તે સ્વયં તેમની કરુણાનો શિલાલેખ છે.

સ્વામીશ્રીએ લાખો પરિવારોના સળગતા પ્રશ્નોને ઠાર્યા છે. માંદગીને બિછાને કણસતા દર્દીઓ હોય કે જીવનની છેલ્લી ઘડી ગણતા વૃદ્ધો હોય, હતાશ અને ભાંગેલા હૈયાવાળા યુવાનો હોય કે પછી ક્ષણિક આવેશમાં ભૂલ કરીને પશ્ચાત્તાપમાં જલતા કિશોરો હોય, સ્વામીશ્રીએ પ્રત્યક્ષ રીતે તેમનાં આંસુ લૂછ્યાં છે, હૂંફ આપી છે. એટલું જ નહીં, વાર્ષિક ૨૦ લાખ કરતાં વધુ સત્સંગ સભાઓ દ્વારા સ્વામીશ્રીએ એક એવો સમાજ તૈયાર કર્યો છે જે સ્વયં દયા, કરુણા, સેવા, પ્રેમ જેવાં મૂલ્યોને જીવે છે, અને તે પ્રમાણે સબળ સમાજ અને શાંતિમય વિશ્વના નિર્માણ માટે કાર્ય કરે છે.

સ્વામીશ્રીનાં આ વિરાટ કાર્યો કે જે તેમના કરુણા અને દયામાંથી જન્મ્યાં છે, તે માનવતાનો એક અજોડ ઇતિહાસ છે. વ્યક્તિ જ્યારે દેહભાવ અને સ્વાર્થથી ઉપર ઊઠે ત્યારે જ આવું બેનમૂન કાર્ય શક્ય બને છે. સહનશીલતા અને બીજા માટે ઘસાઈ જવાની ભાવનાથી જ આવું કાર્ય લાંબું ટકે છે. અને ભગવાનને જ સર્વ કાર્ય સમર્પિત કરવાની ભાવના હોય ત્યારે જ તે કાર્યથી પૂર્ણ સંતોષ અને તૃપ્તિ મળે છે. સ્વામીશ્રીની આ કાર્યશૈલી કે જીવનશૈલી હતી. બીજાના ભલા માટે પોતાનું આયખું હોમી દેનાર આવા સંત માટે કવિ કાલિદાસ કહે છેઃ

स्वसुखनिरभिलाषः खिद्यसे लोकहेतोः
प्रतिदिनमथवा ते वृत्तिरेवंविधैव।
अनुभवति हि मुर्ध्ना पादपस्तीव्रमुष्णं,
शमयति परितापं छायया संश्रितानाम्॥

જેવી રીતે વૃક્ષો તડકો સહન કરીને સૌને છાંયડો આપે છે, તેમ આવા સંતો પોતે કષ્ટ સહન કરીને બીજાનું હિત આચરે છે.

પરોપકાર, પરહિત અને પરસુખ માટે જ જીવનાર પ્રમુખસ્વામી મહારાજે તેમના સેવાકાર્યમાં વિઘ્ન કરનાર કે અપકાર કરનાર પર પણ કરુણા વરસાવી છે. પોતાના દેહનાં દુઃખ, માંદગી, વિઘ્નો વચ્ચે પણ તેમની આ કરુણા ગંગા અવરોધ વિના ચાલતી રહી છે. દુષ્કાળ રાહત વખતે એવા કેટલાક વિઘ્નકર્તાઓનાં વિષ વમનની વાત સંતોએ સ્વામીશ્રીને કરી ત્યારે તેઓનો ઉત્તર હતો - આપણે આ બધું કાર્ય ભગવાનને રાજી કરવા કરીએ છીએ. આપણે નિઃસ્વાર્થ ભાવે સેવા કરી લેવી. કોઈના સામું જોવું નહીં.''

હિતોપદેશ કહે છેઃ छेत्तुः पार्श्वगतां छायां नोपसंहरते द्रुमः ॥

અર્થાત્ પોતાનું જ નિકંદન કાઢવા આવેલા કઠિયારા પરથી પણ ઝાડ પોતાનો છાંયડો પાછો લેતું નથી. હિતોપદેશ કથિત આ ભાવના સ્વામીશ્રીના હિતપૂર્ણ ઉપદેશમાં જ નહીં, પરંતુ જીવનમાં પડઘાતી હતી. આ તો પરોપકારની ચરમ સીમા છે. ભગવાન સ્વામિનારાયણની ગુણાતીત ગુરુપરંપરાના કરુણામૂર્તિ સંતો આ ઊંચાઈ પર બેઠેલા છે, જેના પરિણામે ભારતનું ગૌરવ છલકી રહ્યું છે.

અને હા, આ રીતે જ સંસારના દુઃખ-દરિયાનું મંથન કરીને એમણે સુખનાં રત્નો સમાજને ચરણે ધરી દીધાં છે. અને પોતે શિવ બની આપણા ઝેર સહજ ભાવે શોષી લીધાં છે! પોતે ઘસાઈને અન્યને મહેકાવનાર આવા ચંદન સમાન સંતો આપણી સભ્યતાનો શિલાલેખ છે. જેમ ધૂપસળી અને દીપક પોતે બળે છે અને અજવાળું આપે છે, ફૂલ જ્યાં સુધી પોતાનું અસ્તિત્વ રાખે ત્યાં સુધી વિશ્વને સુવાસ જ આપે છે, ફળદાર વૃક્ષ પથ્થર મારનારને પણ ફળ અને છાંયડો આપે છે, આ ગુણાતીત ગુરુઓ પણ બીજા માટે જ જીવે છે.

પ્રહ્‌લાદ પારેખની એક કવિતા ભણવામાં આવતીઃ ‘બનાવટી ફૂલોને!’ કવિ લખે છેઃ

ન જાણો નિંદુ છું, પરંતુ પૂછું છું,
તમારા હૈયાના ગહન મહીં, એવુંયે વસતું?
કદી તો દિનાન્ત સકલ નિજ અર્પી ઝરી જવું?

આનો સાર એટલો જ કે - હે બનાવટી ફૂલો! તમારા હૈયે એવો વિચાર ક્યાંથી હોય કે દિવસના અંતે પોતાનું સઘળું અર્પણ કરીને ઝરી જવું? મતલબી જિંદગી જીવી જઈને કોઈને કશું આપ્યા વિના કે કોઈને માટે જરાપણ ઘસાયા વિના દુનિયામાં લાંબું લાંબું જીવનાર ઘણા હશે. કદાચ વ્યક્તિગત સ્વાર્થ સાથે થોડું આપનારા પણ હશે, પરંતુ કશું જ લીધા વગર ખોબલે ને ખોબલે આપીને કરુણાની સુવાસ પ્રસારનાર પ્રમુખસ્વામી મહારાજ સંતત્વનું શિખર છે. તેમના જેવી સૌરભ આપતી એક દિવસની જિંદગી કરોડો બનાવટી દિવસો કરતાં અધિક છે.

સ્વામીશ્રીની આ પરહિતની લાગણીને સમજવા-લખવા માટે કલમ વામણી પુરવાર થાય છે. જેમ માનવની બુદ્ધિની એક સીમા છે, તેમ શબ્દોની પણ એક સીમા છે. વાણીનો વિશ્વકોશ પણ પ્રમુખસ્વામી મહારાજના વિરાટ વ્યક્તિત્વનો એક સીમિત આલેખ જ રજૂ કરી શકે છે તે હકીકત છે.



# આજ મારો ઝાલ્યો સ્વામીએ હાથ...

**પર-હિત અને પર-સેવાની કરુણાગંગા પ્રમુખસ્વામી મહારાજ**

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ એટલે કરુણા અને પરમાર્થની અવિરત વહેતી ભાગીરથી.
અસંખ્ય અજાણ્યા-જાણ્યા દીન-દુખી-અસહાય લોકોનો હાથ ઝાલીને સ્વામીશ્રીએ તેમને
સુખ, શાંતિ અને આનંદની અનુભૂતિ કરાવી હતી.
સ્વામીશ્રીએ કોઈ પિતા વિહોણા પુત્રને વાત્સલ્યની શીતળ છાયા આપી,
કોઈ તનના રોગી કે કોઈ મનના રોગીને નિરામય જિંદગી આપી,
વ્યસન અને વહેમની ખાઈમાં ખોવાઈ ગયેલા કોઈને ઉગારીને નવી જિંદગી આપી,
કોઈને પારિવારિક દાવાનળમાં શાંતિ કરાવી આપી. ઠેર ઠેર વ્યક્તિથી લઈને સમષ્ટિ સુધી સ્વામીશ્રીની
કરુણાગંગા વહેતી રહી છે, નિ:સ્વાર્થભાવે, અકારણ કરુણાથી.

■ સાધુ જ્ઞાનનયનદાસ

*સરવર તરવર સંતજન, ચોથા વરસે મેહ;*
*પરમારથ કે કારણે, ચારોં ધરિયાં દેહ.*

કબીરજીની આ પંક્તિ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના જીવનનો જાણે સાર છે. સરોવરને પોતાનો કોઈ સ્વાર્થ નથી હોતો, તે કેવળ બીજાની તરસ સંતોષી તેમને શાતા આપવા જ જીવન ધરાવે છે. વૃક્ષ પોતાનાં પુષ્પો, ફળો કે છાંયાનો ઉપયોગ પોતાના માટે ક્યારેય નથી કરતું. તેનું સર્વસ્વ પરોપકાર માટે જ ન્યોચ્છાવર હોય છે. ભૂમિના તાપ અને ખેડૂતોના સંતાપને હરતો વરસાદ પણ કેવળ પરને કાજે વરસે છે. તેવી જ રીતે એક સાચા સંતનું જીવન પણ કેવળ પરહિત માટે જ સમર્પિત હોય છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ પણ જીવનભર કેવળ પરમાર્થ માટે, પરહિત માટે, અન્યની સેવા માટે પ્રયત્નશીલ રહ્યા. જાણે અજાણે જેમને પણ તેઓનું સાંનિધ્ય સાંપડ્યું, તેઓ સ્વામીશ્રીની આ પરહિતકારી વિરલ છબિ જીવનભર વિસારી નથી શક્યા. જન-જનના હિત માટે તેઓએ કરેલા અનંત ઉપકારોનું આલેખન કરવા બેસીએ તો કદાચ દશાબ્દીઓ પણ ઓછી પડે. આવા પ્રસંગોના મહાસાગરમાંથી પ્રસ્તુત લેખમાં કેટલાક પ્રસંગોનું અલ્પ આચમન કરીએ.

૧૯૨૮ની આસપાસની આ વાત છે. અમરેલી જિલ્લાના ખાંભડા ગીર ગામમાં એક ખેડૂતનું નાની ઉંમરે અવસાન થયું. અચાનક ઘટેલી આ ઘટનાથી તે ખેડૂતના પંદર વર્ષના દીકરા ભૂરા માથે જાણે દુ:ખનો પહાડ તૂટી પડ્યો. સ્વજનોને પણ આ પંદર વર્ષના કિશોરને જોઈ દયા આવતી કે પિતાની છત્રછાયા વિના ભૂરાનું શું થશે? જો કે પરિવારના નિભાવની બહુ ચિંતા નહોતી, કારણ કે દિવંગત પિતા ભૂરા માટે ૭૦૦ વીઘાં જમીન અને સારી એવી મિલકત મૂકીને ગયા હતા. પરંતુ કિશોર અવસ્થામાં પિતાની છત્રછાયા ગુમાવનાર ભૂરો હજુ અબુધ હતો. કાચી ઉંમર, પૈસા-જમીનનો મદ અને અફીણિયા તથા ભોગ-વિલાસી મિત્રોની સોબતે પંદર વરસના ભૂરાને ખરેખર 'ભૂરાયો' બનાવ્યો.

ભૂરો અફીણનો અઠંગ બંધાણી બન્યો. સમય વીતતો ગયો. ભૂરો હવે ભૂરાભાઈ પ્રજાપતિના નામે ઓળખાવા લાગ્યો, પણ અફીણની મહેફિલો અને તેની પાછળ થતો સંપત્તિનો ધુમાડો એમ ને એમ જ રહ્યો. બે-પાંચ વરસ નહીં, સાઈઠ સાઈઠ વરસો સુધી ભૂરાએ ભાન ભૂલી અફીણ ઘોળ્યા કર્યું. અફીણ ભેગી ૭૦૦ વીઘાં જમીનનેય ઘોળી નાંખી... પરિવારનાં સુખ-ચેનને અને બાળકોના ભવિષ્યને પણ ઘોળી નાંખ્યું. પત્ની-બાળકોથી હર્યોભર્યો સંસાર તો હતો, પણ ભૂરા માટે તો તેનો એકમાત્ર સાચો સંગાથ હતો – અફીણ.

નશામાં ભાન ભૂલી ભૂરાએ પોતાના દીકરાઓનાં કુમળાં બાળકોને પણ ચા સાથે અફીણ પિવડાવી અફીણના હેવાયા બનાવી દીધા હતા. પરિણામે અફીણે ભૂરાના પરિવારનો એવો ભરડો લીધો કે ૭૦૦ વીઘાં જમીન વેચતાં વેચતાં માંડ પંદર વીઘાં જમીન બચી, અને તેય ગીરવે મૂકવા માટે લાચાર થવું પડ્યું!

અધૂરામાં પૂરું એ જ અરસામાં ગુજરાતમાં કારમો દુષ્કાળ પડ્યો. ૧૯૮૫, ૧૯૮૬, ૧૯૮૭ એમ ત્રણ ત્રણ વરસ સુધી આભમાંથી પાણીનું એક ટીપુંય ન વરસ્યું. દુષ્કાળની થથરાવતી થપાટોમાં ભૂરો પણ ભરાયો. પરિવારનું પેટ ભરવાની વ્યવસ્થા તો જેમ તેમ કરીને કરી લીધી, પણ મૂંગાં પશુઓનું શું કરવું? પશુઓ ભૂખે મરતાં હતાં. પૈસા આપતાંય નીરણનો પૂળોય ન મળે એવી વિકટ પરિસ્થિતિ સર્જાઈ હતી. એવામાં ભૂરાને સમાચાર મળ્યા કે પ્રમુખસ્વામી

મહારાજે દુષ્કાળમાં પશુઓને સાચવવા માટે કેટલ કૅમ્પ (પશુશિબિર) શરૂ કર્યા છે, જેમાં વિનામૂલ્યે વૈજ્ઞાનિક ઢબે પશુઓની સર્વ પ્રકારે માવજત કરવામાં આવે છે. આ સાંભળી ૭૫ વર્ષીય ભૂરાએ પણ પોતાનાં ઢોર સાથે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે શરૂ કરેલા કેટલ કૅમ્પની વાટ પકડી. કેટલ કૅમ્પમાં આવ્યા ત્યારેય ભૂરાભાઈની પછેડીએ અફીણ તો બાંધેલું જ હતું. સંતોને જ્યારે આ વાતની ભાળ મળી ત્યારે તેઓએ ભૂરાભાઈ પર દયા ખાઈને તેમને બહુ સમજાવ્યા, પણ ભૂરાભાઈને માટે એ અફીણની જંજીરો વજની હતી, કોઈ રીતે તૂટે એમ નહોતી.

એ જ અરસામાં પ્રમુખસ્વામી મહારાજ કેટલ કૅમ્પની મુલાકાતે પધાર્યા. ભૂરાભાઈના જીવનમાં આજે અકલ્પનીય બાબત બનવાની હતી. સ્વામીશ્રીની ઉપસ્થિતિમાં એક કેમ્પ-સભાનું આયોજન થયેલું, જેમાં બધા પશુ-પાલકો હાજર હતા. નિરંતર બીજાના હિતની ખેવના કરતા સ્વામીશ્રીએ સભામાં સૌને વ્યસનમુક્તિની બળપ્રેરક વાતો કરી. તેઓની મૃદુલ, હિતકારી અને નિર્દંભ વાણીથી અનેકનાં અંતર ભેદાઈ ગયાં. સભામાં જ કેટલાયે વ્યસનો છોડવાની પ્રતિજ્ઞાઓ લઈ લીધી. ભૂરાભાઈને પણ સ્વામીશ્રીનાં વેણ હૈયા સોસરવાં લાગી ગયાં. સૌની 'આહ' વચ્ચે ભૂરાભાઈ જાતે જ ઊભા થયા. ધીમે ધીમે સ્વામીશ્રી ભણી ડગ માંડ્યાં. નજીક જઈ સ્વામીશ્રીના ખોળે માથું મૂકી ચોધાર આંસુએ રડવા લાગ્યા. સ્વામીશ્રી પાસે તેઓએ પોતાના જીવનને ખુલ્લું કરી દીધું. સ્વામીશ્રીનો ખોળો ભૂરાભાઈના પશ્ચાત્તાપના અશ્રુઓથી ભીંજાઈ રહ્યો. કરુણામૂર્તિ સ્વામીશ્રીએ એમના મસ્તક પર હૂંફાળો હાથ ફેરવ્યો, પ્રશંસાપૂર્વક આશીર્વાદ આપ્યા, બળ આપ્યું. આ સાથે જ ભૂરાભાઈમાં જાણે નવી ચેતનાનો સંચાર થયો.

સભા પૂર્ણ થતાં જ તેઓ ગાંઠે બાંધેલા અફીણને જમીનમાં ખાડો કરીને દાટી આવ્યા ને વધેલી જિંદગીમાં ક્યારેય અફીણ ન ઘોળવાની પ્રતિજ્ઞા લીધી. સ્વામીશ્રીના સાંનિધ્યે ૭૫ વર્ષની ઉંમરે જાણે નવા જીવનનાં મંડાણ થયાં...

પરંતુ ૬૦-૬૦ વર્ષથી ઘર કરી ગયેલું બંધાણ એમ ક્યાંથી છૂટી જાય? એમાંય આ તો પાછું અફીણનું બંધાણ. નશાથી ટેવાઈ ગયેલા ભૂરાભાઈના શરીરે વિદ્રોહ કરવાનું શરૂ કર્યું. સતત ત્રણ દિવસ સુધી ભૂરાભાઈ સખત બીમાર પડ્યા. હાથ પગ તૂટવા લાગ્યા. શરીર ઉછાળા મારવા લાગ્યું. ડૉક્ટરોએ ભૂરાભાઈને સમજાવ્યું કે અફીણનું બંધાણ આમ એકદમ ન છોડાય. તમે ધીમે ધીમે ઓછું કરો, એક જ ધડાકે અફીણ છોડ્યું તેની આ પ્રતિક્રિયા છે. પણ ભૂરાભાઈના અંતરમાં તો સ્વામીશ્રીએ બળ પૂર્યું હતું, તે એમ કાંઈ ખૂટે એમ નહોતું. તેમણે કહ્યુંઃ ''જે મોઢે પ્રમુખસ્વામી બાપાનું નામ લીધું ઈ મોઢે હવે અફીણ નો ઘાલું, દેહ પડશે તો સ્વામી અક્ષરધામમાં લઈ જશે, પણ અફીણ તો નહીં જ લઉં...''

...અને સ્વામીશ્રીના આશીર્વાદ, ડૉક્ટરો તથા સાથીઓની સરભરાથી ભૂરાભાઈ અઠવાડિયે તો સાજા નરવા થઈ હરતા ફરતા થઈ ગયા. તેઓએ કહેલુંઃ ''મારું જીવન તો સુધરી ગયું, હવે બાપાના પ્રતાપે મારી તો ચડતી જ કળા થવાની, એમાં કોઈ મીનમેખ નથી, પણ મેં મારા નાનાં નાનાં છોકરાનાય છોકરાવને અફીણવાળી ચા પાઈ છે, હું ઘરે પાછો જઈશ, છોકરાવ મારી પાસે માગશે ત્યારે કયા મોઢે હું કહીશ કે તમે અફીણ છોડો, મેં જ અફીણ પાયાં છે... બહુ મોટી ભૂલ કરી નાખી...'' છેવટે સ્વામીશ્રીની પ્રેરણાથી ૭૫ વર્ષની લથડતી ઉંમરેય તેઓ પોતાની ભૂલ સુધારવા મક્કમ બન્યા. પ્રમુખસ્વામી મહારાજની કરુણાથી એક બુઝાતા દીપની જ્યોતિ ફરીથી પ્રજ્વલિત થઈ હોય એવું દૃશ્ય ત્યાં સર્જાયું. સૌ નશા મુક્ત થયા.

આ તો પ્રમુખસ્વામી મહારાજ દ્વારા થયેલા વિરાટ વ્યસનમુક્તિ કાર્યનો માત્ર એક જ પ્રસંગ થયો. સ્વામીશ્રીની પ્રેરણાથી વ્યસનમુક્તિનો સંકલ્પ લેનાર ચાલીસ લાખથી વધારે લોકો આજે પણ તેઓના આ પરમ હિતનું સ્મરણ કરતાં ભાવાર્દ્ર થઈ જાય છે.

રોજ કાચું માંસ ખાનાર અને બેફામ દારૂ પીનાર દેદવાસણના દલુભાઈએ મૃત્યુના એક દિવસ પૂર્વે સંતોને જણાવેલા અંતિમ શબ્દો કંઈક આવા હતા, 'પ્રમુખસ્વામી બાપા જો ન મળ્યા હોત તો હું ક્યારનોય મરી ગયો હોત. એ તો બાપાએ સુધાર્યા... દારૂ અને માંસ છોડાવ્યાં... ત્યારે અમે સુખી થયા. બાકી અમારા નસીબમાં તો ઝૂંપડુંય નહોતું, પણ બાપા મળ્યા, વ્યસન મૂક્યાં તો એમના આશીર્વાદથી આજે મહેલ જેવાં ઘર થઈ ગયાં.'

પરહિત કાજે વહેતી આ કરુણાગંગાનો સહજ સંબંધ પણ દુઃખિયારાઓના તાપ-સંતાપને હરી લેતો. ઘણી વાર તો જેમનું હિત સ્વામીશ્રીએ કર્યું હોય તેમને ખબર પણ ન હોય કે એક વીતરાગી સંત તેઓના હિતની ચિંતા કરી રહ્યા છે.

૨૦૧૦માં ડૉક્ટરોએ સ્વામીશ્રીને થોડો સમય આરામ કરવાનું સૂચન કરતાં એલિકોન કંપનીના માલિક પ્રયાસવીનભાઈની વિનંતીથી સ્વામીશ્રી એમના આણંદસ્થિત મધુભાન રિસોર્ટમાં રોકાયા હતા. સ્વામીશ્રીની દિવ્ય પ્રતિભા

અને આકર્ષણ એવાં હતાં કે રિસોર્ટના તમામ કર્મચારીઓ તેમજ પ્રયાસવીનભાઈને સ્વામીશ્રી સાથે એનેરો નાતો બંધાઈ ગયો. રોકાણના અંતે જ્યારે સ્વામીશ્રી વિદાય લેતા હતા, ત્યારે વાતાવરણ લાગણીસભર બની ગયું. સ્વામીશ્રી ગાડીમાં બિરાજ્યા. બહાર પ્રયાસવીનભાઈ અને અન્ય કર્મચારીઓ ઊભા હતા. સ્વામીશ્રીએ ગાડીનો કાચ ખોલ્યો. પ્રયાસવીનભાઈએ નજીક જઈ સંતોષ વ્યક્ત કરતાં કહ્યું, 'બસ, મારી એટલી જ ઇચ્છા હતી કે અહીં આપને આરામ થાય ને આપ અહીંથી પધારો ત્યારે આપનું હસતું મોઢું મારે જોવું હતું, મારી એ ઇચ્છા પૂરી થઈ.'

સ્વામીશ્રી કહે, 'અમે પણ માફી માગીએ છીએ કે સાધુ-સંતોથી કાંઈ થઈ ગયું હોય કે હરિભક્તો અહીં દર્શન માટે આવતા અને એ લોકો આવી શિસ્તથી ટેવાયેલા ન હોય તો એના વતી અમે માફી માગીએ છીએ.'

સ્વામીશ્રીની ક્ષમાયાચના પાછળ ત્યાં ઘટિત થયેલી એક ઘટના કારણભૂત હતી.

વાત એમ બનેલી કે હરિભક્તો રોજ સ્વામીશ્રીની પ્રાતઃપૂજાનાં દર્શન માટે રિસોર્ટમાં આવતા. કેટલાક હરિભક્તો ઉતાવળમાં અયોગ્ય સ્થાને ગાડીનું પાર્કિંગ કરીને દર્શન માટે પહોંચી જતા હતા. એ વિભાગનો ચોકીદાર ગમે એટલું કહે, પણ કેટલાક લોકો તેમની વાત સાંભળતા ન હતા. એક વખત પ્રયાસવીનભાઈ ત્યાંથી નીકળ્યા અને જોયું કે ગાડીઓ ખોટી જગ્યાએ પાર્કિંગ થયેલી છે. એટલે ચોકીદારને બોલાવીને કહ્યું કે 'તું ધ્યાન કેમ નથી રાખતો?' ચોકીદારે કહ્યું કે, 'સાહેબ! હું તો ઘણું કહું છું, પણ અહીં દર્શનાર્થે લોકો આવે છે તેઓ મારું માનતા નથી.'

પરંતુ શિસ્તના આગ્રહી પ્રયાસવીનભાઈને તેની વાત ગળે ન ઊતરી. ચોકીદારને બેદરકાર જાણી તેને તરત જ નોકરીમાંથી હટાવી દીધો. આ ઘટનાના સમાચાર વહેતાં વહેતાં સ્વામીશ્રી સુધી પહોંચ્યા હતા. આ વિદાયવેળાએ સ્વામીશ્રીએ એ સંદર્ભમાં માફી માંગતા હતા. અંતે ધીમે રહીને સ્વામીશ્રીએ તેઓને કહ્યું, 'ભૂલ દર્શને આવનારા લોકોની હતી, ચોકીદારની નહોતી. એટલે પેલા ચોકીદારને જો શક્ય હોય તો પાછો લઈ લેજો.' પ્રયાસવીનભાઈને કલ્પના પણ નહોતી કે સ્વામીશ્રી આવું કંઈક કહેશે. તેઓ તરત જ કહે, 'હા, સ્વામી! એ તો હું લઈ જ લઈશ.'

સ્વામીશ્રીના આ ઋજુ હૃદયની પ્રયાસવીનભાઈના હૃદય પર ઊંડી અસર થઈ. પેલા ચોકીદારને તો અણસાર પણ નહીં હોય કે જગથી નિરાળા એક સંત તેની આવી સંભાળ લઈને બીજા વતી પોતે માફી માંગી રહ્યા હતા!

ઉકાઈમાં આદિવાસી બાળકો માટે સ્વામીશ્રીએ નિઃશુલ્ક છાત્રાલયની વ્યવસ્થા ઊભી કરેલી. ગરીબ આદિવાસી બાળકોની વિના મૂલ્યે સારી રીતે સંભાળ લેવાય તેની સતત ખેવના સ્વામીશ્રી કરતા. લગભગ ૧૯૮૬-૮૭માં એક વાર સ્વામીશ્રી આ છાત્રાલયની મુલાકાતે પધાર્યા. બાળકોની સંભાળ રાખવાની વાત હતી એટલે સ્વામીશ્રીએ અનેક પ્રશ્નો પૂછી ઝીણી ઝીણી જાણકારી મેળવી. સ્વામીશ્રીએ ભોજન સંબંધી પૃચ્છા કરતાં વ્યવસ્થાપકે કહ્યુંઃ 'પાઉડરનું દૂધ રોજ સવારમાં આપીએ છીએ.'

સ્વામીશ્રીએ તરત જ પૂછ્યુંઃ 'બધાં બાળકોને ભાવે છે? બધાં પીવે છે?'

વ્યવસ્થાપક કહે, 'અમુક બાળકોને નથી ભાવતું. આથી તેઓ નથી પીતા.'

ચડતું લોહી પાછું પડે તે સ્વામીશ્રી કેમ સાંખી લે? સ્વામીશ્રી કહે, 'આપણે બાળકોને ગાય કે ભેંસનું તાજું દૂધ આપવું, જેથી કોઈ પીધા વગર ન રહે.'

ત્યાર પછી તો સ્વામીશ્રી બાળછાત્રોના દરેક ઓરડામાં પધાર્યા. પલંગ, પાથરણાં વગેરે મમતાપૂર્વક જોયાં. પલંગ પર ઓઢવા મૂકેલ ધાબળાનો સ્પર્શ કરી તેની ચકાસણી પણ કરી લીધી. ધાબળા જોઈને સ્વામીશ્રીએ કહ્યું, 'આ ધાબળા ટાઢ હરે તેવા ફક્કડ છે. પણ તેને ખોળિયાં કરાવી દેવાં, જેથી બાળકો ઓઢે ત્યારે ગાલે વાગે નહીં.' આસપાસ ઊભેલા સૌ ચકિત થઈ ઊઠ્યા. આદિવાસી બાળકોની આટલી સૂક્ષ્મ ચિંતા કોણ કરે!

થોડાં વર્ષો પછી ૧૯૮૯માં આ છાત્રાલયના બાળકો સ્વામીશ્રીનાં દર્શન માટે સાંકરી ગયા. ત્યાં સ્વામીશ્રી સમક્ષ બાળકોએ શ્લોકો અને પ્રાર્થનાનું ગાન કર્યું. એ વખતે પણ સ્વામીશ્રીએ સંચાલક શ્રી કૈલાસભાઈને પૂછ્યું, 'આ બાળકોને સવારે નાસ્તો શું આપો છો?'

'બટાટા-પૌંઆ, બાફેલા ચણા અને દૂધ.'

'દૂધ કેવું આવે છે?'

'પ્રમાણમાં ઠીક ઠીક કહી શકાય?'

'એવું કેમ થાય છે? પૈસા ઓછા આપો છો?'

'પૈસા તો બરાબર આપીએ છીએ...'

'તો પછી દૂધ લેતી વખતે બરાબર જોવું. છોકરાઓનું શરીર બગડે એવું ન કરવું. શરીર સારું રહે, અભ્યાસ સારો કરે અને સંસ્કાર સારા મળે - આ ત્રણ વસ્તુ પર બરાબર ધ્યાન રાખવું.' આટલી ઝીણી ચિંતા કર્યા બાદ સ્વામીશ્રીએ ઉમેર્યું, 'ઉકાઈમાં સંગીત શિક્ષક હોય તો આ છોકરાઓને સંગીત શિખવાડજો ને શિક્ષાપત્રી-ભગવદ્‌ગીતાના શ્લોકો




**ગ**રીબ આદિવાસીઓને વસ્ત્રદાનથી લઈને એમના બાળકોની સંભાળ પણ સ્વામીશ્રીએ લીધી...

**આદિવાસી બાળકો**ને ખોરાકમાં દૂધ તાજું મળે, એમનું શરીર તંદુરસ્ત રહે, એમને સંસ્કાર સારા મળે એની સતત ખેવના પ્રમુખસ્વામી મહારાજ **એમના હમદર્દી** બનીને કરતા રહ્યા...

પણ શિખવાડવા.' સ્વામીશ્રીએ આપેલી સૂચનામાં કેટકેટલા વિષયો હતા! ધાબળાથી માંડીને, દૂધ, સંગીત અને શિક્ષાપત્રી તથા ગીતાના શ્લોકો સુધી! બીચારા અબુધ આદિવાસી બાળકોને તો ખબરેય નહીં હોય કે સ્વામીશ્રી તેઓના સર્વાંગી વિકાસની અને તેઓના ઉજ્જ્વળ ભવિષ્યની ખેવના કરી રહ્યા હતા.

સામાન્ય રીતે કોઈને જણાવ્યા વગર તેમનું હિત કરવું એ મનુષ્ય માટે ખૂબ કઠણ છે, પરંતુ સ્વામીશ્રીની વાત નિરાળી હતી. તેમને લોક-પ્રશંસા કે પ્રસિદ્ધિની લેશમાત્ર ઈચ્છા નહોતી. તેથી જ તેમના માટે આ સાહજિક હતું. વર્ષ ૨૦૦૫માં દિલ્હીમાં અક્ષરધામ મંદિરનો ભવ્ય ઉદ્‌ઘાટન મહોત્સવ યોજાયો હતો. દેશ-પરદેશમાંથી હજારો ભક્તો-મહાનુભાવો ત્યાં પધારતા હતા. ભારતના ખ્યાતનામ ઉદ્યોગપતિઓથી માંડી વડાપ્રધાન-રાષ્ટ્રપતિ પર્યંત ઘણા મહાનુભાવો આ ભવ્યાતિભવ્ય મહોત્સવમાં પધારી ધન્ય થયેલા. મહોત્સવ અંગેની મિટિંગોમાં અને મહાનુભાવોને મળવામાં સ્વામીશ્રી ખૂબ જ વ્યસ્ત રહેતા, પરંતુ આટઆટલી વ્યસ્તતા વચ્ચે પણ તેઓ નાનામાં નાના માણસની સેવા કરવાનું ચૂકતા નહીં.

આ અક્ષરધામ મહોત્સવ દરમ્યાન જ એક અમેરિકાનિવાસી મહિલાનો પત્ર આવેલો. તેમાં જણાવેલું, 'અમે દિલ્હી આવેલાં ત્યારે મારું સ્વેટર ત્યાં રહી ગયું છે. તેમાં ૫૦૦ ડૉલર અને દવા છે. જો એ મળે તો મોકલી આપવા વિનંતી.' કેટલી નજીવી બાબત! પરંતુ સ્વામીશ્રી કોનું નામ! તેઓ માટે હરિભક્તની નાનામાં નાની સમસ્યા પણ અગત્યની હતી. વળી પત્ર લખનારને પણ સ્વામીશ્રી પર કેટલો ભરોસો હશે!

તેઓનો આ ભરોસો સત્ય ઠેરવતાં સ્વામીશ્રીએ મહોત્સવ દરમ્યાન ભક્તોના ઉતારાની વ્યવસ્થા સંભાળતા શ્રી મહેન્દ્રભાઈ પટેલને બોલાવી તે સ્વેટરની તપાસ કરવા વાત કરી. મહેન્દ્રભાઈએ શોધખોળ ચલાવતાં છેવટે સ્વેટર હાથ લાગી ગયું. પછી રકમ અને દવા સાથે પ્રાપ્ત થયેલું તે સ્વેટર એક હરિભક્ત સાથે દિલ્હીથી અમેરિકા પરત મોકલવામાં આવ્યું. પણ આ સંપેતરું ત્યાં કો'ક ભળતી જ મહિલાને

અપાઈ જતાં મૂળ માલિકને પહોંચ્યું નહોતું. આ ખબર મળતાં સ્વામીશ્રીએ પુનઃ તપાસ કરાવી. આ બધામાં બે મહિના જેટલો સમય વીતી ગયેલો. સ્વામીશ્રી જ્યારે અટલાદરા પધાર્યા ત્યારે તેઓએ મહેન્દ્રભાઈને જોયા, એટલે તરત જ તેઓને સ્વેટર સંબંધી પૂછપરછ કરી. મહેન્દ્રભાઈ પણ સ્વેટર માટે ચિંતિત સ્વામીશ્રીને જોઈ વિચારમાં પડી ગયા કે સ્વામીશ્રી હરિભક્તોની કેટલી સંભાળ રાખે છે! મહેન્દ્રભાઈએ સ્વામીશ્રીને બધી પરિસ્થિતિ સમજાવી. અંતે સ્વામીશ્રીએ જણાવ્યું, 'જો એ બહેનને સંતોષ ન થતો હોય તો એવું બીજું સ્વેટર અને ૫૦૦ ડૉલર મોકલાવી દેજો.' એક અજાણ્યા હરિભક્તની મામુલી મુશ્કેલીનેય ફેડવા માટે બબ્બે મહિના સુધી ખટકો રાખનારા સ્વામીશ્રીને જોઈ સૌ કોઈનું હૃદય આફરીન પોકારી ગયું!

ગીતામાં બ્રાહ્મીસ્થિતિથી સંપન્ન સંતની એક વિશેષતા દર્શાવતાં ભગવાન શ્રીકૃષ્ણે 'સર્વભૂતહિતે રતાઃ' અર્થાત્ 'સકલ જીવોનું હિત કરવામાં જ રમમાણ' એ વિશેષણનો પ્રયોગ કર્યો છે. સ્વામીશ્રીને જોતાં આ વિશેષણ જાણે એમના માટે જ લખાયું હોય એવું પ્રતીત થાય. તેઓ કોઈપણ ભેદભાવ વગર સર્વનું હિત કરવા તત્પર રહેતા.

સન ૧૯૭૪ની વિદેશયાત્રા દરમ્યાન સ્વામીશ્રી લંડનમાં સત્સંગી હરિભક્ત ચંદુભાઈના ઘરે પધરામણીએ પધાર્યા હતા. ચંદુભાઈએ આડોશ પાડોશમાં રહેતા લોકોને પણ નિમંત્રણ પાઠવેલું. આથી તેમના પાડોશી એક અંગ્રેજ ભાઈ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. સ્વામીશ્રીને આ અંગ્રેજ સજ્જનનો કોઈ પૂર્વપરિચય નહોતો. વળી, ભાષાનું આવરણ તો ખરું જ, છતાં તેઓએ પોતાની સ્વાભાવિકતા મુજબ, મોટી ઉંમરના તે અંગ્રેજ પાડોશીનો પરિચય મેળવવાનું શરૂ કર્યું. વાતચીત દરમ્યાન સ્વામીશ્રીને ખ્યાલ આવ્યો કે તેઓ સાવ એકલા અટૂલા છે. પત્ની નથી. દીકરાઓ તેમને મૂકીને ચાલ્યા ગયા છે. પાછલી જિંદગી દુઃખમાં પસાર કરી રહ્યા છે.

સ્વામીશ્રીને તેમની પીડા સાંભળી દયા ઊપજી. તેઓએ સંનિષ્ઠ સત્સંગી યુવક ચંદુભાઈને વિનંતી કરી કે 'આમનું કોઈ નથી, પાડોશમાં જ રહે છે તો તમે એમની સંભાળ રાખજો.'

સ્વામીશ્રીના એ શબ્દોમાં આર્દ્રતા હતી. *કોઈને દુખિયો રે દેખી ન ખમાય, દયા આણી રે અતિ આકળા થાય...* પ્રેમાનંદ સ્વામીની આ પંક્તિનાં સાક્ષાત્ દર્શન તે વખતે બધાને થયાં. દસ વર્ષ બાદ ૧૯૮૪માં સ્વામીશ્રી જ્યારે લંડન પધાર્યા ત્યારે તે વૃદ્ધ અંગ્રેજ ભાઈ સ્વામીશ્રીને મળવા આવ્યા હતા. સ્વામીશ્રી તેમને ઓળખી ગયા. તેઓ ખાસ સ્વામીશ્રીનો આભાર માનવા આવ્યા હતા. સ્વામીશ્રીના કહેવાથી છેલ્લાં દસ વર્ષથી ચંદુભાઈ તેમની સર્વપ્રકારે સંભાળ લેતા હતા. સ્વામીશ્રીની હિતકારી કરુણાગંગાએ આવા તો કેટકેટલાય મનુષ્યોની ખેવના કરી હશે! નિઃસહાયનો સહારો બનવાનું જાણે એમને વ્યસન હતું!

સ્વામીશ્રીની કૃપા-કરુણાનું પાત્ર બનવા માટેની લાયકાત શું? કંઈ નહીં, બસ એમને મદદ માટે સાદ કરો એટલે તેઓ સહાય કરવા તૈયાર જ હોય. તેના માટે ઓળખાણ-પીછાણની કોઈ આવશ્યકતા નહીં.

જાન્યુઆરી ૨૦૦૫માં ધરમપુરથી એક અજાણ્યા મુસ્લિમ બિરાદરે પત્ર દ્વારા પોતાની સમસ્યા લખી સ્વામીશ્રી પાસે મદદ માટે રાવ નાંખી. પત્રમાં તેઓએ લખેલુંઃ 'હું વાળંદનો ધંધો કરું છું. અત્યારે મારી પાસે કોઈ જ મૂડી નથી. વાળ કાપવા માટે જરૂરી એવો અરીસો, કાંસકો અને ખુરશી તથા બાંકડો હું ભાડેથી લાવું છું. જો આપ મને મદદ કરો તો મારું જીવન સુખી થાય.' સ્વામીશ્રીને પત્ર લખનાર સાથે કોઈ ઓળખાણ-પીછાણ નહોતી. પરંતુ, સ્વામીશ્રીના સંતત્વની કીર્તિ કેવી હશે કે એક અજાણ્યાને પણ વિશ્વાસ બેઠો કે 'ભલે મને ન ઓળખતા હોય, તોય આ સંત મદદ કરશે જ.'

અને બન્યું પણ એવું જ. પત્ર વાંચી તરત જ સ્વામીશ્રીએ સ્થાનિક વ્યવસ્થાપકને બોલાવ્યા અને તેમના માધ્યમથી એક ગરીબ પરિવારને પગભર થવા જરૂરી રકમ મોકલી આપવાની વ્યવસ્થા કરી દીધી. પરંતુ વાત અહીં અટકતી નથી. તે દિવસે સ્વામીશ્રી સેલવાસથી મુંબઈ જવા માટે વિદાય લેવાના હોવાથી પેલા વ્યવસ્થાપક છેલ્લા કલાકોની વ્યસ્તતામાં પરોવાઈ ગયા અને મદદ મોકલવાનું ભૂલી ગયા.

પાંચ દિવસ પછી એ વ્યવસ્થાપક પર તે મુસ્લિમ બિરાદર ઈસ્માઈલ મહમદ ખલીફાનું પોસ્ટકાર્ડ આવી પહોંચ્યુંઃ 'મહેરબાન માનવંતા, જય શ્રી સ્વામિનારાયણ. સવિનય નમ્રતાપૂર્વક અરજ કરવાની કે વિશ્વવંદનીય પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી પ્રમુખસ્વામીને મેં સેલવાસ પધારેલા ત્યારે મારા માટે મદદરૂપ થવા પત્ર લખેલ. ગુરુદેવે કદાચિત્ આપશ્રીને મારા માટે યોગ્ય ઘટતું કરવા જણાવ્યું હશે, તો આપ સમય કાઢી મને યોગ્ય માર્ગદર્શન લખીને આભારી કરશો.' આ વિગત વાંચતાં જ પેલા સંતને સ્વામીશ્રીએ સોંપેલું કાર્ય યાદ આવ્યું. તેઓ આ બાબતે વ્યવસ્થા કરવાનું વિચારતા જ હતા, ત્યાં તો એ જ તારીખનું બીજું એક પોસ્ટકાર્ડ તેઓના હાથમાં આવ્યુંઃ 'જય શ્રી સ્વામિનારાયણ. મહેરબાન, વિશ્વવંદનીય પરમ પૂજ્ય શ્રી પ્રમુખસ્વામી




**ભૂ**કંપગ્રસ્તોને આજીવિકા માટે સાધનો આપીને સ્વામીશ્રીની કરુણાએ તેમને પગભર કરી દીધા.

## ધરમપુરના એક ગરીબ **મુસ્લિમ વાળંદ**નો પત્ર સ્વામીશ્રી પાસે આશાઓ લઈને પહોંચ્યો, અને સ્વામીશ્રીએ તેમને **વ્યવસાયનાં સાધનો** આપીને તેની આશાઓ શીઘ્ર પૂરી કરી...

મહારાજે મારી અપીલ સ્વીકારી મદદરૂપે રૂ. ૧૭૦૦/- મોકલાવ્યા છે, જે મને આજ રોજ ટપાલ દ્વારા બપોરે એક કલાકે મળ્યા છે. હું કયા શબ્દોમાં તેઓનો ઉપકાર માનું તે સમજાતું નથી. મેં આ પહેલાં ટપાલ લખેલ તેને રદ ગણશો. મદદ મળી છે. હું પરવરદિગાર પાસે તેઓની તંદુરસ્તીની ભલાઈ માટે દુઆ કરતો રહીશ. આભાર...'

એક મુસ્લિમ બિરાદરના આ બે પોસ્ટકાર્ડમાં સ્વામીશ્રીની ભેદભાવરહિત મમતા-માવજતની સાથે તેઓની કરુણા અને ચીવટના સૂરો પણ સંભળાય છે. સ્વામીશ્રીને મદદ માંગતો પત્ર મળ્યો હતો તા. ૫ જાન્યુઆરીના રોજ. મની ઑર્ડર દ્વારા જે-તે વ્યક્તિને રકમ પહોંચતાં બે-ત્રણ દિવસ તો લાગે. છતાં તા. ૧૦ જાન્યુઆરીની બપોરે જરૂરતમંદના હાથમાં રકમ આવી ગઈ! જેને કામ સોંપ્યું છે તે વ્યવસ્થાપક આ કામ ભૂલી ગયા છે તે સ્વામીશ્રી કેવી રીતે જાણી ગયા હશે?! મુંબઈ જેવા મેટ્રોપોલિટન શહેરમાં પોતાના સ્વાગતમાં ઊઠેલા જયજયકાર વચ્ચે પણ તેઓ કો'ક ખૂણામાં રહેતા એક અપરિચિતનું દુઃખ હળવું કરવાનું ભૂલ્યા નહીં!

આ ઘટનાને વર્ષો વીત્યાં બાદ પ્રમુખસ્વામી મહારાજના જીવનચરિત્રનું આલેખન થતું હતું ત્યારે સંતો આ મુસ્લિમના સમાચાર પૂછવા એમની દુકાને પહોંચ્યા ત્યારે જાણવા મળ્યું કે ઈસ્માઈલભાઈ તો અવસાન પામ્યા હતા પણ તેમના દીકરાઓ તે દુકાન સંભાળતા હતા. આગંતુક સંતો પાસેથી વિગત જાણી તેઓના દીકરાઓએ એ વખતે જણાવેલું કે 'અમારા અબ્બાજાન કાયમ અમને કહેતા કે આ આપણી દુકાન ચાલુ થઈ, એમાં પ્રમુખસ્વામી બાપાએ બહુ મદદ કરી છે. અને આપણી જે દુકાન ચાલે છે એ એમની કૃપાથી જ ચાલે છે.' જેમ સરોવર પાસે જે જાય તેની તૃષા શમે, તેમ આ સંતસરોવર પણ કિનારે આવનારને ક્યારેય નિરાશ નહોતું કરતું.

સ્વામીશ્રીની વિશેષતા એ હતી કે વણકહ્યે પણ તેઓ સૌનું હિત કરતા રહેતા. જેમ નદીને નિર્મળતા બક્ષવા માટે કહેવું નથી પડતું, જે નદીમાં ડૂબકી લગાવે તે નિર્મળ થઈ જ જાય, તેમ સ્વામીશ્રીના યોગમાં જે આવે તેનું હિત થઈ જ જતું.

અમદાવાદમાં અક્ષરપીઠ પ્રેસમાં એક સામાન્ય પરિવારનો મૂક-બધિર યુવાન નોકરી કરતો હતો. સ્વામીશ્રીએ તેની રહેવા, જમવા વગેરે બધી જ વ્યવસ્થા મંદિરમાં જ કરાવી આપી હતી. નામ એનું પ્રવીણ, પણ ભણતરને અભાવે આર્થિક આયોજનની પ્રવીણતાનો એનામાં તદ્દન અભાવ. ફિલ્મો જોવાનો ખૂબ શોખીન. જેટલો પગાર મળે એ ફિલ્મોમાં અને અન્ય નિરર્થક પ્રવૃત્તિઓમાં વેડફી નાંખતો. પરંતુ સ્વામીશ્રી સાથે તેનો નાતો નિરાળો હતો. ચતુરાઈપૂર્વક ખંતથી કાર્ય કરતો હોવાથી સ્વામીશ્રી તેને ચતુર કહીને બોલાવતા. આજે પણ તેને સૌ એ જ નામથી ઓળખે છે.

એક વખત સ્વામીશ્રી ઉતારા તરફ આવતા હતા ત્યારે રસ્તામાં આ ચતુર મળી ગયો. કાયમની જેમ સ્વામીશ્રી તેની સાથે હાથની મુદ્રાઓ દ્વારા વાર્તાલાપ કરવા લાગ્યા. વાત વાતમાં સ્વામીશ્રી કહે, 'તારા પગારનો હિસાબ મને બતાવી જજે.' ચતુર મૂંઝાયો, કારણ કે તે તો હિસાબ લખ્યા વગર પગારની બધી જ રકમ વાપરી નાંખતો હતો. સ્વામીશ્રી તેની આ સ્થિતિ જોઈ ભાવાર્દ્ર બની ગયા. તેને સિનેમા ન જોવાનો નિયમ આપ્યો. સંસ્થાના સેક્રેટરી હરીશભાઈને બોલાવી સ્વામીશ્રીએ એવી વ્યવસ્થા કરાવી કે તેને ખિસ્સાખર્ચના રૂપિયા આપી, બાકીનો બધો જ પગાર બૅંકમાં એના ખાતામાં જમા થાય. તેઓએ ચતુરને પણ સમજાવ્યો અને એ પણ પોતાની ભૂલ કબૂલી આ રીતે કરવા સહમત થયો. અંતે સ્વામીશ્રી હરીશભાઈને કહે, 'એને બીચારાને ઘડપણમાં સહારો રહેને!'

એકબાજુ ચતુરને તો આવતીકાલની પણ ફિકર નહોતી, ત્યારે સ્વામીશ્રી એની વૃદ્ધાવસ્થાની ચિંતા કરતા હતા!

જેમ વૃક્ષની છાયામાં કોઈ અજાણતાં જ બેસી જાય તોય વૃક્ષ તેને શીતળતા પ્રદાન કરે છે, તેમ સહજતાથી સ્વામીશ્રીની શીતળ છાયામાં આવી ચડેલા અજાણ્યા દુખિયારાઓનું દુઃખ પણ સ્વામીશ્રી દૂર કરી દેતા.

૧૯૮૬માં મુંબઈમાં એક દિવસ સાંજે સ્વામીશ્રીના દરવાજે એક મજૂર જેવો માણસ આવીને ઊભો રહ્યો. લઘુતાગ્રંથિથી પીડાતો તે અંદર પગ મૂકતાં પણ ખચકાતો હતો. સ્વામીશ્રીની નજર પડતાં તેઓએ જ સામેથી બોલાવી તેનાં નામ-ઠામ પૂછ્યાં. પૂછતાં ખબર પડી કે તે કેરીના એક વેપારીની દુકાનેથી કેરીનો કરંડિયો મૂકવા આવેલો છે.

સ્વામીશ્રી આ અજાણ્યા મજૂરને વિગતે બધું પૂછવા લાગ્યા. જાણવા મળ્યું કે તેને આવો એક ફેરો કરવાનું મહેનતાણું દસ રૂપિયા મળતું હતું. પણ કરમની કઠણાઈ એવી કે દિવસમાં બેથી વધુ ફેરા મળતા નહીં. તેનું મૂળ વતન ઉત્તરપ્રદેશ, પણ ત્યાંય કામ-કાજનો પત્તો પડે એમ નહોતું, એટલે વતન છોડી છેક અહીં મુંબઈ આવેલો. મા-બાપ પણ ગરીબ. અભ્યાસ વિશે પૂછતાં ખબર પડી કે તે તો હોમિયોપેથી ડૉક્ટર હતો, પરંતુ સંજોગવશ ક્યાંય નોકરીનો પત્તો પડ્યો નહોતો. દવાખાનું ખોલી શકે એવી આર્થિક વ્યવસ્થા નહોતી. આ યુવાનની કથની સાચે જ કંપાવી મૂકનારી હતી. તેણે કહ્યું, 'मैं वड़ाला में रहता हूँ। मेरे जैसा दुखी कोई नहीं है...' આમ કહી તેણે ડૂસકું મૂક્યું ત્યારે વાતાવરણ ગમગીન બની ગયું.

સ્વામીશ્રીએ પળવારમાં તેને પગભર કરવાનો ઉપાય વિચારી લીધો હોય તેમ કહ્યું : 'तेरा सर्टिफिकेट लेकर कल शाम को यहाँ आना।' પછી સંતોને ભલામણ કરી કે 'આપણા સત્સંગી ડૉક્ટરોને પૂછી જોઈએ. તેમને ત્યાં નોકરી અપાવી દઈએ.' ત્યારબાદ તેને વિદાય આપતાં સ્વામીશ્રી સંતોને કહે, 'આને જમાડીને મોકલજો.' સ્વામીશ્રીએ એક અજાણ્યાની આવતીકાલ તો સુધારી પણ તેની આજની ચિંતા કરતાં તેને જમાડવાનું પણ ચૂક્યા નહીં. એ જમવા બેઠો ત્યારે રડતાં-રડતાં કહી રહેલો: 'मैं स्वामीजी को कभी नहीं भूलूँगा।' સ્વામીશ્રીની દયાના દિવેલથી આજે વધુ એક દીવો પ્રજ્વલિત થઈ ચૂકેલો. સ્વામીશ્રીએ તેને સત્સંગી ડૉક્ટરને ત્યાં નોકરીએ લગાવી દીધો.

સ્વામીશ્રીની પ્રકૃતિ એવી હતી કે પોતાનાં શરીર કે વ્યવસ્થાની ચિંતા તજીને પણ બીજાનાં સુખ-સગવડ સાચવી લેતા. ૧૯૮૬માં સ્વામીશ્રી પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રીજીના નિમંત્રણથી ઉત્તર પ્રદેશમાં પ્રયાગરાજ પધારેલા. યોગાનુયોગ એ જ વખતે ગુજરાતના નાની વાવડી ગામના હરિભક્તો જાત્રા નિમિત્તે પ્રયાગરાજ પહોંચેલા. સ્વામીશ્રી પણ અહીં જ છે એવું જાણી તે ભક્તો સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. સ્વામીશ્રીએ સૌના કુશળક્ષેમ પૂછતાં હરિભક્તોએ પોતાની સમસ્યા જણાવી. બન્યું હતું એવું કે યાત્રાના આયોજકે શરૂઆતમાં સૌને નાસ્તો-ભોજન કરાવવાની કબૂલાત કરેલી, પણ પછી તે ફરી ગયો અને જમાડવાની ના પાડી દીધી. હરિભક્તોએ થોડું ભાથું સાથે લીધેલું, એ પણ હવે પૂરું થઈ ગયું હતું. બધા દૃઢ નિષ્ઠાવાન ભક્તો હતા તેથી બજારું ખાણું ખાય નહીં. સ્વામીશ્રીએ તેઓની આ પરિસ્થિતિ જાણી તરત જ એમનું દુઃખ ટાળવા નિર્ણય લઈ લીધો.

સ્વામીશ્રી દિલ્હીથી અહીં પ્રયાગરાજ પધાર્યા ત્યારે ઠાકોરજી, સ્વામીશ્રી અને સંતો માટે સેવકોએ પાંચેક દિવસનું ભાથું સાથે લીધેલું. સ્વામીશ્રીએ સંતોને કહ્યું: 'ઠાકોરજીને ધરાવવા પૂરતું રાખીને બધું જ ભાથું આ હરિભક્તોને આપી



**આ**તંકવાદમાં ઘવાયેલા સૈનિકના આંસુ લૂછીને કરુણાભીના સ્વામીશ્રીએ તેનું હૈયું ઠારી દીધું...

આત્મીયતાનો નાતો જોડીને કંઈક અજાણ્યા લાચાર, અસહાય અને દુખિયારાઓના **આંસુ લૂછીને** સ્વામીશ્રીએ એમના તપ્ત હૃદયમાં **શાંતિ અને શીતળતા** પ્રસરાવી દીધી છે...

દઈએ.'

હરિભક્તો તો સ્વામીશ્રીની આવી કરુણા જોઈ દંગ રહી ગયા. પોતાના ભોજનની ચિંતા છોડી બીજાની આંતરડી ઠારનાર વિરલ ગુરુનો આભાર માનવા શબ્દો તો ટૂંકા પડે એમ હતું. આથી સૌ મૂકવદને મનોમન સ્વામીશ્રીને વંદી રહ્યા.

આવો જ અનુભવ ૧૯૭૭માં વિચરણમાં સ્વામીશ્રીની સાથે ફરતા જગદીશને થયો હતો. એ દિવસે સ્વામીશ્રી અમદાવાદ પધાર્યા હતા. સાથે ફરતા યુવકોનો ઉતારો સ્વામીશ્રીના જૂના ઉતારાના ઉપરના માળે હૉલમાં રાખ્યો હતો. તેમાંથી જગદીશ નામનો યુવક બીમાર હતો. વળી, શિયાળો હોવાથી ઠંડી પણ હતી. સાથેના યુવકોએ તેને ઓઢાડવા માટે રજાઈ શોધવા પ્રયત્ન કર્યો, પરંતુ ક્યાંય રજાઈનો મેળ પડ્યો નહીં. આથી સૌ મૂંઝાતા હતા. રાત્રે બાર પછીનો સમય હશે. સૌના આશ્ચર્યની વચ્ચે સ્વામીશ્રી ઉપર યુવકોના ઉતારામાં આવ્યા. તેઓના હાથમાં રજાઈ હતી. યુવકોને રજાઈ સોંપતાં કહેઃ 'લો ઓઢાડી દો.' રજાઈ આપી તરત તેઓ નીચે જતા રહ્યા.

રજાઈ મળતાં યુવકો તો રાજી રાજી થઈ ગયા. પરંતુ તેઓને અહોભાવ તો ત્યારે થયો, જ્યારે સવારે તેઓને જાણવા મળ્યું કે સ્વામીશ્રીએ પોતાને ઓઢવાની રજાઈ યુવકોને આપી દીધી હતી અને પોતે આખી રાત ઠંડીમાં કેવળ ઉપવસ્ત્ર ઓઢીને સૂઈ રહ્યા હતા! બીજાનું હિત કરનાર તો કદાચ થોડા ઘણા મળી આવે, પણ પોતે સહન કરીને બીજાનું હિત કરનાર તો સ્વામીશ્રી જેવા તો વિરલ જ નીકળે.

ખેડબ્રહ્મા પાસેનું એક નાનકડું ગામ હિંગટિયા. આ ગામમાં આદિવાસીઓ રહે છે. વર્ષ ૨૦૦૦માં સાવ અંતરિયાળ એવા આ ગામના એક સામાન્ય આદિવાસીએ સ્વામીશ્રીને ઉદ્દેશી એક ટપાલ લખેલી. એ વખતે સ્વામીશ્રી અમેરિકા હતા. ટપાલ મળતાં સ્વામીશ્રીએ તેને વાંચવા પ્રયત્ન કરી જોયો, પણ અક્ષર ખૂબ જ ગરબડિયા હોવાથી ઉકેલી ન શક્યા. તેમ છતાં દસેક મિનિટ સુધી સ્વામીશ્રી મથતા રહ્યા. સંતોએ પણ પ્રયત્ન કરી, જોયો પણ નિષ્ફળ.

પરંતુ સ્વામીશ્રી અહીં અટક્યા નહીં. આ તો પરહિતકારી સંતસરિતા હતી ને! એને સંજોગો ક્યાંથી અટકાવી શકે? પોસ્ટલ સિક્કા પરથી તપાસ કરતા સ્વામીશ્રીને ખબર પડી કે આ પત્ર ખેડબ્રહ્મા તરફના હિંગટિયા ગામમાંથી આવેલો છે.

એટલે સ્વામીશ્રીએ આ વિસ્તારનું વિચરણ સંભાળી રહેલા શ્રીરંગદાસ સ્વામીને ફોન જોડાવ્યો. પરંતુ, તેઓ ગામડાંઓમાં સત્સંગવિચરણ માટે નીકળી ગયા હોવાથી સંપર્ક થઈ શક્યો નહીં. એ વખતે મોબાઈલનો જમાનો નહોતો. એટલે સ્વામીશ્રીએ હિંમતનગર મંદિરે કહેવડાવ્યું કે શ્રીરંગદાસ સ્વામી પાછા આવે ત્યારે અમને ફોન કરાવજો. તેમનો ફોન આવતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે આવો એક પત્ર આવ્યો છે, પત્ર ઉકલતો નથી પરંતુ એ કોનો છે એ તમે રૂબરૂ તપાસ કરજો અને ત્યાં જઈને એમને શું પ્રશ્ન છે એ જોઈ આવજો.

શ્રીરંગદાસ સ્વામીએ તપાસ કરી તો એ ગામના એક આદિવાસી રેશમા પારઘીનો એ પત્ર હતો. તેઓના ગામનો હૅન્ડપંપ બગડી ગયો હતો. આખું ગામ એ હૅન્ડપંપ દ્વારા પાણી ઉલેચતું હતું. તે બંધ પડતાં ગામલોકો માટે મોટી સમસ્યા સર્જાઈ હતી. આ બીચારા ગરીબ આદિવાસી બંધુઓ ઘણા દિવસોથી મૂંઝાયા કરતા હતા કે કોણ અમને મદદ કરે? બીજો કોઈ ઉપાય ન સૂઝતાં છેવટે રેશમા પારઘીએ સ્વામીશ્રીને ટપાલ લખેલી.

શ્રીરંગદાસ સ્વામીએ આ વાતની જાણ કરી ત્યારે સ્વામીશ્રીએ તરત જ આદેશ આપતાં કહ્યું કે તમે જાતે જઈને હૅન્ડપંપની તપાસ કરજો, રિપેર કરાવી આપજો... અને જરૂર પડે તો નવા પંપની વ્યવસ્થા કરી આપજો. સ્વામીશ્રીના આદેશ અનુસાર સંતોના પ્રયત્નથી હિંગટિયા ગામનો હૅન્ડપંપ પુનઃ કાર્યરત થયો. ગુજરાતના ખૂણામાં સ્થિત હિંગટિયાના આદિવાસી ગ્રામજનો આજેય એ હૅન્ડપંપનું પાણી પીતાં પીતાં સ્વામીશ્રીની કરુણાનું અમૃત પીવે છે.

ગામનો હૅન્ડપંપ બગડ્યો હોય કે બાળકનું નામ પાડવાનું હોય, કોઈને ધંધા માટેનાં સાધનો વસાવવાં હોય કે કોઈના ભણતરની ચિંતા કરવાની હોય, પ્રમુખસ્વામી મહારાજ સૌને મદદ કરવા હંમેશાં તત્પર જ હોય.

જામનગરમાં રિલાયન્સમાં સિનિયર મૅનેજર તરીકે ફરજ બજાવતા બિપિનભાઈ ચાવડા પણ સ્વામીશ્રીનો ઉપકાર સંભારતાં લાગણીભીના થઈ જાય છે. બિપિનભાઈનું મૂળ ગામ અમરેલી વિસ્તારનું ખાંભા. ૧૯૮૮માં તેઓ ખાંભાની હાઈસ્કૂલમાં નવમા ધોરણમાં ભણતા હતા, એ વખતે એમના પિતાશ્રીને અચાનક હાર્ટઍટેક આવવાથી તેઓ અક્ષરવાસી થયા. નાનકડા બિપિને સારામાં સારું ભણી ઉચ્ચ કારકિર્દી બનાવવાનાં સપનાં સજાવેલાં, પરંતુ પિતાનું અચાનક મૃત્યુ થતા તે બધાં સપનાંઓ રાખમાં રોળાતાં જણાયાં. ભણવાની તો હજુય તમન્ના હતી, પણ પિતાની છત્રછાયા વગર ભણવું કેવી રીતે? તેણે ગામના સત્સંગી કાર્યકર પાસે પોતાની મૂંઝવણ રજૂ કરી. કાર્યકરે કહ્યું કે તું પ્રમુખસ્વામી મહારાજને મળજે, બાપા બધું સાચવી લેશે.

કાર્યકરના સૂચન મુજબ બીજી મે, ૧૯૮૯ના દિવસે બિપિન રાજકોટમાં સ્વામીશ્રીને મળ્યો. સ્વામીશ્રી તેની સાથે અડધો કલાક સુધી બેઠા. એક નિરાધાર બાળકની સઘળી વ્યથાઓ શાંતિથી સાંભળી. તરત જ ગોંડલમાં સંસ્થાની નિવાસી શાળામાં બિપિન માટે ૧૦મા ધોરણમાં નિઃશુલ્ક ભણવાની તથા રહેવા-જમવાની વ્યવસ્થા માટે જ્ઞાન-પ્રસાદદાસ સ્વામી તથા ગુરુકુળના સંચાલકોને ઉદ્દેશી પત્ર લખી આપ્યો. બિપિન તો સ્વામીશ્રીની વાત્સલ્યસભર મુખાકૃતિને જોઈ જ રહ્યો. તેને લાગ્યું કે 'મારા પિતાશ્રી ક્યાંય ગયા નથી. સ્વામીબાપાના રૂપમાં મારી સામે જ બેઠા છે.'

પત્ર લઈને તે ગોંડલ પહોંચ્યો અને વિના મૂલ્યે તેની બધી જ વ્યવસ્થા થઈ ગઈ. ત્યાર બાદ ૧૧મા ધોરણ માટે સ્વામીશ્રીએ વિદ્યાનગરમાં પણ તેના ભણતર માટે ભલામણ કરી આપેલી. પછી પણ જીવનમાં જ્યારે જ્યારે તકલીફ પડી, હિંમત હાર્યો ત્યારે પણ સ્વામીશ્રીએ ક્યારેક વ્યક્તિગત મળીને તો ક્યારેક પત્ર દ્વારા સતત માર્ગદર્શન આપ્યું. સમય જતાં બિપિનનાં બધાં સપનાંઓ સાકાર થયાં. આજે ત્રીસ વર્ષ પછી સ્વામીશ્રીના ઉપકારોનું સ્મરણ કરતાં બિપિનભાઈ કહે છે, 'એમના પ્રતાપે જ હું એન્જિનિયર બની શક્યો અને અનેક સંઘર્ષોમાં પણ ટકી શક્યો. આજે મારા ત્રણ મકાન છે. બધી રીતે સુખી છું. આજે જે કંઈ છું એ સ્વામીની કૃપાથી જ છું. જો મારા જીવનમાં પ્રમુખસ્વામી મહારાજ ન હોત તો હું કંઈ પ્રાપ્ત ન કરી શકત. અમે એમને 'બાપા' કહીએ છીએ, કારણ કે એ તો અમારા બાપ છે. આપણને લાગે કે કળિયુગમાં ભગવાન નથી, પણ આ સંતરૂપે ભગવાન જ રહેલા છે.' આટલું કહેતાં તો એમના ગળે ડુમો ભરાઈ જાય છે, વાણી વિરામ પામી જાય છે.

બિપિનભાઈને ભણવાની તમન્ના હતી પણ વ્યવસ્થા નહોતી, પણ એ જ ખાંભા ગામના યોગેશ વંડરાને તો ભણવાની ગતાગમ જ નહોતી. ૧૯૮૮માં જ્યારે પ્રમુખસ્વામી મહારાજ યોગેશના ઘેર પધરામણીએ પધારેલા, ત્યારે સ્વામીશ્રીએ યોગેશને ભણતર વિષે પૃચ્છા કરી.

ગામમાં દસ ધોરણ સુધી ભણેલા આ કિશોરને દસમા ધોરણ પછી પણ કંઈક ભણવાનું હોય છે એવી ખબર જ નહોતી! સ્વામીશ્રીએ તેને કહ્યું કે તું વિદ્યાનગર જઈને આગળ અભ્યાસ કર, પરંતુ આર્થિક અને સામાજિક રીતે પછાત એવા એ પરિવારને ભણતરના ખર્ચા પોસાય તેમ નહોતા. સ્વામીશ્રી કહે, 'ખર્ચની ચિંતા ન કર. એની વ્યવસ્થા અમે કરાવી દઈશું. તું બસ ભણ.'

તેના ઍડમિશનના અને અભ્યાસના ખર્ચની બધી જ વ્યવસ્થા સ્વામીશ્રીએ કરાવી દીધી. વિદ્યાનગર ખાતે આવેલા સંસ્થાના છાત્રાલયમાં તેની નિઃશુલ્ક રહેવા-જમવાની સગવડ પણ કરી આપી. યોગેશ વિદ્યાનગર તો પહોંચ્યો, પણ પહેલીવાર ગામ છોડીને વિદ્યાનગર ગયેલો એ કિશોર સતત લઘુતાગ્રંથિથી પીડાતો હતો. તેને છાત્રાલયમાં ફાવતું નહોતું. જ્યારે સ્વામીશ્રી વિદ્યાનગર પધાર્યા ત્યારે યોગેશના સમાચાર મળતાં સ્વામીશ્રીએ તેને મળવા બોલાવ્યો.

સ્વામીશ્રીએ પૂછ્યું, 'શું નથી ફાવતું?'

યોગેશ કહે, 'મને જમવાનું નથી ફાવતું.'

સ્વામીશ્રી ત્રણ વર્ષ પૂર્વેનો પ્રસંગ યાદ કરાવતા કહે, 'પહેલાં તારાથી ગાંઠિયા અને મરચાં નહોતાં ખવાતાં. હવે ખવાય છે ને?' યોગેશ કહે, 'હા, બાપા! ખવાય છે.' 'બસ, જેમ એ ફાવી ગયું એમ આ પણ ધીમે ધીમે ફાવી જશે.' એમ કહી સ્વામીશ્રી કહે, 'બીજી કંઈ તકલીફ?'

યોગેશ કહે, 'બાપા! મારે સ્કૂલે જવા માટે સાઇકલ નથી.'

સ્વામીશ્રીએ તાત્કાલિક તેના માટે સાઇકલની વ્યવસ્થા કરાવી દીધી. અંતે યોગેશે એની મૂળ મૂંઝવણ ઠાલવતાં કહ્યું, 'બાપા, મને અભ્યાસનો ખૂબ જ ડર લાગે છે. પરીક્ષા આપવા જાઉં ત્યારે બીકને લીધે બધું ભૂલી જાઉં છું. મને એમ થાય છે કે મારું શું થશે? હું શું કરીશ? આવા જાત જાતના વિચારો આવ્યા કરે છે.'

સ્વામીશ્રી ભાવાર્દ્ર થઈને કહે, 'ભલા માણસ! મર્યા પહેલાં કબર ખોદાય? તને ખબર છે કે આવતીકાલે શું થવાનું છે? તો પછી શા માટે આવા નકારાત્મક વિચારો મનમાં લાવે છે? આવા વિચારો ક્યારેય નહીં કરવાના. મર્યા પહેલાં તે કંઈ કબર ખોદાતી હશે?'

સ્વામીશ્રીના આ શબ્દો યોગેશના હૃદય સોંસરવા ઊતરી ગયા. સ્વામીશ્રીના બળે પૂરા જોશ અને ઉત્સાહથી તેણે અભ્યાસનો યજ્ઞ આરંભ્યો. પરિણામે ગામડે ૧૦મા ધોરણમાં ૬૦ ટકા લાવનાર યોગેશ ૧૨મા ધોરણમાં ૮૪ ટકા સાથે ઉત્તીર્ણ થયો. સ્વામીશ્રીએ તેને આગળ ભણાવી ઈલેક્ટ્રોનિક્સ એન્જિનિયર બનાવ્યો. એન્જિનિયરીંગ પૂરું કર્યા બાદ તેને નોકરી અપાવવા માટે પણ સ્વામીશ્રીએ ભલામણ કરી આપેલી. આમ, એક સાધારણ ગામડિયા કિશોરને ભણવાની પ્રેરણા આપવાથી માંડી તેની નોકરી સુધીની ચિંતા પ્રમુખસ્વામી મહારાજે કરી હતી. સ્વામીશ્રીના એ ઉપકારને યાદ કરતાં યોગેશભાઈ બોલેલા, 'આજે હું મારા ઘરમાં પગ મૂકું અને મને બાપા યાદ આવે છે કે બપોરે બે વાગે પોતાના આરામના સમયને પણ હડસેલી આ મકાન લેવું કે ન લેવું તેનું માર્ગદર્શન તેઓએ મને આપ્યું છે. હું મારા બાળકો સામે જોઉં છું ત્યારે એમના ભવિષ્યની પણ મને ચિંતા નથી થતી, કારણ કે મને વિશ્વાસ છે કે બાપાએ જેમ મારી ફિકર રાખી છે તેમ મારા સંતાનોની પણ ચિંતા રાખશે જ...' આટલું કહેતાં તો યોગેશભાઈની પણ વાણી વિરમી ગઈ હતી અને આંખો બોલવા લાગી હતી.

એવા પણ અનેક પ્રસંગો છે જેમાં સંપત્તિના ભાગલા પાડવામાં ભાઈઓ વચ્ચે ખટરાગ ન સર્જાય અને પરિવાર વેરવિખેર ન થઈ જાય તે માટે સ્વામીશ્રીએ કલાકોના કલાકો ફાળવ્યા હોય. સ્વામીશ્રીના અનુગ્રહથી નડિયાદના ચિરાગભાઈ દેસાઈના પરિવારમાં આવું જ કંઈક બનતાં બનતાં રહી ગયું. તેમના દાદા નગીનભાઈ ગુજરી ગયા પછી પરિવારમાં સંપત્તિની વહેંચણી બાબતે મોટી મુશ્કેલી સર્જાઈ હતી. દાદાએ કેટલીક પ્રોપર્ટી વહેંચેલી હતી, પણ ઘણી પ્રોપર્ટી વહેંચવાની બાકી હતી. વળી, દાદાની હાજરીમાં કોઈ લખાણ થયેલું નહીં, આથી બાકી રહેલી મિલકતની વહેંચણી બાબતે પરિવારમાં વિકટ સમસ્યા સર્જાઈ હતી.

ચિરાગભાઈના પિતા અક્ષરનિવાસી થયેલા. આથી તેઓ અને તેઓના બે કાકા વચ્ચે સંપત્તિ વહેંચવા બાબતે વિખવાદ શરૂ થયા. દાદાના મકાનમાં એકબીજાએ હક્ક જમાવી તાળાં મારી દીધાં. બધાનું રહેવાનું અલગ થઈ ગયું. આખો પરિવાર વેરવિખેર થઈ ગયો. કોઈ હરિભક્તો દ્વારા આ સમાચાર સ્વામીશ્રીને મળતાં સ્વામીશ્રીએ બધા પરિવારજનોને બોચાસણ બોલાવ્યા.

બધા બોચાસણ પહોંચ્યા. સતત ત્રણ દિવસ સુધી સ્વામીશ્રીએ બધાની બધી જ રજૂઆત ધીરજપૂર્વક સાંભળી. સ્વામીશ્રી સવારથી બેસતા તે બપોરે સાડા બાર સુધી, ફરી બપોર પછી બેસે તો સાંજ સુધી! મકાન, જમીન, અન્ય મિલકત વગેરે દરેક વસ્તુમાં બાપાએ રસ લીધો. જમીન-મકાન બાબતે સ્વામીશ્રીએ વચ્ચેનો માર્ગ કાઢતાં સૂચવ્યું કે 'બધી મિલકતની કિંમત નક્કી કરી એક ભાઈ બધું ખરીદી લે ને એ રકમના પછી ત્રણ ભાગ પાડી દેવાના.'



**બે** સગા ભાઈઓના મનભેદ મિટાવીને સ્વામીશ્રીએ કરુણા કરીને એમના હાથ મેળવી આપ્યા...

**પારિવારિક** ઝઘડાઓ ચરમસીમાએ પહોંચ્યા હોય અને **સમાધાનની** કોઈ આશા ન બચી હોય તેવા સંજોગોમાં **સ્વામીશ્રીની કરુણા**એ અસંખ્ય પરિવારોને એકતાથી બાંધ્યા છે...

બધાને આ ઉપાય ગમ્યો. ત્રણેયે ચિઠ્ઠીમાં જમીન-મકાનની કિંમત લખી. મોટા કાકાની વધારે હતી. એ મુજબ કિંમત નક્કી કરીને બધાને વહેંચવામાં આવી. આમ, એક મોટી સમસ્યા ઊકલી.

આ ઉપરાંત સોનું, ઝવેરાત, રોકડા રૂપિયા, વાસણો વગેરે ઘણું વહેંચવાનું બાકી હતું. તેના માટે સ્વામીશ્રીએ મહંત સ્વામીને હરિભક્તોના ઘરે જઈ બધું વહેંચી આપવા આજ્ઞા કરી. સ્વામીશ્રીના આદેશથી મહંત સ્વામીજી ત્યાં ગયા. બધી વસ્તુઓનું લિસ્ટ બનાવ્યું. પછી તેના ત્રણ સરખા ભાગ કર્યા અને ત્રણેય વચ્ચે વહેંચી આપ્યું. છેલ્લે તો વાતાવરણ એટલું હળવું થઈ ગયેલું કે બાકી રહેલી સાવ નજીવી વસ્તુ માટે બધા હસતાં હસતાં કહે, 'કરો આનાય ત્રણ ભાગ!'

સ્વામીશ્રીના આ ઉપકારની સ્મૃતિ કરતાં આજે ચિરાગભાઈ કહે છે, 'જો સ્વામીબાપાએ રસ ન લીધો હોત, તો અમે કોર્ટ-કચેરીમાં ગયા હોત અને આખી મિલકત રફે દફે થઈ ગઈ હોત. અમારી પાસે કશું ન બચ્યું હોત. કોર્ટના ધક્કા ખાઈને મરી ગયા હોત. ને કદાચ આજે પણ કોર્ટના ધક્કા ખાતા હોત. એને બદલે બધું સુખ-શાંતિથી પૂરું થઈ ગયું. આજે બધા ભાઈઓ વચ્ચે સંપ છે, સારા સંબંધો છે, સુખ છે એનું કારણ છે પ્રમુખસ્વામી મહારાજ.'

અડવાળના ભૈલુભા બાપુ પણ આવો જ પ્રસંગ યાદ કરતાં કહે છે, 'આજથી પંદર-સત્તર વર્ષ પૂર્વેની વાત છે. ગરાસની વહેંચણીમાં અમારે તકરાર થઈ હતી. આ વાતના સમાચાર મળ્યા એટલે સ્વામીબાપાએ બધાને બોલાવ્યા. મેં કહ્યું, 'બાપા! આવી વાતમાં અમારે તમને તકલીફ ન આપવી જોઈએ.' તો સ્વામીબાપા કહે, 'અમારા સત્સંગીના પરિવારમાં મુશ્કેલી હોય એ અમને ન ફાવે, માટે તમે બધા સાથે આવો ને બધા વચ્ચે સમાધાન થાય એવી અમારી ઈચ્છા છે.'

પછી સ્વામીબાપાએ સતત આઠ આઠ દિવસ સુધી અમને મળી અમારી વચ્ચે સુમેળ કરાવી આપ્યો. બીજાં કાર્યો ઠેલીને પણ સ્વામીબાપા અમારી સાથે બેસતા...'

આવા તો અનેક પરિવારો છે જે સ્વામીશ્રીના પ્રતાપે



ગરીબ હરિજન બંધુનો હાથ ઝાલીને સ્વામીશ્રીએ કરુણાસભર હૈયે તેમની સંભાળ લીધી છે...

**ગરીબ હરિજન** બંધુની સારવાર કરવાની હોય કે **ગરીબ કિશોર**ના શિક્ષણની ચિંતા કરીને તેની કારકિર્દી ઉજ્જ્વળ બનાવવાની હોય, સ્વામીશ્રીની કરુણા હંમેશાં સૌનું ભલું કરતી રહી છે...

તૂટતા બચી ગયા છે. આવા જ એક પરિવાર માટે સ્વામીશ્રી રોજના બબ્બે-ત્રણ ત્રણ કલાક સુધી સતત પંદર દિવસ સુધી બેઠા હતા! તેમાંના એક ભાઈએ કહેલું, 'જો અમારા પરિવારની સમસ્યામાં સ્વામીશ્રી ન ભળ્યા હોત, તો અમારામાંથી કોઈનું ખૂન થઈ જાત!'

આવા પ્રસંગોની તો હારમાળા રચાય તેમ છે. સ્વામીશ્રીની આવી નિઃસ્વાર્થ કરુણાનું સ્મરણ કરતાં આજેય તે પરિવારોની આંખો અશ્રુથી ભીંજાઈ જાય છે.

કોઈ ગરીબ ભક્તને નાની-મોટી બીમારી આવે અને તે હૉસ્પિટલનો ખર્ચ કરવા અસમર્થ હોય તો તેનેય સ્વામીશ્રી સહાયનો હાથ લંબાવતા.

સન ૧૯૯૬માં વડોદરામાં હૉસ્પિટલમાં ઠીકરિયા ગામના છગનભાઈ હરિજનને દાખલ કરવામાં આવ્યા હતા. તેમના પગમાં રુધિરનો પ્રવાહ પહોંચતો ન હતો, આથી બંને પગ કાળા પડી ગયેલા. હૉસ્પિટલમાં સેવા આપતા ડૉ. હર્ષદ જોષીએ છગનભાઈને તપાસી નિદાન કર્યું કે તત્કાળ બંને પગ કાપવા પડશે. છગનભાઈ એટલા ગરીબ હતા કે ઑપરેશનનો ખર્ચ આપવો એમના માટે અશક્ય હતો.


છગનભાઈ પૈસેટકે અત્યંત ગરીબ. ફાટેલાં-તૂટેલાં કપડાં પહેરે. સાથે જર્જરિત થયેલી નાની થેલી હોય. ઘરમાં રોટલો શેકવાની તાવડી પણ ત્રણ તારથી સાંધેલી હતી. રોટલો અને મરચું ખાઈ લે. શાક લેવાના પૈસા તો ક્યાંથી હોય? શાક ખાવાની ઇચ્છા થાય તો શેરીમાંથી નાના નાના પથરા વીણી, તેને ધોઈ તેનો વઘાર કરે અને રોટલા સાથે પથરા ચૂસીને ખાય. આટલી ગરીબી. પણ ભક્ત એકદમ પાકા.

પ્રમુખસ્વામી મહારાજને છગનભાઈની દયનીય સ્થિતિની જાણ થઈ અને સમાચાર મળ્યા કે છગનભાઈના પગ કાપવા પડે એમ છે. સ્વામીશ્રી દ્રવી ઊઠ્યા. સ્વામીશ્રીએ છગનભાઈના ઑપરેશન સહિત તમામ વ્યવસ્થા વિના મૂલ્યે કરી આપવા ડૉ. હર્ષદને જણાવ્યું. પછી સ્વામીશ્રીએ જિજ્ઞાસાથી પૂછ્યું, 'આવું શેના લીધે થાય?' ડૉ. હર્ષદને છગનભાઈનો પરિચય ન હોવાથી તેઓ કહે, 'બાપા, આ તો દારૂ-બીડી પીતા હોય ને તમાકુ ખાતા હોય એટલે આવું થઈ જાય.'

(અનુસંધાન પૃષ્ઠ ૪૮ પર)

# સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના સત્સંગ સમાચાર



## સારંગપુરમાં દિવ્ય સત્સંગ લાભ આપતા સ્વામીશ્રી...

સારંગપુર તીર્થધામ એટલે સંપ્રદાયનું નૈમિષારણ્ય ક્ષેત્ર. જ્યાં ભક્તિનો સુમધુર ઘંટારવ પડઘાતો રહે છે. જ્ઞાનના દીપ સદા ઝગમગતા રહે છે.

આ મહાતીર્થમાં બિરાજી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ દિવ્ય સત્સંગલાભ આપી રહ્યા છે. સ્વામીશ્રીના સાંનિધ્યમાં અહીં નિત્ય આધ્યાત્મિકતાનો દિવ્ય માહોલ રચાય છે. બ્રહ્મરસની દિવ્ય છોળો ઊડે છે. તેમાં ભીંજાઈ સંતો-હરિભક્તો-ભાવિકો પરબ્રહ્મનો સાક્ષાત્કાર કરી રહ્યા છે. સ્વામીશ્રી દર્શન વાટિકામાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના પ્રાસાદિક સ્થાન 'પ્રમુખ મંદિરમ્'માં પ્રાતઃપૂજા દર્શનનો લાભ આપે છે ત્યારે દૂર-સુદૂરથી ઊમટતા હજારો મુમુક્ષુઓ સ્વામીશ્રીનાં દર્શન અને આશીર્વાદનો લાભ પ્રાપ્ત કરી કૃતકૃત્ય બને છે. ઓનલાઈન સત્સંગ સભાઓમાં પણ સ્વામીશ્રી સૌને દર્શન-આશીર્વાદથી ભક્તિભીના કરે છે. કોરોના મહામારીએ સમગ્ર વિશ્વને ભરડામાં લીધું છે ત્યારે આ જીવલેણ મહામારીથી સૌની રક્ષા થાય અને સૌના દેશકાળ સારા થાય તે માટે સ્વામીશ્રી ભગવાન સમક્ષ ધૂન-પ્રાર્થના કરે છે.

છેલ્લા બે માસ દરમ્યાન સ્વામીશ્રીએ બી.એ.પી.એસ.નાં વિવિધ મંદિરોની મૂર્તિ-પ્રતિષ્ઠાઓ તેમજ અન્ય પ્રસંગોએ આપેલી સ્મૃતિઓને માણીએ...

તા. ૪-૮-૨૦૨૧ના રોજ સ્વામીશ્રીએ અમદાવાદ ખાતે સાબરકાંઠાના **અમીનપુર** અને **બહેડિયા**માં રચાયેલા બી.એ.પી.એસ. મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓનો વેદોક્ત પ્રાણ-પ્રતિષ્ઠાવિધિ કર્યો હતો. સાથે ભદ્રેસર ગામના પ્રમુખદ્વારની ઇષ્ટિકાઓનું પૂજન પણ કર્યું હતું.

તા. ૧૩-૮-૨૦૨૧ના રોજ તારીખ પ્રમાણે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો પાંચમો અંતર્ધાનદિન હતો. સ્વામીશ્રીએ પ્રમુખસ્વામી મહારાજના સ્મૃતિસ્થાને દર્શન કરી, આરતી ઉતારી હતી. ત્યારબાદ શાસ્ત્રીજી મહારાજના સ્મૃતિમંદિરે દર્શન કરી, વિવિધ શુભ સંકલ્પોની પરિપૂર્તિ માટે પ્રાર્થના કરી હતી.

તા. ૧૯-૮-૨૦૨૧ના રોજ સ્વામીશ્રીએ સારંગપુર ખાતે **સાઉથ લંડન**ના બી.એ.પી.એસ. મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓ અને **ઇસ્ટ લંડન**ના મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી નીલકંઠવર્ણી મહારાજની મૂર્તિની વેદોક્ત વિધિપૂર્વક પ્રાણ-પ્રતિષ્ઠા કરી હતી.

તા. ૨૪-૮-૨૦૨૧ના રોજ સારંગપુર ખાતે સ્વામીશ્રીએ કેનેડાનાં **વેનકુંવર**(ઘનશ્યામ મહારાજ, શ્રીરાધા-કૃષ્ણ, શ્રીશિવ-પાર્વતી, શ્રીગણપતિજી) અને **એડમેન્ટન**(ઘનશ્યામ મહારાજ) ખાતેના બી.એ.પી.એસ. મંદિરોમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની વેદોક્ત વિધિપૂર્વક પ્રાણ-પ્રતિષ્ઠા કરી આરતી ઉતારી હતી. અત્રે નોંધનીય છે કે નેનપુર ખાતેના નિવાસ દરમ્યાન સ્વામીશ્રીએ તા. ૯-૭-૨૦૨૧ના રોજ કેનેડાના **કેલગરી**(અક્ષરપુરુષોત્તમ મહારાજ), **વેનકુંવર**(અક્ષરપુરુષોત્તમ મહારાજ), **વ્હિટબી**(અક્ષરપુરુષોત્તમ મહારાજ), **સાસ્કાટૂન**(અક્ષરપુરુષોત્તમ મહારાજ, ઘનશ્યામ મહારાજ) અને **વિનીપેગ**(અક્ષરપુરુષોત્તમ મહારાજ, ઘનશ્યામ મહારાજ, શ્રીરાધા-કૃષ્ણ, શ્રીશિવ-પાર્વતી, શ્રીસીતા-રામ, શ્રીહનુમાનજી-ગણપતિજી) મંદિરોમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની સાથે સાથે અમદાવાદ ગ્રામ્ય વિસ્તારના **પાટડી**(અક્ષરપુરુષોત્તમ મહારાજ તથા શ્રીહનુમાનજી-ગણપતિજી), **વસઈ**(અક્ષરપુરુષોત્તમ મહારાજ તથા શ્રીહનુમાનજી-ગણપતિજી); નડિયાદ ગ્રામ્ય વિસ્તારના **પીપલગ**(અક્ષરપુરુષોત્તમ મહારાજ તથા શ્રીહનુમાનજી-ગણપતિજી) અને **હીરાચંદ મુવાડી**(ગુરુપરંપરા)ના બી.એ.પી.એસ. મંદિરોમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની વેદોક્ત વિધિપૂર્વક પ્રાણ-પ્રતિષ્ઠા કરી આરતી ઉતારી હતી.

તા. ૨૬-૮-૨૦૨૧ના રોજ સ્વામીશ્રીએ દક્ષિણ ગુજરાતના મહાનગર સુરત ખાતેના કણાદમાં નૂતન નિર્માણ પામી રહેલા શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના સંકુલમાં નૂતન રચાનાર ઠાકોરજી અને સંતનિવાસ 'પ્રમુખ હૃદય'ની શિલાઓ અને યંત્રોનું વેદોક્ત વિધિપૂર્વક પૂજન કરી ખાતમુહૂર્ત કર્યું હતું.

તા. ૨૭-૮-૨૦૨૧ના રોજ સ્વામીશ્રીએ સુરેન્દ્રનગર ખાતે રચાનાર બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના સંકુલમાં નૂતન નિર્માણ પામનાર સંત આશ્રમ, સભાગૃહ વગેરે વિવિધ પ્રકલ્પોની શિલાઓ, યંત્રોનું વેદોક્ત વિધિપૂર્વક પૂજન કરી ખાતવિધિ કર્યો હતો. ભગવાન સ્વામિનારાયણના પદારવિંદથી અનેકવાર પાવન થયેલી ભૂમિ એટલે કચ્છ. આ ધરાના મહાનગર ભુજ ખાતે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી ટૂંક સમયમાં નૂતન શિખરબદ્ધ બી.એ.પી.એસ. મંદિર નિર્માણ પામનાર છે. આ મંદિરના પ્રથમ સોપાનરૂપે તા. ૪-૯-૨૦૨૧ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે મંદિરના સંકુલમાં નૂતન નિર્માણ પામનાર સંત આશ્રમ, સભાગૃહ વગેરે વિવિધ પ્રકલ્પોની શિલાઓ, યંત્રો વગેરેનું વેદોક્ત વિધિપૂર્વક પૂજન કરી ખાતવિધિ કર્યો હતો. સંકુલ નિર્માણ-કાર્યનો પ્રારંભ કરાવી સ્વામીશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

તા. ૫-૯-૨૦૨૧ના રોજ પૂજ્ય ડૉક્ટર સ્વામી અને પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીએ ડૉ. કિરીટભાઈ શેલત દ્વારા લિખિત 'મહાન ઋષિ મહંત સ્વામી મહારાજ' અંગ્રેજી પુસ્તકનું વિમોચન કર્યું હતું.

તા. ૯-૯-૨૦૨૧, સામશ્રાવણીના પવિત્ર દિને સ્વામીશ્રી અને સંતોએ જનોઈ પરિવર્તિત કરી હતી.

તા. ૧૦-૯-૨૦૨૧, ગણેશ ચતુર્થીના શુભ દિને સ્વામીશ્રીએ ગણપતિજીની મૂર્તિનું વેદોક્ત વિધિપૂર્વક પૂજન કરી, લાડુનો થાળ ધરાવ્યો હતો. આરતીઅર્ઘ્ય બાદ પુષ્પાંજલિ અર્પી ગણેશજીને ભક્તિભાવ અર્પ્યો હતો.

સારંગપુર ખાતેના આ વખતના રોકાણ દરમ્યાન સ્વામીશ્રીએ વિવિધ ઉત્સવોની ઉજવણી કરી દિવ્ય સ્મૃતિઓ પ્રદાન કરી હતી. અહીં સંક્ષિપ્તમાં તે ઉત્સવ-પ્રસંગોનો આસ્વાદ માણીએ...

## જન્માષ્ટમી ઉત્સવ

તા. ૩૦-૮-૨૦૨૧, શ્રાવણ વદ આઠમ એટલે ભગવાન શ્રીકૃષ્ણનો પ્રાકટ્ય દિન. પાંચ હજાર વર્ષ પૂર્વે આ ધરા પર અવતાર ધરી અનેક દિવ્ય ચરિત્રો દ્વારા સૌને પ્રેમલક્ષણા ભક્તિનું ઘેલું લગાડનાર એ દિવ્ય મહાપુરુષના જન્મોત્સવે લાખો ભક્તો દર્શન-પૂજન-અર્ચન કરી અનેરો ભક્તિભાવ અર્પણ કરે છે. ભગવાનનાં દિવ્ય ચરિત્રોનું શ્રવણ-મનન કરી ભક્તિપરંપરામાં આદર્શ પ્રસ્થાપિત કરે છે.

સનાતન હિંદુધર્મમાં શ્રીકૃષ્ણ જન્મોત્સવનું અનેરું માહાત્મ્ય છે. તેઓના પ્રાકટ્ય દિને ભક્તિભાવ અર્પતા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની દિવ્ય સંનિધિમાં જન્મોત્સવ ઊજવાયો હતો. પ્રાતઃપૂજા બાદ સ્વામીશ્રી પ્રમુખ દર્શન વાટિકાના મંચ પર પધાર્યા ત્યારે સંતો-ભક્તોથી દર્શન વાટિકા હકડેઠઠ ભરાઈ ચૂકી હતી. સભામાં ભક્તિસાગરદાસ સ્વામી, વિવેકસાગરદાસ સ્વામીના પ્રાસંગિક પ્રવચન બાદ ડૉ. સ્વામીએ પ્રેરણાવચનો કહ્યાં હતાં. આજના પ્રસંગે અક્ષરપુરુષોત્તમ મહારાજ સમક્ષ વિવિધ મિષ્ટાન્ન અને ફળફળાદિનો કૂટ રચવામાં આવ્યો હતો. ઉત્સવિયા ભક્તિપદોના ગાન સાથે સ્વામીશ્રીએ ઠાકોરજીને કલાત્મક પારણે ઝુલાવી વિશેષ ભક્તિભાવ અર્પ્યો હતો.

શ્રીકૃષ્ણ જન્મોત્સવની મુખ્ય સભા ઓનલાઈન માધ્યમથી ઊજવાઈ હતી. રાત્રે ૮ થી ૯-૩૦ વાગ્યા દરમ્યાન પ્રસારિત થયેલી ઉત્સવ સભામાં ભગવાન શ્રીકૃષ્ણનાં દિવ્ય ચરિત્રોનું મહિમાગાન કરવામાં આવ્યું હતું. શ્રાવણ માસ પારાયણ અંતર્ગત કથાવાર્તાનો લાભ આપતાં શ્રુતિ-પ્રકાશદાસ સ્વામી અને ભક્તિસાગરદાસ સ્વામીએ અનુક્રમે મહાભારત અને શ્રીમદ્ ભાગવતમાં વર્ણવેલા ભગવાન શ્રીકૃષ્ણનાં દિવ્ય ચરિત્રો અને સંદેશનું મહિમાગાન કર્યું હતું. ત્યારબાદ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે શ્રીકૃષ્ણ ભગવાનનાં દિવ્ય ચરિત્રોનો મહિમા ગાયો હતો તેની સ્મૃતિ વીડિયોના માધ્યમથી સૌએ કરી હતી.

હારતોરા વિધિ બાદ સ્વામીશ્રીએ આજના ઉત્સવને અનુરૂપ આશિષ અર્પતાં જણાવ્યું: ‘‘જન્માષ્ટમીનો સમૈયો આખા ભારતમાં ઉજવાય છે. ખાસ કરીને વૈષ્ણવો વિધિપૂર્વક-શ્રદ્ધાપૂર્વક ઊજવે છે. મહાભારતના યુદ્ધ પૂર્વે કૌરવો અને પાંડવો ભગવાન શ્રીકૃષ્ણ પાસે ગયા તે પ્રસંગ વર્ણવી કહે : જ્યાં ભગવાન અને સંત હોય ત્યાં જીત છે. અર્જુન મનધાર્યું મૂકીને ભગવાનને શરણે ગયા તો તેમની જીત થઈ.

શ્રીજીમહારાજે પણ કહ્યું, ‘કોઈ અનંત સાધન કરે અને કોઈ એક સાધન કરે...’ - એક સાધન એટલે ભગવાનનો દૃઢ આશરો. અને આપણે તો ભગવાનનો દૃઢ આશરો છે જ. આપણે અક્ષરપુરુષોત્તમના યોદ્ધાઓ છીએ. મનધાર્યું મૂકીને ભગવાનને શરણે આવ્યા છીએ એટલે આપણો વિજય નિશ્ચિત જ છે. આપણને શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ મળ્યા છે. આ સત્પુરુષો માયાથી પર છે. એમનો આશરો આપણે કર્યો છે એટલે સીધા



અક્ષરધામમાં જવાશે.

પ્રમુખસ્વામી મહારાજનો શતાબ્દી મહોત્સવ આવે છે તે વખતે આપણે અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા દૃઢ કરીને, નિયમમાં રહીને તેનું પ્રવર્તન કરવા મંડવાનું છે. વધુમાં વધુ તેનું પ્રવર્તન કરી ગુરુભક્તિ અદા કરીએ એ જ પ્રાર્થના.''

આશીર્વાદની પૂર્ણાહુતિ બાદ સ્વામીશ્રીએ કલાત્મક હિંડોળામાં વિરાજમાન અક્ષરપુરુષોત્તમ મહારાજની આરતી ઉતારી. અને ત્યારબાદ સંકીર્તન ભક્તિ દ્વારા ભગવાનના પ્રાકટ્યોત્સવને સૌએ હર્ષભેર વધાવ્યો હતો. સ્વામીશ્રીએ ભગવાનને પારણે ઝુલાવી ભક્તિઅર્ઘ્ય અર્પ્યું હતું.

Sabha.baps.org અને GTPL કથા ટીવી ચેનલ પર પ્રસારિત થયેલી જન્મોત્સવની વિશિષ્ટ સભામાં ભગવાનના દિવ્ય ચરિત્ર-સંદેશને આત્મસાત્ કરી જીવનને ધન્ય બનાવવાના સંકલ્પ સાથે સૌ કૃતકૃત્ય બન્યા હતા.

## ગુરુહરિ જન્મજયંતી દિન

તા. ૧૩-૯-૨૦૨૧ના રોજ તારીખ પ્રમાણે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનો ૮૮મો જન્મદિન ભક્તિભાવથી ઊજવાયો હતો. ઉત્સવને અનુરૂપ ઠેર ઠેર સુશોભનો કરવામાં આવ્યાં હતાં. દૂર-સુદૂરથી ગુરુહરિને જન્મદિનની વધાઈ આપવા ઊમટેલા હરિભક્તોને સ્વામીશ્રીએ પ્રાતઃપૂજા દર્શનનો લાભ આપ્યો હતો. પૂજા દરમ્યાન સ્વામીશ્રીના વિવિધ પ્રસંગોનું સ્મરણ અને તેની સાથે એ જ ભાવને વ્યક્ત કરતાં ભક્તિપદોનું ગાન કરી સંગીતજ્ઞ સંતોએ સંતમહિમા વર્ણવ્યો હતો. સુંદર ભક્તિપદોથી વાતાવરણ વિશેષ ઉત્સવમય બની ગયું હતું.

પૂજાના અંતે સ્વામીશ્રીએ આશીર્વચનમાં શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓનો મહિમા કહી, 'સૌ તને-મને-ધને સુખી થાય. સૌના દેશકાળ સારા થાય. કોરોના મહામારીમાં જે ખોટ પડી છે તેની ભરપાઈ થાય અને સમગ્ર દેશમાં વીસ આની વરસાદ વરસે' એવા રૂડા આશીર્વાદ આપ્યા હતા.

આજે દેશ-પરદેશના હરિભક્તોએ ગુરુહરિના જન્મદિને વિવિધ કલાત્મક હાર, ચાદર મોકલી હતી, તે હાર-ચાદર સમગ્ર બી.એ.પી.એસ. પરિવાર વતી પૂજ્ય ડૉક્ટર સ્વામી અને આત્મસ્વરૂપદાસ સ્વામીએ સ્વામીશ્રીને અર્પણ કરી અભિવંદના કરી હતી.

## મંડપમ્ પૂજન - ઉદ્‌ઘાટન

તા. ૧૬-૯-૨૦૨૧ના રોજ સારંગપુરના આંગણે એક વિશિષ્ટ અવસર ઊજવાઈ ગયો. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના સ્મૃતિસ્થાનની નજીક એક કલાત્મક મંડપ રચવામાં આવ્યો છે. તેનું નામ આપવામાં આવ્યું છે – 'પ્રમુખ દર્શન-પૂજન મંડપમ્'

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા આજરોજ આ મંડપમ્‌નું વિધિવત્ પૂજન-ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. ઉદ્‌ઘાટન વિધિ બાદ સ્વામીશ્રીએ મંડપમ્‌માં કલાત્મક સિંહાસનમાં અક્ષરપુરુષોત્તમ મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની મૂર્તિનું વિધિવત્ સ્થાપન કર્યું હતું. સાથે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી



મહારાજનાં અસ્થિપુષ્પનો કળશ પધરાવ્યો હતો. ઉપરાંત ભગવાન સ્વામિનારાયણનાં પુનિત ચરણારવિંદ પધરાવી સ્વામીશ્રીએ આરતી-અર્ઘ્ય અને મંત્રપુષ્પાંજલિ અર્પણ કરી હતી.

સારંગપુરમાં દર્શનાર્થે પધારતા અસંખ્ય મુમુક્ષુઓ આ મંડપમ્‌માં દર્શનનો લાભ પ્રાપ્ત કરી ધન્યતા અનુભવશે.

## જળઝીલણી ઉત્સવ

તા. ૧૭-૯-૨૦૨૧, ભાદરવા સુદ એકાદશી એટલે જળઝીલણી-પરિવર્તિની એકાદશીનો અતિ પવિત્ર દિન. આ દિનને વર્ષોથી બી.એ.પી.એસ. સંસ્થામાં ભક્તિભાવથી ઊજવવામાં આવે છે.

એ જ પરંપરામાં સારંગપુર ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં જળઝીલણી ઉત્સવની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. વહેલી સવારથી જ મંદિરમાં ઉત્સવનો માહોલ જામ્યો હતો. હરિભક્તો-ભાવિકો ભક્તિમાં ગુલતાન બન્યા હતા. સૌનો ઉત્સાહ અનન્ય હતો. હરિભક્તો-ભાવિકોથી પ્રમુખ દર્શન વાટિકા છલકાતી હતી. સ્વામીશ્રીએ પ્રાસાદિક 'પ્રમુખ મંદિરમ્'માંથી પૂજા દર્શનનો લાભ આપ્યો. અક્ષરપુરુષોત્તમ મહારાજ પણ કલાત્મક નાવમાં વિરાજી દર્શનલાભ આપી રહ્યા હતા.

પ્રાતઃ પૂજાથી જ જળઝીલણી ઉત્સવનો આરંભ થયો. સંતોના સુમધુર કંઠે ભગવાન સ્વામિનારાયણની જળલીલાનાં પદોના ગાનથી સમગ્ર વાતાવરણ ઉત્સવમય બન્યું હતું.

પૂજા બાદ સ્વામીશ્રીએ જીવન પરિવર્તન વિષયક શુભાશિષ અર્પતાં જણાવ્યુંઃ ''આ ઉત્સવ આદિકાળથી ચાલ્યો આવે છે, તેમાં મૂળ પરિવર્તન. આપણા સૌના જીવનમાં પરિવર્તન આવે એ મુદ્દો છે. બાકી તો આ ઉત્સવનું દૃશ્ય ઊભું કરે ને ચાલ્યે રાખે પણ જીવનમાં પરિવર્તન આવે એ મુદ્દો છે.

આજે ભગવાન પડખું ફર્યા. પડખું એટલે આપણા જીવનની રીત-ભાત બદલવાની વાત છે. અને આપણે બધા સત્સંગી થયા છીએ પણ આજે ને આજે બધું પરિવર્તન ના થાય, ધીમે ધીમે ઉપર ચડવાનું. એક સ્થાન પર પડી ના રહેવું, ઊભા થઈને ચાલવાનું તો નિશાને-અક્ષરધામે પહોંચીએ. અને શ્રદ્ધાથી પહોંચવાનું છે. ગીતામાં કહ્યું, 'શ્રદ્ધાવાન્ લભતે જ્ઞાનમ્' શ્રદ્ધા હોય તેને જ્ઞાન થાય. આપણે શ્રદ્ધા રાખી આગળ વધીએ એ જ પ્રાર્થના.''

આશીર્વાદની પૂર્ણાહુતિ બાદ પૂજ્ય ડૉક્ટર સ્વામીએ હારતોરાથી સ્વામીશ્રીને વધાવ્યા હતા. હારતોરા બાદ સ્વામીશ્રીએ 'રાજીપો' ઓડિયો બુકનું વિમોચન કર્યું હતું.

હવે, ઠાકોરજીની જળલીલાનો આરંભ થયો. જળલીલાનાં ઉત્સવિયાં ભક્તિપદોના તાલે શુદ્ધ જળથી ભરેલા જળકુંડમાં, મયૂરાકાર નૌકામાં અક્ષરપુરુષોત્તમ મહારાજને સ્વામીશ્રીએ રિમોર્ટ કંટ્રોલ વડે મહિમાપૂર્વક જળવિહાર કરાવ્યો હતો. જળવિહાર કરતા ઠાકોરજીની પરંપરા મુજબ વરિષ્ઠ સંતોએ ક્રમશઃ ચાર આરતી ઉતારી અને પંચમ આરતી સ્વામીશ્રીએ ઉતારી ભક્તિભાવ અર્પ્યો હતો.



ઠાકોરજીની જળલીલા બાદ સ્વામીશ્રીએ ગણપતિજીનું વૈદિક પૂજન કર્યું હતું. ઉત્સવ-સભાની સમાપ્તિ બાદ સંતોએ ‘ગણપતિ બાપા મોરિયા’ના જયઘોષ વચ્ચે ગણપતિજીની ચલમૂર્તિનું વિસર્જન યજ્ઞપુરુષ સરોવરમાં કર્યું હતું.

જળઝીલણીના મહા-ઉત્સવની ઉજવણી બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે વિવિધ સ્થળોએ કરી સૌને અલભ્ય લાભ આપ્યો હતો, તે સ્મૃતિઓ આજના દિને સૌના માનસપટ પર અંકિત થઈ આવી હતી.

આમ, આજનો ઉત્સવ ભક્તિભાવ સાથે સંપન્ન થયો હતો. GTPL કથા ચેનલ અને Live.baps.org પર સવારે ૬-૧૫ થી ૮-૧૫ વાગ્યા સુધી પ્રસારિત થયેલા જળઝીલણી ઉત્સવનો ઘરે બેઠાં લાભ પ્રાપ્ત કરી હજારો હરિભક્તો પુલકિત થઈ ઊઠ્યા હતા.

આજે સરકાર દ્વારા સારંગપુર મંદિરમાં કોરોના વેક્સિન આપવાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ઘણા ભક્તોએ રસીકરણનો લાભ લીધો હતો.

## પવિત્ર શ્રાવણ માસમાં પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી પર્વ ઉપક્રમે ‘સદ્‌ગુણ સાગર પ્રમુખસ્વામી’ શીર્ષક સાથે યોજાઈ સંત પારાયણ




પવિત્ર શ્રાવણ માસ એટલે ભક્તિનો અનોખો અવસર.

સનાતન હિંદુ સંસ્કૃતિમાં ભગવાન પ્રત્યે અપ્રતિમ ભક્તિભાવ અર્પવાનો અતિ મહિમાવંતો માસ. આ માસ દરમ્યાન અસંખ્ય ભાવિક ભક્તો વિવિધ વ્રત-તપ-ઉપવાસ-કથાવાર્તા-ભજનભક્તિ દ્વારા ભગવાનને ભક્તિઅર્ઘ્ય અર્પણ કરે છે. આ ભક્તિપરંપરાને કેન્દ્રમાં રાખી દર વર્ષે બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા શ્રાવણ માસમાં સંતપારાયણનું આયોજન કરવામાં આવે છે.

આ વર્ષે પણ સંસ્થા દ્વારા તા. ૯ ઑગસ્ટ થી ૬ સપ્ટેમ્બર, ૨૦૨૧ દરમ્યાન સંતપારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ષ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનું શતાબ્દી વર્ષ હોવાથી તેઓનાં શ્રીચરણોમાં ભક્તિભાવ અર્પતા ‘સદ્‌ગુણ સાગર પ્રમુખસ્વામી’ મધ્યવર્તી વિચાર સાથે તેઓનાં જીવન, સંદેશ અને કાર્યને શબ્દોમાં મૂલવતાં વિવિધ વિષયો પર સંસ્થાના વિદ્વાન સંતો અને વરિષ્ઠ સંતોએ મનનીય કથાવાર્તાનો લાભ આપ્યો હતો. હરિભક્તોએ પણ નિત્ય આતુરતાપૂર્વક કથારસનો આસ્વાદ માણ્યો હતો. કથાવાર્તાનો લાભ લેતા પૂર્વે જે તે ક્ષેત્રના સંત નિર્દેશકોની સૂચના અનુસાર નક્કી કરવામાં આવેલા દિવસોએ હરિભક્તોએ ઘરે બેઠાં પારાયણ-પૂજનનો લાભ પ્રાપ્ત કર્યો હતો.

GTPL કથા ચેનલ, આસ્થા ભજન ચેનલ અને Sabha.baps.org પર સોમવારથી શનિવાર દરમ્યાન નિત્ય રાત્રે ૮-૦૦ થી ૮-૫૫ વાગ્યા સુધી અને રવિવારે ૫-૩૦ થી ૭-૦૦ વાગ્યા સુધી પ્રસારિત થયેલી સંતપારાયણમાં સંતોના મુખેથી પ્રમુખસ્વામી મહારાજના વિરલ વ્યક્તિત્વને ઘરે બેઠાં માણતા લાખો ભક્તો-ભાવિકો ગુરુહરિના પ્રદાનને મનોમન વંદી રહ્યા હતા...




# સત્સંગદીક્ષા શાસ્ત્ર અધ્યયન ઓનલાઇન કોર્સનો વિધિવત્ પ્રારંભ કરાવતા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ...

પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણ અને બ્રહ્મસ્વરૂપ ગુરુપરંપરાના દિવ્ય સિદ્ધાંતોને સંક્ષેપમાં સમાવી લેતા અને મહંત સ્વામી મહારાજ દ્વારા વિરચિત સત્સંગદીક્ષા શાસ્ત્રના ગહન અધ્યયન અને સમજ માટે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ શોધ સંસ્થાન (દિલ્હી) દ્વારા સત્સંગદીક્ષા ઓનલાઇન વર્ગો શરૂ કરવામાં આવ્યા છે.

સત્સંગદીક્ષા એક આધ્યાત્મિક શાસ્ત્ર છે. પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ દ્વારા લિખિત આ શાસ્ત્ર પરબ્રહ્મ ભગવાન સ્વામિ-નારાયણ દ્વારા પ્રબોધિત આજ્ઞા અને ઉપાસના સિદ્ધાંતોનું સંક્ષેપમાં વર્ણન કરે છે અને મુક્તિનો માર્ગ દર્શાવે છે. આ શાસ્ત્ર અક્ષરપુરુષોત્તમ સંહિતા નામના ગ્રંથના એક ભાગરૂપે સમાયેલ છે. જે આચારપદ્ધતિ, તત્ત્વજ્ઞાન અને સત્સંગના સિદ્ધાંતોના વિવિધ આયામોને વિશદતાથી શાસ્ત્રીય શૈલી દ્વારા નિરૂપણ કરે છે. આ શાસ્ત્રને મહામહોપાધ્યાય ભદ્રેશદાસ સ્વામીએ સંસ્કૃતમાં શ્લોકબદ્ધ કર્યું છે.

સત્સંગદીક્ષા શાસ્ત્રના ૩૧૫ શ્લોકોમાં વૈદિક સનાતન ધર્મનો અર્ક, સકલ શાસ્ત્રોનો સાર અને ભક્તિ પરંપરાનો સમાવેશ થાય છે. આ સર્વગ્રાહી શાસ્ત્ર સામાજિક સમરસતાનું પોષણ કરે છે. સત્સંગદીક્ષામાં દર્શાવેલ નૈતિક વર્તન, સામાજિક વ્યવહાર અને આધ્યાત્મિક જ્ઞાનના ઉપદેશોનું પાલન વ્યાપક સાધકવર્ગ દ્વારા થઈ રહ્યું છે.

સત્સંગદીક્ષા શાસ્ત્રમાં વર્ણિત આધ્યાત્મિકતાના ગહન વિષયોને સહજમાં સમજવા માટે ઓનલાઈન વર્ગો શરૂ થયા છે. તેમાં ભાગ લેવા ઇચ્છતા અને ઓછામાં ઓછી ૧૮ વર્ષની વય ધરાવતા વિદ્યાર્થીઓએ એપ્લીકેશન દ્વારા ઓનલાઈન રજિસ્ટ્રેશન કર્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ પોતાની અનુકૂળ ભાષામાં અભ્યાસક્રમની નોંધણી કરી હતી. વિદ્યાર્થી દ્વારા પસંદ કરેલી ભાષામાં જ ઓનલાઈન વર્ગોમાં અધ્યાપન કાર્ય કરાવવામાં આવશે.

તા. ૬-૯-૨૦૨૧ના રોજ સારંગપુર ખાતે પરમ પૂજ્ય મહંત






સ્વામી મહારાજ, પૂજ્ય ડૉક્ટર સ્વામી અને પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીની ઉપસ્થિતિમાં આ સત્સંગદીક્ષા અધ્યયનનો ઉદ્ઘાટન સમારોહ યોજાયો હતો. સાયંકાળે યોજાયેલા આ ઉદ્ઘાટન સમારોહમાં પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીએ સ્વામિનારાયણીય વાંગ્મયની વાત કરીને પ્રસ્તુત ગ્રંથનું માહાત્મ્ય વર્ણવ્યું હતું. ત્યારપછી પરમ પૂજ્ય સ્વામીશ્રીએ પ્રથમ અક્ષરપુરુષોત્તમ મહારાજ તેમજ 'સત્સંગદીક્ષા'નું પૂજન કરીને દીપપ્રાગટ્ય દ્વારા અધ્યયનનો શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે મહામહોપાધ્યાય ભદ્રેશદાસ સ્વામીએ પ્રાસંગિક ઉદ્બોધનમાં પૂર્વભૂમિકા સાથે અધ્યયનની વિગતવાર માહિતી આપી હતી.

સત્સંગદીક્ષા શાસ્ત્રનો મહિમા સમજાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''શ્રીજીમહારાજે અક્ષરપુરુષોત્તમની વાત કેટલાયને રૂબરૂ કરી છે. ગુણાતીત ગુરુઓએ પણ આ વાત કરી છે. એમના મનમાં તો એકદમ ચોખ્ખું જ હતું કે મહારાજ અને સ્વામી - આ બે સ્વરૂપો છે. પણ એ વેળા આવતી નહોતી, હવે બધી વેળા આવી ગઈ છે.

આજ્ઞા-ઉપાસનાની વાત મુખ્ય છે. એ બધું આપણે સંક્ષિપ્તમાં, હાથવેંતમાં આવી ગયું છે. એટલે મહારાજ-સ્વામી અને ગુરુપરંપરાના મનમાં હતું એ જ સત્સંગદીક્ષામાં લખાયું છે. હવે બધાએ તેનું અધ્યયન કરવાનું છે. વરસના અંતે શુદ્ધ ઉચ્ચાર સાથે અધ્યયન કરશે અને મર્મ જાણશે, હૃદ્ગત અભિપ્રાય પણ જાણશે. તે જાણ્યા પછી અમલમાં મૂકવાની વાત છે. અને સત્પુરુષ સિવાય આ કોઈ ન કરાવી શકે. એમને મહારાજ-સ્વામી વશ છે. તેમને ધારણ કરીને બધી ક્રિયા કરે છે. આ બધું સત્સંગદીક્ષામાં જ લખેલું છે. માટે તેનું અધ્યયન કરવું.''

આમ, સાંજે ૬-૩૦ થી ૮-૦૦ વાગ્યા દરમ્યાન સ્વામીશ્રીની નિશ્રામાં સત્સંગદીક્ષા શાસ્ત્ર અધ્યયનનો પ્રથમ વર્ગ લેવાયો હતો. ઓનલાઇન પ્રસારિત આ પ્રથમ વર્ગમાં દેશ-પરદેશના સંતો તેમજ અસંખ્ય હરિભક્તોએ જોડાઈ ગુરહરિના અંતરનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. પૂર્વાયોજન મુજબ ઓનલાઇન રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું હોઈ ૧૫,૦૦૦ની સંખ્યામાં યુવકો-હરિભક્તો બાઈ-ભાઈ જોડાયાં હતાં. આ વર્ગો એક વર્ષ સુધી નિશ્ચિત સમયાનુસાર ઓનલાઇન કાર્યરત રહેશે.

(બ્રહ્મવત્સલદાસ સ્વામી લિખિત અહેવાલ-પત્રો પરથી સંકલિત) ◆



# અમેરિકાના શિકાગો ખાતેના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં યુવા પ્રવૃત્તિ કેન્દ્રનું ઉદ્‌ઘાટન...

અમેરિકાના પ્રસિદ્ધ મિશીગન સરોવરના કાંઠે વસેલું જગપ્રસિદ્ધ શિકાગો શહેર ભારતીય સંસ્કૃતિના ઇતિહાસનું એક અનોખા પૃષ્ઠ સમું છે. આજથી સવા સદી પહેલાં સ્વામી વિવેકાનંદે અહીં ભારતીય સંસ્કૃતિનો ઉદ્‌ઘોષ કર્યો ત્યારે સંસ્કૃતિની જ્યોતને લઈને ભવિષ્યમાં યુવાનો અહીં ઘૂમશે તેવી આશા વ્યક્ત કરી હતી.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે શિકાગો શહેરમાં ભારતીય સંસ્કૃતિની ધરોહર સમા ભવ્ય બી.એ.પી.એસ. શિખરબદ્ધ મંદિરની સન ૨૦૦૪માં ભેટ આપી ત્યારે અનેકને સ્વામી વિવેકાનંદજીના એ શબ્દો સાકાર થતા અનુભવાયા હતા.

સનાતન વૈદિક ધર્મ અને ભારતીય સંસ્કૃતિના પોષણ માટે મંદિરની સાથે સાથે પ્રમુખસ્વામી મહારાજે સત્સંગ પ્રવૃત્તિઓની એક અનોખી જ્યોત અહીં પ્રગટાવી છે. એ માટે તેઓએ વિશાળ સત્સંગ ભવન અને અમેરિકા ખાતે ભારતીય પરંપરાગત શૈલીમાં સર્વપ્રથમ કાષ્ઠમંડિત હવેલી પણ રચી હતી. છેલ્લાં ૧૭ વર્ષથી આ મંદિર અહીં વસતા ભારતીયોમાં સનાતન હિન્દુ સંસ્કૃતિ અને સંસ્કારની જ્યોત ઝળહળતી રાખીને ભૌતિકવાદના વમળમાંથી સત્સંગમાર્ગે પ્રયાણ કરાવી રહ્યું છે.

પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી શિકાગો ખાતે રચાયેલા આ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં હજારો ભાવિક-ભક્તો તેમજ સ્થાનિક અમેરિકનો પધારીને નૂતન આધ્યાત્મિક પ્રેરણા પ્રાપ્ત કરી રહ્યા છે. અહીં પ્રતિવર્ષે કિશોર-કિશોરી શિબિર, યુવક-યુવતી શિબિરો, યુવા અધિવેશન, યુવા કન્વેશન, રાષ્ટ્રીય સેમિનારો યોજાય છે અને તેના દ્વારા યુવક-યુવતીઓની અનેકવિધ રચનાત્મક શક્તિઓ ખીલવવા પ્રયાસ થાય છે.

આ મંદિર પરિસરમાં તાજેતરમાં એક નવું સોપાન ઉમેરાયું. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પ અનુસાર, પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી યુવાનોના વ્યક્તિત્વ વિકાસ માટે યુથ ઍક્ટિવિટી સેન્ટર એટલે કે યુવા પ્રવૃત્તિ કેન્દ્રનું વિધિવત્ ઉદ્‌ઘાટન પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીના હસ્તે તાજેતરમાં તા. ૨૯-૮-૨૦૨૧ના રોજ કરવામાં આવ્યું.

આ સેન્ટરના ઉદ્‌ઘાટન ઉત્સવના ઉપક્રમે સવારે પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી, યજ્ઞવલ્લભદાસ સ્વામી અને સંતોની ઉપસ્થિતિમાં વેદોક્ત મહાપૂજાવિધિ યોજાયો હતો. આ પ્રસંગે ગ્રેટર શિકાગો તથા મિડવેસ્ટ પ્રદેશમાંથી મોટી સંખ્યામાં હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા. તે સૌએ પણ મંદિરની સામેના વિશાળ પ્રાંગણમાં આ વેદોક્ત મહાપૂજાવિધિનો લાભ પ્રાપ્ત કર્યો હતો. પવિત્ર શ્લોકગાનોનાં ઉચ્ચારણોથી સમગ્ર મંદિર પરિસર અલૌકિક આધ્યાત્મિક ઊર્જાથી છલકાઈ ઊઠ્યું હતું. સૌએ ઉત્સાહભેર સંમિલિત થઈને પોતાના શુભ સંકલ્પોની મહાપૂજામાં પ્રાર્થના કરી હતી. મહાપૂજાના અંતે પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની દૂરંદેશિતા અને વિશાળ દૃષ્ટિકોણ કેવો હતો તે અંગે સ્વાનુભવો વર્ણવીને વિશેષમાં જણાવ્યું હતું કે ‘આ યુથ ઍક્ટિવિટી સેન્ટર દ્વારા હજારો યુવકો સકારાત્મકતા તરફ વિશેષ આગળ વધશે. સાથે સાથે પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પ મુજબ ચારિત્રવાન સમાજ તૈયાર કરવામાં પણ અહીંથી વિશેષ પ્રેરણા મળશે.’ ત્યારબાદ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીના વરદ હસ્તે આ વેદોક્ત વિધિપૂર્વક આ યુથ ઍક્ટિવિટી સેન્ટરનું ઉદ્‌ઘાટન થયું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે આ યુથ ઍક્ટિવિટી સેન્ટરમાં કુલ ૨૬ ખંડો, મીટિંગ રૂમ અને પૂર્ણકક્ષાનું જિમ બનાવવામાં આવ્યાં છે, જેના કારણે બાળકો અને યુવકો સંસ્કૃતિ, ધર્મ, કલા-સંગીત, સ્વાસ્થ્ય અને જીવન ઘડતરની અન્ય પ્રવૃત્તિઓ સરળતાથી કરી શકશે. સાથે સાથે અહીં પ્રદર્શન ખંડ તથા નીલકંઠવર્ણી અભિષેક મંડપમ્‌નું પણ નિર્માણ કરવામાં આવ્યું છે. આ યુથ ઍક્ટિવિટી સેન્ટરનું લોકાર્પણ થતાં જ યુવાનોના જીવનઘડતર માટે નૂતન દિશાઓ ખૂલી છે. ◆









# એટલાન્ટા ખાતે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં નૂતન અભિષેક મંડપનો ઉદ્‌ઘાટનવિધિ



અમેરિકાના દક્ષિણ-પૂર્વ વિભાગમાં જ્યોર્જિયા રાજ્યની રાજધાની એટલાન્ટા મહાનગરમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે તા. ૨૬-૮-૨૦૦૭ના રોજ શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનું નિર્માણ કર્યું હતું. ભારતીય પરંપરાગત શૈલીમાં સંગેમરમરથી નિર્મિત આ મંદિર છેલ્લાં ૧૪ વર્ષથી ભારતીય સંસ્કૃતિનાં તેજપુંજ પ્રસરાવી રહ્યું છે અને એટલાન્ટાના નગરજનોમાં અનોખા આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે સન ૨૦૧૭માં અહીં અભિષેક મંડપમ્‌નું ઉદ્‌ઘાટન કર્યું હતું. તાજેતરમાં આ અભિષેક મંડપમ્‌ને નૂતન ઓપ આપવામાં આવ્યો હતો. તા. ૧ સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ આ કલાત્મક, નયનરમ્ય અભિષેક મંડપમ્‌નું ઉદ્‌ઘાટન કર્યું હતું, જેના નિર્માણમાં કીર્તિસાગરદાસ સ્વામીએ અનન્ય પુરુષાર્થ કર્યો છે.



ઉદ્‌ઘાટનવિધિ બાદ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ વેદોક્ત વિધિપૂર્વક શ્રી નીલકંઠવર્ણી મહારાજ પર પ્રથમ અભિષેક કર્યો હતો. સાથે સાથે અહીં આવનાર સૌના શુભ સંકલ્પ પૂર્ણ થાય તે માટે વિશેષ ધૂન-પ્રાર્થના કરી હતી. ત્યારબાદ નિર્માણકાર્યમાં સહયોગ આપનાર હરિભક્તોને તેઓએ બિરદાવ્યા હતા.

# ઑસ્ટ્રેલિયાના હોબાર્ટ નગર ખાતે નૂતન મંદિર અને પર્થ મંદિરમાં શ્રી નીલકંઠવર્ણી મહારાજનો મૂર્તિ સ્થાપનવિધિ ઉત્સવ

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદથી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની નિશ્રામાં એશિયા-પેસેફિક દેશોમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણીય સત્સંગની સતત અભિવૃદ્ધિ થઈ રહી છે. તાજેતરમાં ઑસ્ટ્રેલિયાના હોબાર્ટ નગર ખાતે નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા વિધિ સંપન્ન થયો હતો.

સ્વામીશ્રીની પ્રેરણાથી અહીં સન ૨૦૧૬થી બી.એ.પી.એસ. સત્સંગસભાનો આરંભ થયો ત્યારબાદ સ્વામીશ્રીના આશીર્વાદથી અને સંતોનાં વિચરણથી ધીમે ધીમે સત્સંગની અભિવૃદ્ધિ થતાં મંદિરની જરૂરિયાત જણાઈ. સ્થાનિક હરિભક્તોના ઉત્સાહથી થોડા જ સમયમાં નૂતન મંદિર રચાઈ ગયું. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે તા. ૨૮-૭-૨૦૨૧ના રોજ પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓનું વેદોક્ત પૂજન કરીને મૂર્તિમાં પ્રાણપ્રતિષ્ઠા કરી હતી. તે મૂર્તિઓનો સ્થાપનવિધિ પૂજ્ય પરમચિંતનદાસ સ્વામી અને અન્ય સંતોએ હોબાર્ટ નગર ખાતે કર્યો હતો. આ ઉત્સવનો ઘેરબેઠાં ૧,૩૩૦ કરતાં વધારે સ્થાનિક શહેરના ભક્તોએ લાભ લીધો હતો.

આમ, એશિયા-પેસેફિક દેશના વધુ એક શહેરમાં વૈદિક અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનાં પડઘમ ગુંજતાં થયાં.

ઑસ્ટ્રેલિયાનાં બી.એ.પી.એસ. સત્સંગ કેન્દ્રોમાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓમાં વધુ એક સોપાન ઉમેરાયું - પર્થ ખાતે.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી ઑસ્ટ્રેલિયાના મહાનગર પર્થમાં સ્થપાયેલું બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર છેલ્લાં ઘણાં વર્ષોથી સૌને પવિત્ર પ્રેરણાઓ આપી રહ્યું છે. તા. ૧૫-૮-૨૦૨૧ના પર્થ શહેરના વાંગરા વિસ્તારમાં નિર્માણ પામેલા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં શ્રી નીલકંઠવર્ણી મહારાજની મૂર્તિનો સ્થાપનવિધિ ઉત્સવ યોજાયો હતો. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા તા. ૧૦-૩-૨૦૨૧ના રોજ પ્રતિષ્ઠિત શ્રી નીલકંઠવર્ણી મહારાજની મૂર્તિનો સ્થાપનવિધિ એશિયા-પેસેફિક દેશોમાં વિચરણ કરતા સંતોના હસ્તે થયો હતો.

આ પ્રસંગે યોજાયેલ વેદોક્ત મહાપૂજાવિધિ તથા આરતીનો લાભ પર્થ અને આજુબાજુનાં શહેરોમાં વસતા સત્સંગી પરિવારોએ ઓનલાઇન માધ્યમથી ઘરેબેઠાં જ લીધો હતો. સ્થાપનવિધિ બાદ મધ્યાહ્ને અહીં વસતા ભક્તોએ મંદિરમાં પધારીને કોવિડ ગાઈડલાઇનને અનુસરીને શ્રી નીલકંઠવર્ણી મહારાજનાં દર્શન-પ્રાર્થના કર્યાં હતાં.





# કેનેડા દેશનાં ચાર મહાનગરોમાં ચાર નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં ઊજવાયા પ્રાણપ્રતિષ્ઠા ઉત્સવ



પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના પ્રચંડ પુરુષાર્થથી કેનેડા દેશમાં પ્રસરેલો બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સત્સંગ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં વિશેષ પલ્લવિત થઈ રહ્યો છે. સત્સંગની દિન-પ્રતિદિન અભિવૃદ્ધિની ફળશ્રુતિ રૂપે તાજેતરમાં કેનેડા દેશનાં ચાર નગરોમાં નૂતન બી.એ.પી.એસ. મંદિરોના પ્રાણપ્રતિષ્ઠા ઉત્સવ યોજાઈ ગયા.

પરમ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીના હસ્તે યોજાયેલા મૂર્તિસ્થાપન વિધિનો હજારો ભક્તોએ પ્રત્યક્ષ અને જીવંત પ્રસારણ દ્વારા લાભ માણ્યો હતો. એ મૂર્તિસ્થાપન વિધિનો સંક્ષિપ્ત અહેવાલ અહીં પ્રસ્તુત છે.

---

## મહાનગર વેનકુંવર ખાતે પ્રાણપ્રતિષ્ઠાવિધિ

તા. ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ કેનેડાના બ્રિટિશ કોલંબિયા પ્રાંતમાં પશ્ચિમ કાંઠે આવેલા પ્રસિદ્ધ મહાનગર વેનકુંવર ખાતે નૂતન બી.એ.પી.એસ. મંદિરમાં મૂર્તિઓનો સ્થાપનવિધિ યોજાઈ ગયો.

બરફથી ઢંકાયેલા પર્વતો, પ્રશાંત મહાસાગર, વરસાદી જંગલો, સુંદર વનરાજી વેનકુંવરને વિશ્વના સૌથી શ્રેષ્ઠ શહેરમાં સ્થાન અપાવે છે. સન ૧૯૮૮માં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની અહીં પધરામણી થઈ અને તે પૂર્વે સન ૧૯૮૬માં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ પરમ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી અને સંતમંડળ પણ અહીં સત્સંગવિચરણ અર્થે પધાર્યું હતું. તેથી આ શહેરને બી.એ.પી.એસ. સ્વામિનારાયણીય સત્સંગનો સહેજે સંયોગ પ્રાપ્ત થઈ ગયો. ત્યારબાદ સમયાંતરે વરિષ્ઠ સંતો અને

અન્ય સંતોનું અહીં આવાગમન થતું રહ્યું. ટોરન્ટો ખાતેના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરથી પણ સંતો અહીં સમયાંતરે સત્સંગલાભ આપવા પધારતા રહ્યા. તેની ફળશ્રુતિ રૂપે અહીં નૂતન બી.એ.પી.એસ. મંદિર નિર્માણ પામ્યું.

અહીં રચાયેલા બી.એ.પી.એસ. મંદિરમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે તા. ૯-૭-૨૦૨૧ના રોજ પ્રતિષ્ઠિત



કરેલી મૂર્તિઓનો વેદોક્ત સ્થાપનવિધિ પૂજ્ય ઈશ્વર-ચરણદાસ સ્વામીના હસ્તે સંપન્ન થયો હતો.

કોરોના મહામારીને લઈને કેનેડાના અગ્રગણ્ય ભક્તોએ મંદિરમાં ઉપસ્થિત રહીને અને અન્ય ભક્તોએ ઓનલાઈન માધ્યમ દ્વારા મૂર્તિઓનો સ્થાપનવિધિ માણ્યો હતો. પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ સૌને મંદિરનો મહિમા સમજાવી વિશેષ લાભ લેવા અનુરોધ કર્યો હતો.

### મહાનગર એડમન્ટન ખાતે પ્રાણપ્રતિષ્ઠાવિધિ

તા. ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીની ઉપસ્થિતિમાં કેનેડાના વધુ એક નગર એડમન્ટન ખાતે નૂતન બી.એ.પી.એસ. મંદિરનો પ્રાણપ્રતિષ્ઠા ઉત્સવ યોજાયો હતો.

એડમન્ટન નગર કેનેડાના આલ્બર્ટા રાજ્યની રાજધાની છે. શિયાળાની ઋતુમાં આ શહેર 'વિન્ટર વંડરલેન્ડ' બની જાય છે. એવા મહાનગરમાં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજના આશીર્વાદ સાથે નૂતન બી.એ.પી.એસ. મંદિરનું નિર્માણ થયું છે.

તા. ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ આ મંદિરમાં મૂર્તિઓનો સ્થાપનવિધિ યોજાયો હતો. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે તા. ૨૪-૮-૨૦૨૧ના રોજ પ્રતિષ્ઠિત કરેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીના હસ્તે સંપન્ન થયો હતો.

પ્રાણપ્રતિષ્ઠા વિધિ કરીને પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ સૌને સંબોધતાં જણાવ્યું હતું કે એક મંદિર થવાથી અનેક પરિવારોને સાંસ્કૃતિક, આધ્યાત્મિક પ્રેરણાની સાથે સાથે સાચી આજ્ઞા અને ઉપાસનાનું પોષણ થાય છે. આ મંદિરનો સાચો હેતુ ત્યારે જ સરે છે જ્યારે આપણે નિયમિત તેનો લાભ લેતા થઈએ.

### મહાનગર સાસ્કાટૂન ખાતે પ્રાણપ્રતિષ્ઠાવિધિ

તા. ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ કેનેડાના સાસ્કાટૂન ખાતે નવનિર્મિત બી.એ.પી.એસ. મંદિરનો પ્રાણપ્રતિષ્ઠા ઉત્સવ સંપન્ન થયો હતો.

સાસ્કાટૂન એ સસ્કાચેવન કેનેડિયન પ્રાંતનું મહાનગર છે. તે 'કેનેડા સનિએસ્ટ પ્રોવિન્સ' તરીકે પણ પ્રખ્યાત છે. ખૂબ જ જીવંત વાતાવરણ મૈત્રીપૂર્ણ આતિથ્ય અને સાંસ્કૃતિક સમૃદ્ધિ માટે પણ વિખ્યાત છે.

એ મહાનગરમાં નવનિર્મિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના હસ્તે તા. ૯-૭-૨૦૨૧ના રોજ પ્રતિષ્ઠિત





વિનીપેગ ખાતે મંદિરનું વિધિવત્ ઉદ્‌ઘાટન (ડાબે) તથા સાસ્કાટૂન ખાતે મૂર્તિઓનો સ્થાપનવિધિ કરતા ઈશ્વરચરણદાસ સ્વામી

થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીના હસ્તે સંપન્ન થયો હતો. વિશેષ યોગદાન આપનાર ભક્તોએ મંદિરમાં અને અન્ય ભક્તોએ ઓનલાઈન માધ્યમથી આ વેદોક્ત સ્થાપન વિધિના કાર્યક્રમને માણ્યો હતો. અંતમાં, પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ બળપ્રેરક વચનો પાઠવીને તમામની સેવાઓને બિરદાવી હતી. સાથે સાથે સૌને મંદિરનો વિશેષ લાભ લેવા પણ જણાવ્યું હતું.

### મહાનગર વિનીપેગ ખાતે પ્રાણપ્રતિષ્ઠા વિધિ

સન ૨૦૧૬માં નેશનલ જ્યોગ્રાફિક ચેનલ દ્વારા મુલાકાત લેવા માટેનાં ૨૦ સ્થળોમાંના એક સ્થળમાં વિનીપેગનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ શહેર સન ૨૦૧૫માં Women's FIFA World Cupનું પણ યજમાન રહ્યું હતું. વિનીપેગ Cultural Cradle of Canada તરીકે પણ વિખ્યાત છે. એ મહાનગરમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી નિર્માણ પામેલા નૂતન મંદિરમાં તા. ૧૯ સપ્ટેમ્બરના રોજ મૂર્તિઓનો સ્થાપનવિધિ યોજાયો હતો.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે તા. ૯-૭-૨૦૨૧ના રોજ પ્રતિષ્ઠિત કરેલ મૂર્તિઓનો સ્થાપનવિધિ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ કર્યો હતો. આ ઉપક્રમે યોજાયેલ વેદોક્ત વિધિમાં વિશેષ યોગદાન આપનાર ભક્તોએ મંદિરમાં અને અન્ય ભક્તોએ ઘેર બેઠા ઓનલાઈન માધ્યમથી લાભ લીધો હતો. અંતમાં, સૌ ભક્તોની સેવા-ભક્તિને બિરદાવીને પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ મંદિરનો મહિમા વિશેષ સમજાવ્યો હતો.

આમ, ટોરન્ટોમાં ભવ્ય શિખરબદ્ધ મંદિર રચાયાના પગલે પગલે કેનેડામાં સત્સંગવિકાસ દિન પ્રતિદિન અભિવૃદ્ધિ પામી રહ્યો છે. એક સાથે કેનેડાનાં ચાર મહાનગરોમાં નૂતન મંદિરોના પ્રાણપ્રતિષ્ઠા ઉત્સવો યોજાવાથી કેનેડાના બી.એ.પી.એસ. સ્વામિનારાયણીય સત્સંગની રોશની વિશેષ ઝળહળી ઊઠી છે. ◆

કેનેડાના મહાનગર વિનીપેગ ખાતે રચાયેલું નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર.



# ગુરુહરિ પ્રાગટ્યતીર્થ જબલપુર ખાતે ઊજવાયો પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની ચિત્રપ્રતિમાનો સ્થાપન ઉત્સવ

મધ્ય પ્રદેશનું જબલપુર શહેર એટલે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની પ્રાગટ્ય ભૂમિ. મૂળ ચરોતર પ્રદેશના આણંદના વતની અને વ્યવસાય માટે અહીં સ્થાયી થયેલા શ્રી મણિભાઈ નારણભાઈ પટેલ અને ડાહીબાના ખોળે આ શહેરમાં તા. ૧૩-૯-૧૯૩૩ના રોજ વિનુભાઈનો જન્મ થયો હતો.

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના આ પ્રાગટ્ય તીર્થમાં તા ૨૦-૮-૨૦૧૯ના રોજ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનું નિર્માણ થયું હતું. તાજેતરમાં ગુરુહરિના પ્રાગટ્ય કક્ષમાં તેઓશ્રીની ચિત્રપ્રતિમાનું સ્થાપન કરવામાં આવ્યું હતું. આ ઉપક્રમે ૪૬ સંતો અને ૩૦૦ હરિભક્તોની ઉપસ્થિતિમાં પ્રતિમા સ્થાપન ઉત્સવ ભક્તિભાવપૂર્વક યોજાયો હતો.

આ ત્રિ-દિવસીય ઉત્સવના ઉપક્રમે તા. ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૧ના રોજ નર્મદા નદીના કિનારે સત્સંગસભા યોજાઈ, જેમાં સંતો-હરિભક્તોએ કથાવાર્તા અને આરતીનો લાભ પ્રાપ્ત કર્યો હતો. દ્વિતીય દિને સાયંસભામાં શ્રી જયદીપભાઈ સ્વાદિયા અને સંગીતવૃંદે ભક્તિમય કીર્તનો દ્વારા સૌને ભક્તિરસમાં રસબોળ કર્યા હતા.

તા. ૧૩મી સપ્ટેમ્બરના રોજ તારીખ પ્રમાણે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનો ૮૮મો જન્મદિન હતો. પૂજ્ય ભક્તિપ્રિયદાસ સ્વામીના હસ્તે મુંબઈમાં પ્રતિષ્ઠિત થયેલી ગુરુહરિની ચિત્રપ્રતિમાનો સ્થાપનવિધિ આજરોજ અહીં જબલપુર ખાતે સંતોની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. આ ઉત્સવ મુંબઈ, પુના, સાંકરી અને નાગપુરના સંતો-ભક્તોની ઉપસ્થિતિમાં યોજાયો હતો. સ્થાપન વિધિ પૂર્વે વેદોક્ત મહાપૂજા યોજાઈ હતી. આમ, આ ત્રિ-દિવસીય ઉત્સવ સંતો-ભક્તોની હાજરીમાં સંપન્ન થયો હતો. ◆





(અનુસંધાન પૃષ્ઠ ૩૧ પરથી)

સ્વામીશ્રી આકળા થઈને કહે, 'તને ખબર છે એ કોણ છે? એ ક્યારેય આવું ન કરે. બહુ મોટા હરિભક્ત છે.'

ડૉ. હર્ષદ વિચારતા રહ્યા કે આના મેલાં ઘેલાં કપડાં અને દીદાર જોતાં કોઈ રીતે લાગતું નથી કે આ મોટો હરિભક્ત હોય! પણ સ્વામીશ્રીની દૃષ્ટિ કંઈક જુદી હતી. પછી સ્વામીશ્રીએ ડૉ. હર્ષદને કહ્યું, 'એ બહુ મોટા હરિભક્ત છે. તું રોજ એને પગે લાગજે. એની પાસે બેસી એની વાતો સાંભળજે. એને કહેજે કે બાપાએ વાતો કરવાનું કહ્યું છે.'

પછી સ્વામીશ્રીએ પૂછ્યું, 'એની જમવાની શું વ્યવસ્થા કરી છે?'

ડૉ. હર્ષદ કહે, 'મંદિરેથી ટિફિન આવશે.'

સ્વામીશ્રી કહે, 'અહીં આટલી તડામારમાં કદાચ વહેલું મોડું થાય કે રહી જાય...' સ્વામીશ્રીને ખબર હતી કે ડૉ. હર્ષદનું ઘર હૉસ્પિટલની બાજુમાં જ છે. આથી સ્વામીશ્રીએ તેમને આજ્ઞા કરી કે 'છગનભાઈ માટે સવારે નાસ્તો, બપોરે ભોજન, ચાર વાગે ચા-પાણી અને રાત્રે ભોજન તમારા ઘરેથી મોકલી આપવાનું.' એક ગરીબ હરિભક્ત ક્યારે શું જમે છે એ પણ પ્રમુખસ્વામી મહારાજને ખબર હતી. આ જાણી ડૉ. હર્ષદ તો ગદ્‌ગદ થઈ ગયા.

સ્વામીશ્રીની આજ્ઞા અનુસાર તેઓ હૉસ્પિટલ જઈ છગનભાઈને પગે લાગવા ગયા તો તે કહે, 'તમારે મને ન અડાય. તમે બ્રાહ્મણ છો, અમે હરિજન!'

ડૉ. હર્ષદ કહે, 'પ્રમુખસ્વામી મહારાજે મને આજ્ઞા કરી છે કે મારે તમારો ચરણસ્પર્શ કરવાનો છે! વળી, તમારા મુખેથી ઉપદેશ-વાતો સાંભળવાનું પણ મને કહ્યું છે.'

ત્યારબાદ છગનભાઈએ જે ઉચ્ચ આધ્યાત્મિક વાતો કરી તે સાંભળી ડૉ. હર્ષદ દંગ રહી ગયા. તેમને લાગ્યું કે છગનભાઈ પાસે તો હું કંઈ જ નથી!

ખરેખર, ભગવાન અને સંત તો કેવળ ભક્તિ-ભાવને જ જોતા હોય છે. એમના મનમાં અભણ-ભણેલો, ગરીબ-તવંગર, ઊંચ-નીચ વગેરે કોઈ ભેદભાવ નથી હોતા. માટે જ આવા ગરીબ હરિભક્તોની સંભાળ પણ પ્રમુખસ્વામી મહારાજ સ્વયં રાખતા અને બીજા પાસેય રખાવતા.

વળી, કેવી કેવી પરિસ્થિતિમાં સ્વામીશ્રી હરિભક્તોની ચિંતા કરતા તે પણ અચરજ પમાડે તેવી વાત છે. ૧૯૯૯માં તીથલમાં પ્રમુખસ્વામી મહારાજનો જન્મજયંતી મહોત્સવ ભવ્યતાપૂર્વક ઊજવાઈ રહ્યો હતો. જન્મજયંતીની આ વિરાટ સભામાં ૧,૪૦,૦૦૦ જેટલા હરિભક્તો ઉપસ્થિત હતા. સભામાં જ્યારે સંતો-હરિભક્તો સ્વામીશ્રીને હારતોરાથી વધાવતા હતા, તે ક્રમમાં જામનગરમાં સેવા આપતા પૂજ્ય ધર્મનિધિદાસ સ્વામી સ્વામીશ્રીને હાર અર્પણ કરવા માટે પધાર્યા. તેમને જોતાં જ સ્વામીશ્રી જામનગરથી આવેલા એક હરિભક્તના પત્ર વિષયક વિગત પૂછવા લાગ્યા.

વાત એમ હતી કે જામનગરના સંનિષ્ઠ હરિભક્ત ડૉ. સાટોડિયા સાહેબનો અક્ષરવાસ થયેલો. યુવાન વયે પતિનું અવસાન થતાં ઘરની તમામ જવાબદારીઓ તેમનાં પત્ની પર આવી પડી હતી. તેમનાં બાળકો હજુ નાનાં હતાં. વળી, અનેક કૌટુંબિક અને સામાજિક પ્રશ્નો પણ ઊભા થયા હતા. આથી તે મહિલા હરિભક્તે મદદ માટે સ્વામીશ્રીને પત્ર લખેલો. તે પત્ર સંબંધી વિશેષ વિગત સ્વામીશ્રી જન્મજયંતીની સભામાં પૂછતા હતા. સ્વામીશ્રીનો ભવ્ય જન્મમહોત્સવ ઊજવાતો હતો, સામે લાખો લોકો બેઠા હતા, ભવ્ય મંચ પર સંતો-હરિભક્તો તેઓના ગુણગાન ગાઈ રહ્યા હતા, વિવિધ ભવ્ય કલાત્મક હારતોરાથી તેઓનું સન્માન થઈ રહ્યું હતું, એવા સમયે પણ સ્વામીશ્રીના મનમાં તો કેમ કરીને એક દુખિયારા ભક્તનું દુ:ખ દૂર થાય તેના જ વિચારો ચાલતા હતા. ધર્મનિધિદાસ સ્વામી તો વિચાર કરતા રહી ગયા. પાછળ તેમને વધાવવા હારતોરા અર્પણ કરનારાઓ રાહ જોતાં ઊભા હતા, ત્યારે સ્વામીશ્રી એક હરિભક્તની સમસ્યાના નિરાકરણ માટે વિચારમગ્ન હતા. આ તે કેવા વિરલ અને વિરક્ત મહાપુરુષ!

સ્વામીશ્રીના પરોપકારની આ પુનિત ગાથા તો અમૃતના અફાટ મહાસાગરમાંથી ગ્રહણ કરેલા એક બુંદ સમાન છે. લોકોનાં દુ:ખ દૂર કરી, તેનું હિત કરવાની સાથે સાથે એક આધ્યાત્મિક ગુરુ હોવાને નાતે ભક્તોને એમની પાસે પધરામણી, આશીર્વાદ, માર્ગદર્શનની અપેક્ષા હોય તે પણ સ્વાભાવિક છે. હરિભક્તોની આ અપેક્ષાઓ પૂર્ણ કરી તેઓને સંતોષ આપવા તેમણે જે દૈહિક કષ્ટો વેઠ્યાં છે તેની ગાથા પણ કાળજું કંપાવી દે તેવી છે.

દેવગઢબારિયાના ચાર વર્ષના બાળક શંભુનો સંકલ્પ પૂરો કરવા રાત્રે તેને ત્યાં પધરામણી કરવાની હોય કે હીરા ભરવાડ જેવા દેહાતી ભક્તની મરણોત્તર ક્રિયા પ્રસંગે નાતીઓને ૨૮૦ કિલો લાડુ જમાડવાના હોય, ભર-બપોરે અઢી વાગે ભોજનનું ભાણું હડસેલી પધરામણીએ જવાનું હોય કે એક ખેડૂતના કૂવાનું ખાત કરવા કિલોમીટરોની સફર ખેડી કલાકો સુધી બેસી રહેવાનું હોય, સુણાવના એક બાળકે મંગાવેલા ફોટા મોકલી તેને રાજી કરવાનો હોય કે પછી મુંબઈના નિ:સહાય ગરીબની દીકરીને પરણાવવાની હોય, સ્વામીશ્રીની કરુણાગંગાએ ક્યારેય કોઈને નિરાશ

નથી કર્યા. હરિભક્તોને સંતોષ આપવા તેઓએ કાપડની દુકાનમાં કાપડ પણ માપ્યું, કરિયાણાની દુકાનમાં ઘી પણ તોળ્યું અને ગાય-ભેંસ કે અનાજની કોઠી પર હાથ પણ મૂક્યો. રાત-દિવસ, ટાઢ-તડકો કે શરીરની અનુકૂળતા જોયા વગર તેઓ ૧૭,૦૦૦ ગામડાંઓમાં ઘૂમી વળ્યા, ૨,૫૦,૦૦૦ ઘરોમાં પધરામણી કરી અને ૭,૫૦,૦૦૦થી વધુ પત્રોના ઉત્તરો પાઠવી લોકોના પ્રશ્નો સાંભળ્યા અને તેમને માર્ગદર્શન આપ્યું.

અસંખ્ય લોકોનો હાથ ઝાલીને તેમને ઉગારનાર સ્વામીશ્રીની સાથે ૪૨ વર્ષ સુધી વિચરણ કરનાર વિવેકસાગરદાસ સ્વામી એક વાક્યમાં સ્વામીશ્રીનો પરિચય આપતાં એક વખત બોલેલા, 'દેહની લેશ પણ પરવા કર્યા વગર, દિવસ-રાત, ટાઢ-તડકો જોયા વગર, ગરીબ-તવંગર, નાનો-મોટો, પોતાનો-પારકો એવા કોઈ પણ ભેદભાવ વગર જન જનનું હિત કરવા માટે નિરંતર વહેતી કરુણાગંગા એટલે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ!'

આ પરમ હિતકારી વિશ્વવંદનીય સંતવિભૂતિ માટે એ અસંખ્ય લોકો ભીની આંખે આજેય ગાય છેઃ

'આજ મારો ઝાલ્યો સ્વામીએ હાથ...'

◆

**અભિનંદન** — **બી.એ.પી.એસ. પરિવારનું ગૌરવ વધારનારા તેજસ્વી હરિભક્તને અભિવંદન...**

## લંડનના બી.એ.પી.એસ. યુવક મંડળના યુવા કાર્યકર દેવ પટેલને મળ્યો - બ્રેન્ટ યુથ લીડર એવૉર્ડ



બી.એ.પી.એસ. મંદિર, લંડનના યુવક મંડળના સભ્ય શ્રી દેવ પટેલને તાજેતરમાં તા. ૧૭ ઑગસ્ટ, ૨૦૨૧ના રોજ લંડનનો પ્રખ્યાત 'પ્રાઈડ ઑફ બ્રેન્ટ યુથ ઍવૉર્ડ'થી સન્માનવામાં આવ્યા છે. આ વર્ષે જેમણે સમાજની સેવામાં વિશેષ યોગદાન આપ્યું હોય તેવા વ્યક્તિને આ ઍવૉર્ડ આપવામાં આવ્યો હતો. તેમાં શ્રી દેવ પટેલે કોરોના મહામારી દરમ્યાન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, લંડન હેઠળ સેવાકાર્ય કરીને સેંકડો જરૂરિયાતમંદ લોકોની સેવા કરી હતી. કોરોનાકાળ દરમ્યાન બી.એ.પી.એસ. મંદિર, લંડન દ્વારા ચાલતી સેવાપ્રવૃત્તિ 'કનેક્ટ એન્ડ કેર' પ્રોગ્રામ હેઠળ અનેક વૃદ્ધો અને જરૂરિયાતમંદોને ટિફિન વગેરે પહોંચાડવાની સેવા કરી હતી. તેની આ સેવાઓ બદલ 'યંગ લીડર ઍવૉર્ડ' વેમ્બલીના સિવિક સેન્ટર ખાતે શ્રી લીયા કોલાસીકો દ્વારા આ ઍવૉર્ડ આપવામાં આવ્યો હતો. આમ, સેવાના પ્રદાન બદલ ઍવૉર્ડ મેળવીને શ્રી દેવ પટેલે બી.એ.પી.એસ. સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. તેઓને હાર્દિક અભિનંદન.

**અક્ષરવાસ** — **બી.એ.પી.એસ. પરિવારના અક્ષરનિવાસી હરિભક્તોને હાર્દિક શ્રદ્ધાંજલિ...**

### ભક્તરાજ શ્રી જશભાઈ શનાભાઈ પટેલ, વાસદ, ઉં.વ. ૯૩, અક્ષરવાસ તા. ૩૧-૭-૨૦૨૧



ચરોતર પ્રદેશના વાસદ સત્સંગમંડળના પાયાના હરિભક્ત શ્રી જશભાઈ પટેલે સમગ્ર જીવન દરમ્યાન સત્સંગમાં અનેકવિધ સેવાઓ કરીને ગુણાતીત ગુરુવર્યોની અપાર પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. પ્રમુખસ્વામી મહારાજે વાસદમાં સન ૧૯૭૩માં એકાદશીના નિર્જળ ઉપવાસ અને ૧૦૨° ડિગ્રી તાવ વચ્ચે ૧૨૨ ઘરમાં પધરામણી કરી એ દિવસે તેઓ સાથે હતા. સ્વામીશ્રી વાસદમાં દાળના ખરડા માટે મિલોમાં પધારતા ત્યારે જશભાઈ પણ સાથે ફરતા અને લખણી થયેલી દાળને એકત્રિત કરીને મહોત્સવ તથા મંદિરમાં પહોંચાડવાની સેવા ખંતપૂર્વક કરતા. જશભાઈએ પોતાના પૌત્ર(સાધુ વિવેકશીલદાસ)ને સાધુ થવા માટે પ્રેરણા આપી હતી. વર્ષો સુધી તેઓનું નિવાસસ્થાન એક સત્સંગકેન્દ્ર બની રહ્યું હતું. વાસદ બી.એ.પી.એસ. મંદિરમાં પણ તન, મન, ધનથી નોંધપાત્ર સેવા કરી હતી. તેમના અક્ષરવાસથી વાસદ સત્સંગમંડળને એક પીઢ હરિભક્તની ખોટ પડી છે. તેમને ભાવભીની શ્રદ્ધાંજલિ.

### ભક્તરાજ શ્રી સુધાકરભાઈ છોટાભાઈ પટેલ, અમદાવાદ, ઉં.વ. ૮૩, અક્ષરવાસ તા. ૨૦-૮-૨૦૨૧



અમદાવાદના ભક્તરાજ શ્રી સુધાકરભાઈને પિતા છોટાભાઈ તરફથી વારસામાં સ્વામિનારાયણ સંપ્રદાયની પરંપરા મળી હતી. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના યોગમાં આવીને સુધાકરભાઈ અને તેમના બંધુઓએ તેમના નારાયણ લીથો પ્રેસના માધ્યમથી, ૧૯૭૦ના દાયકામાં નોંધપાત્ર સેવાઓ કરીને સ્વામીશ્રીની ખૂબ પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. સન ૧૯૮૩માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે સ્વામિનારાયણ અક્ષરપીઠનો આરંભ કર્યો ત્યારે તેના એક ટ્રસ્ટી તરીકે નિયુક્ત કરીને સ્વામીશ્રીએ તેમને વિશેષ સેવા સોંપી હતી. તેઓના અક્ષરવાસથી એક પીઢ ભક્તની ખોટ પડી છે. તેમને હાર્દિક શ્રદ્ધાંજલિ.



# ઉત્તાનપાદાસન

**યોગ, વ્યક્તિને ભગવાનમાં જોડવાની એક પ્રક્રિયા છે. જેનું એક મહત્ત્વનું પગથિયું છે - આસન, જે શરીરને સ્થિરતા આપે, મનને શાંતિ આપે, સ્વાસ્થ્યની વૃદ્ધિ અને તન-મનની સ્ફૂર્તિ આપે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ પણ નિયમિત યોગ-પ્રાણાયામ કરીને પ્રેરણા આપતા. સાધુ અક્ષરજીવનદાસ દ્વારા લિખિત 'યોગ દ્વારા આરોગ્ય' પુસ્તકના આધારે 'પ્રકાશ'માં માણીએ યોગની કેટલીક રજૂઆતો.**

**પ્રભાવ :**

● પ્રત્યેક યોગાસનનો નિયમિત અને યોગ્ય રીતે કરાયેલો અભ્યાસ શરીર અને મનને નિશ્ચિત સ્વસ્થતા બક્ષે છે. આમ છતાં કેટલાંક આસનો આપણા આરોગ્ય માટે વિશેષ લાભદાયક છે. એમાંનું એક આસન આ ઉત્તાનપાદાસન છે. શબ્દોનો સાદો અર્થ છે - પગને ઊંચા કરીને કરવાનું આસન. આ આસનથી થાપા, કમર, પેટ અને પગના બધા જ અવયવોને સરસ માલિશ થાય છે.

● આ આસનથી કમરના સ્નાયુઓ મજબૂત થાય છે. મલોત્સર્ગ ક્રિયા સારી થાય છે. કમર, છાતી, કરોડના રોગો મટે છે.

● ગર્દન, પીઠ અને પેટ દોષમુક્ત થાય છે. યકૃત, બરોળ અને ફેફસાંને બળવાન અને નિર્વિકાર બનાવે છે.

● આમ, ઉત્તાનપાદાસનથી પીઠ, છાતી, કરોડ અને કમરના બધા જ રોગો દૂર થાય છે.

**પ્રયોગ :**

● ચત્તા સૂઈ જાઓ.

● શ્વાસ ફેફસાંમાં ભરો.

● શરીરના બધા જ સ્નાયુને ઢીલા કરી દો.

● શ્વાસ કાઢો.

● ફરી પૂરક કરીને રેચક કરતાં કરતાં ધીરે ધીરે બંને પગનાં પંજા-આંગળીઓને બન્ને હાથ વડે પકડીને ઉપરની તરફ વધારે તાણો, ઉપર ઉઠાવો.

● જેટલો સમય પગને હવામાં રાખી શકો તેટલા રાખીને પછી ફરીથી ધીરે ધીરે જમીન ઉપર લાવો.

● શ્વાસને ધીરે ધીરે ફેફસાંમાં ભરીને છોડી દો.

● પહેલી વખત ત્રીસ ડિગ્રી સુધી, બીજી વખત પિસ્તાલીસ ડિગ્રી સુધી અને ત્રીજી વાર સાઠ ડિગ્રી સુધી પગ ઉઠાવો. ત્યારબાદ ધીરે ધીરે મૂળ સ્થિતિમાં આવો.










**ગુજરાતના નવનિયુક્ત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ગાંધીનગર ખાતે અક્ષરધામની દર્શન-મુલાકાતે...**

ગુજરાતના નવનિયુક્ત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તા. ૧૮-૯-૨૦૨૧ના રોજ ગાંધીનગર ખાતે સ્વામિનારાયણ અક્ષરધામની દર્શન-મુલાકાતે પધાર્યા હતા. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા વતી આનંદસ્વરૂપદાસ સ્વામી, વિશ્વવિહારીદાસ સ્વામી અને સંતોએ તેઓનું પુષ્પહારથી સ્વાગત કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ અક્ષરધામ મહામંદિરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા ગુણાતીત ગુરુવર્યોનાં દર્શન કરીને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. ત્યારબાદ શ્રી નીલકંઠવર્ણી મહારાજનો અભિષેક કરીને તેઓએ ગુજરાતના નાગરિકોની સમૃદ્ધિ અને સુખાકારી માટે પ્રાર્થના કરી હતી. સંતોએ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ વતી મુખ્યમંત્રીશ્રીને શુભેચ્છા સંદેશ પાઠવીને તેઓ દ્વારા લોકસેવાનાં ઉત્તમ યશસ્વી કાર્યો થાય તે માટે શુભકામનાઓ પાઠવી હતી.

Swaminarayan Prakash Gujarati, October-2021, Published on 1-10-2021. Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Regd No. GAMC-274/2021-2023, Valid upto 31-12-2023, RNI 33506/79. Licenced to post without prepayment No. PMG/NG/009/2021-2023, Valid upto 31-12-2023.



પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજને ૮૮મા જન્મજયંતી પર્વે કોટિ કોટિ વંદન...



Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas